દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 80 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 April 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૬ એપ્રિલ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે સમજૂતી ન થઈ તો ઈરાનમાં મહાવિનાશઃ ટ્રમ્પ

## અમેરિકી પ્રમુખને આજે યુદ્ધવિરામની ડીલ થવાની આશાઃ બાકી આજે તમામ પુલ અને આવતી કાલે તમામ વીજ પ્લાન્ટ ઉડાવી દેવાની ટ્રમ્પની ધમકીઃ કુવૈત, બાહરીન, યુએઇ પર અવિરત હુમલા






**કાટમાળઃ** મધ્ય ઈરાનમાં તોડી પડાયેલા અમેરિકાના વિમાનના કાટમાળનો ઈરાનના રિવૉલ્યુશનરી ગાર્ડ કૉર્પ્સની વૅબસાઈટ પર મુકાયેલો ફોટો. અગાઉ, અમેરિકાના તોડી પડાયેલા વિમાનના વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરને શોધવા આવેલા વિમાનને પણ તોડી પડાયું હોવાનો ઈરાને દાવો કર્યો હતો.

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સામુદ્રધુની બધા જહાજોની સામાન્ય અવરજવર માટે ખોલવા આપેલી છ એપ્રિલની મહેતલના આગલા દિવસે ઇરાનમાં બે દિવસ (સોમવાર અને મંગળવારે) મોટા પાયે વિનાશ વેરવાની ધમકી આપતા જણાવ્યું હતું કે અમે સોમવારે ઇરાનમાંના પુલને ઉડાડીશું એટલે સોમવાર 'બ્રિજ ડે' રહેશે અને મંગળવારે વીજ મથકો પર હુમલા કરીશું એટલે મંગળવાર 'પાવર પ્લાન્ટ ડે' રહેશે. જોકે તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે સોમવારે (આજે) ઇરાન સાથે શસ્ત્રવિરામની સમજૂતી થઈ શકે એમ છે. અલબત્ત તેમની હતાશા ફરી છલકી હતી જ્યારે તેમણે અપશબ્દોનો ઉપયોગ કરીને ઇરાનને હોર્મુઝની ખાડી ખોલવાની ધમકી આપી હતી. દરમિયાન, ઇરાને કુવૈત, બાહરીન, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)માંના વીજ મથકો, પેટ્રોકૅમિકલ્સ પ્લાન્ટ અને દરિયાનું પાણી પીવાલાયક બનાવતા પ્લાન્ટ પર હુમલા ચાલુ રાખ્યા હતા અને તેને લીધે ઘણી જગ્યાએ આગ લાગી હતી તેમ જ પ્લાન્ટનું કામકાજ બંધ કરી દેવું પડ્યું હતું.

ઇરાનના ડ્રોન્સે રવિવારે કુવૈતના વીજ મથકો, પેટ્રોકૅમિકલ પ્લાન્ટ અને દરિયાનું પાણી પીવાલાયક બનાવવાના પ્લાન્ટને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

બાહરીનમાં રાષ્ટ્રીય કંપનીની તેલનો સંગ્રહ કરવાની ટાંકીઓ અને પેટ્રોકૅમિકલ પ્લાન્ટ પર હુમલા કરાયા હતા.

યુએઇમાં બોરોગ પેટ્રોકૅમિકલ્સ પ્લાન્ટ પર અનેક હુમલા થયા હતા. સઉદી અરેબિયાની સરહદ પાસે યુએઇના રુવૈસમાં પ્લાન્ટ પર ડ્રોન્સ અને મિસાઇલ્સનો કાટમાળ પડતા ઉત્પાદન બંધ કરી દેવાની ફરજ પડી હતી.

બાહરીન, યુએઇ અને અન્ય આરબ દેશો તેલ અને ગૅસનો ઉપયોગ પ્લાસ્ટિક્સ, પૉલિમર્સ અને ખાતરના ઉત્પાદનમાં કરે છે અને તેઓની નિકાસ કરીને જંગી કમાણી કરે છે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે ઇરાનમાં સોમવારે 'બ્રિજ ડે' અને મંગળવારે 'પાવર પ્લાન્ટ ડે' રહેશે. તમને નરક દેખાડીશું. અલ્લાહને યાદ કરી લો. (એજન્સી) ■

# હૉલિવૂડ જેવી ફિલ્મી સ્ટાઇલમાં ઈરાનમાંથી અમેરિકા પોતાના કર્નલને બચાવી લાવ્યું

## અમેરિકાએ ઑફિસરને બચાવવા બે વિમાન, બે હેલિકૉપ્ટર ગુમાવ્યા

વૉશિંગ્ટનઃ અમેરિકાનું બે બેઠકવાળું એફ-૧૫ઇ સ્ટ્રાઇક ઇગલ યુદ્ધ વિમાન ઇરાને શુક્રવારે તોડી પાડ્યું, તેના બે દિવસ પછી તેમાંના વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરને બચાવવામાં સફળતા મળી હતી. વિમાનના પાઇલટ અને વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરને બચાવવાની સંપૂર્ણ કામગીરી હૉલિવૂડની ફિલ્મ જેવી દિલધડક હતી અને અમેરિકાના લશ્કરના સ્પેશલ ફૉર્સીસ (ખાસ દળો)ના ઇતિહાસમાં કદાચ સૌથી અનોખું તેમ જ કપરું કામ હતું. કર્નલની કક્ષાનો આ ઑફિસર ગંભીરપણે જખમી હોવાનું મોડી સાંજે જણાવાયું હતું. દરમિયાન, અમેરિકાએ ઇરાન દ્વારા શુક્રવારે તોડી પડાયેલા એફ-૧૫ઇ સ્ટ્રાઇક ઇગલ વિમાનમાંના વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસર (કર્નલ)ને દુશ્મન દેશમાંથી બચાવવાની કામગીરી વખતે બે વિમાન અને બે હેલિકૉપ્ટર ગુમાવ્યા હતા.

અમેરિકા દાવો કરે છે કે અમે જ કર્નલને બચાવવાની કામગીરી વખતે ટ્રાન્સપોર્ટ માટેના અમારા બે વિમાન ઉડાડી દીધા હતા, જ્યારે બીજી બાજુ, તહેરાન પોતાના દ્વારા અમેરિકાના બે વિમાન અને બે હેલિકૉપ્ટર તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો કરે છે.

અમેરિકા દ્વારા કર્નલને બચાવવાની કામગીરી બાદ પોતાના દ્વારા જ બે 'એમસી-૧૩૦જે' વિમાન ઉડાડી દેવાયા હોવાનો દાવો કરાય છે, પરંતુ તેનું કારણ સ્પષ્ટ નથી કર્યું. બીજી બાજુ, ઇરાન દાવો કરે છે કે અમે દક્ષિણ ઇસ્ફાહન પ્રાંતમાં અમેરિકાના ટ્રાન્સપોર્ટ માટેના બે 'એમસી-૧૩૦જે' વિમાન અને બે બ્લૅક હૉક હેલિકૉપ્ટર તોડી પાડ્યા હતા.

અમેરિકાનું યુએસ એ-૧૦ જૅટ પણ તૂટી ગયું હોવાના અહેવાલ છે, પરંતુ તેને તાત્કાલિક સમર્થન નહોતું મળ્યું.

અમેરિકાનું વિમાન ઇરાને તોડી પાડ્યું, તે પછી તેમાંનો પાઇલટ અને વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસર જીવ બચાવવા વિમાનમાંથી કૂદી ગયા હતા અને દુશ્મન દેશમાં ફસાઇ

(જુઓ પાનું ૨) ▸▸

# યુદ્ધને લીધે લાખો લોકો ભૂખમરા અને બીમારીનો ભોગ બનશે

## અનેક દેશમાં ખાદ્યસામગ્રી, દવા, ખાતરની અછત

તેલ અવીવઃ મધ્ય પૂર્વના દેશોમાં ચાલતી લડાઇને લીધે વિશ્વભરના લાખો લોકો ખાદ્યસામગ્રી, દવા અને ખાતરની અછતનો સામનો કરી રહ્યા છે.

હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર જોખમી હોવાથી કેટલાંક માલવાહક જહાજો લાંબો દરિયાઇમાર્ગ અપનાવી રહ્યા છે અથવા અમુક જગ્યાએ ડિલિવરી માટેની રસી, દવા, ખાદ્યસામગ્રી અને ખાતર જરૂરિયાતમંદો સુધી પહોંચી નથી શકતા.

વર્લ્ડ ફૂડ પ્રૉગ્રામે દાવો કર્યો હતો કે લાખો ટન ખાદ્યસામગ્રી ગરીબ અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડ્યા વિના પડી રહી છે અને બગડી રહી છે.

ઇન્ટરનેશનલ રૅસ્ક્યુ કમિટીએ જણાવ્યું હતું કે યુદ્ધગ્રસ્ત સુદાન ખાતે ૧,૩૦,૦૦૦ ડૉલરના મૂલ્યની દવા પહોંચાડવાની છે, પરંતુ તે દુબઈ ખાતે અટવાયેલી છે.

આ ઉપરાંત, સોમાલિયામાંના

(જુઓ પાનું ૨) ▸▸

# રાજકોટના સોનાના વેપારીઓ બિહારમાં લૂંટાયા, ૧૭ કિલો સોનું ગુમાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બિહારની રાજધાની પટણાના દાનાપુરમાં બે બદમાશે કસ્ટમ અધિકારી બની રાજકોટના વેપારીના સ્ટાફને લૂંટી લીધો હતો. આ ફિલ્મી ઢબે થયેલી લૂંટમાં વેપારીએ ૧૭ કિલો સોનું ગુમાવ્યાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. મળતી માહિતી અનુસાર દાનાપુરમાં ખગૌલ પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં કસ્ટમ અધિકારી બનીને આવેલા આ બે શખ્સે વેપારીનું ૧૭ કિલો સોનું લૂંટી લીધું હતું, જેની બજાર કિંમત પચીસ કરોડ રૂપિયા આંકવામાં આવે છે.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટના બે વેપારીના સ્ટાફના સભ્યો અમદાવાદથી સહરસા એક્સપ્રેસ ટ્રેન દ્વારા દાનાપુર પહોંચ્યા હતા. અહીંથી તેમણે બાકરગંજ ખાતે એક જ્વેલરી શોપમાં જવાનું હતું. રિક્ષા પકડી તેઓ જઈ રહ્યા હતા ત્યારે ઓવરબ્રિજ પાસે એક વાહન અને બે બાઈકસવારોએ તેમને આંતર્યા હતા.

આ સાત આરોપીએ કસ્ટમ્સનો યુનિફોર્મ પહેરી તેમની પાસેથી સોનું ભરેલી બેગ લઈ લીધી હતી અને પછીથી ફરાર થઈ ગયા હતા. વેપારીને જાણ કરવામાં આવ્યા બાદ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જોકે પોલીસે હજુ ઔપચારિક રીતે ગુનો દાખલ ન કર્યાનું જાણવા મળ્યું છે. પહેલા તેઓ આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરી રહ્યા છે અને તપાસ કરી રહ્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાતીઓને અભણ કહ્યા કૉંગ્રેસના અધ્યક્ષ ખડગેએ

## આને કારણે થયો છે મસમોટો વિવાદ

ઇડુક્કીઃ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે અહીં તેમની વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન એક વિવાદાસ્પદ નિવેદન આપતા ગુજરાતના લોકોને ''અભણ'' ગણાવ્યા હતા અને દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેઓને ''મૂરખ'' બનાવવામાં આવી રહ્યા છે. આને કારણે મોટો વિવાદ થયો છે.

ખડગેએ કહ્યું હતું કે મોદી કે કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયન કેરળના લોકોને મૂરખ બનાવી શકતા નથી, તેમણે કેરળના લોકોને ''ખૂબ જ હોંશિયાર અને શિક્ષિત'' ગણાવ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, કેરળના લોકોને ગેરમાર્ગે દોરશો નહીં. તેઓ ખૂબ જ હોંશિયાર અને શિક્ષિત છે. મોદીજી, વિજયન, તમે બંને ગુજરાત કે અન્ય સ્થળોએ જે લોકો અશિક્ષિત છે તેમને મૂરખ બનાવી શકો છો, પરંતુ તમે કેરળના લોકોને મૂરખ બનાવી શકતા નથી.

તેમણે એવો આક્ષેપ કરતા આ ટિપ્પણી કરી હતી કે મોદી અને વિજયન બંને એક જ રસ્તા પર ચાલી રહ્યા છે અને તેઓ જે

(જુઓ પાનું ૨) ▸▸

# પશ્ચિમ બંગાળમાં 'મહાજંગલરાજ': મોદી

કોલકત્તાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં એક વિશાળ ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે કૂચ બેહારમાં મોટી સંખ્યામાં આવેલા લોકો નવા બંગાળ અને ભાજપ સરકારમાં લોકોની અતૂટ શ્રદ્ધાનું પ્રતિક છે. વડા પ્રધાને ટીએમસી પર આકરા પ્રહારો કર્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે માલદાની ઘટનાને લઈને ટીએમસીની ટીકા કરી હતી. આ ઘટનામાં ન્યાયાધીશને ટોળા દ્વારા કલાકો સુધી ઘેરી લેવામાં આવ્યા હતા. મોદીએ તેને શાસક પક્ષના ''મહા જંગલરાજ''નું ઉદાહરણ ગણાવ્યું અને આરોપ લગાવ્યો કે રાજ્યનો શાસક પક્ષ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની ''અંતિમ યાત્રા'' કાઢવા માટે તૈયાર છે.

ગયા મહિને ચૂંટણીની જાહેરાત પછી કૂચ બેહાર જિલ્લામાં તેમની પ્રથમ ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું કે આખા દેશે જોયું છે કે માલદામાં ન્યાયિક અધિકારીઓને કેવી રીતે બંધક બનાવવામાં આવ્યા હતા, અને પૂછ્યું કે આખરે કેવા પ્રકારની સરકાર ન્યાયાધીશો અને બંધારણીય પ્રક્રિયાઓની સલામતી સુનિશ્ચિત કરી શકતી નથી. આપણે આવી સરકાર પાસે બંગાળના લોકોને સુરક્ષિત રાખવાની અપેક્ષા રાખી શકીએ નહીં. જ્યારે ન્યાયિક અધિકારીઓ પણ સુરક્ષિત નથી તો તમે કેવી રીતે અપેક્ષા રાખી શકો કે ટીએમસી શાસનમાં સામાન્ય લોકો સુરક્ષિત રહેશે? માલદામાં જે બન્યું તે ટીએમસીના મહા જંગલરાજનું ઉદાહરણ છે. ■




# છૂટાછેડા પછી ઘરે પરત ફરેલી દીકરીનું બૅન્ડ-બાજાથી સ્વાગત

મેરઠઃ ઉત્તર પ્રદેશના મેરઠમાં એક નિવૃત ન્યાયાધીશે પતિથી છૂટાછેડા લીધા બાદ તેમની પુત્રીનું ઢોલ-નગારા અને ફૂલહારથી સ્વાગત કરી એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

શનિવારે ફેમિલી કોર્ટમાંથી છૂટાછેડા મળ્યા બાદ નિવૃત ન્યાયાધીશ જ્ઞાનેન્દ્ર કુમાર શર્માએ તેમની એકમાત્ર પુત્રી પ્રણિતા વશિષ્ઠનું ઢોલ, ફૂલહાર અને મીઠાઇઓ સાથે ઘરે સ્વાગત કર્યું હતું. આ રીતે સમાજમાં છૂટાછેડા સાથે જોડાયેલા કલંક સામે મજબૂત સંદેશ આપ્યો હતો.

પ્રણિતાના વકીલો રાજીવ ગિરી અને નસીબ સૈફીના જણાવ્યા અનુસાર પ્રણિતાએ ૧૯ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ શાહજહાંપુરના એક આર્મી મેજર સાથે લગ્ન કર્યા હતા. પરંતુ લગ્નના થોડા સમય પછી સમસ્યાઓ ઊભી થવા લાગી હતી. તેણીએ તેના સાસરિયાઓ પર સતત માનસિક, શારીરિક અને

(જુઓ પાનું ૨) ▸▸

# ઈઝરાયલની ફ્લાઈટ ૩૧ મે સુધી રદ કરી ઍર ઈન્ડિયાએ

જેરુસલેમઃ ઈઝરાયલ-અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આકાર લઈ રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઍર ઈન્ડિયાએ ૩૧ મે સુધી ઈઝરાયલ જતી ફ્લાઈટ રદ કરી હોવાનાં અહેવાલ છે.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં ઍર ઈન્ડિયાના અધિકારીએ આ અહેવાલને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે દિલ્હીથી તેલ અવીવ રૂટ પર જતી ફ્લાઈટ રદ કરવામાં આવી છે.

મોટાભાગની ઍરલાઈન્સે આ રૂટ પરની વિમાનસેવા ૩૧ મે સુધી રદ કરી છે. માત્ર ઈઝરાયલની ઈઝરાઍર, આર્કિયા અને ઍર હાઈફા જેવી

(જુઓ પાનું ૨) ▸▸

# રાઘવ ચઢ્ઢાએ મોદી-ભાજપ વિરોધી પોસ્ટ હટાવી દીધી

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીના દિલ્હી એકમના પ્રમુખ સૌરભ ભારદ્વાજે રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા પર ગંભીર આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો છે કે ચઢ્ઢાએ સોશ્યલ મીડિયા સાઇટ ''એક્સ'' પરથી તેમની બધી જૂની પોસ્ટ ડિલીટ કરી દીધી છે જેમાં તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીની ટીકા કરી હતી. સૌરભ ભારદ્વાજે એવો પણ દાવો કર્યો હતો કે 'આપ'ના રાજ્યસભાના સભ્યની પોસ્ટ પણ

(જુઓ પાનું ૨) ▸▸

# મતદારોના ઓળખપત્રની ચકાસણી બીએસએફ કરશે

નવી દિલ્હીઃ દેશના પાંચ રાજ્યોમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજવા માટે ચૂંટણી પંચે કમર કસી છે. જેના પગલે વિધાનસભા ચૂંટણીઓમાં બીએસએફના કર્મચારીઓ મતદારોના ઓળખપત્રોની ચકાસણી કરશે તેમજ સીસીટીવી કેમેરાનું નિયંત્રણ પણ તેમની પાસે રહેશે. જોકે, બીએસએફ ડિરેક્ટોરેટ જનરલના આ નિર્દેશનો વિરોધ શરૂ થઈ ગયો છે.

આ અંગે મળતી માહિતી મુજબ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન મતદાન મથકો પર મતદારોના ઓળખપત્રોની ચકાસણી બોર્ડર સિક્યુરિટી ફોર્સ

(જુઓ પાનું ૨) ▸▸

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ હોર્મુઝની ખાડી કેમ ખોલાવી શકતા નથી?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખોલવા માટે ઈરાનને ફરી અલ્ટિમેટમ અને સાથે સાથે લુખ્ખી દાટી પણ આપી દીધી. ટ્રમ્પે ઈરાનને ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપતાં ધમકી આપી છે કે, ઈરાન નહીં માને તો તબાહ કરી દઈશું. ઈરાન સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ના ખોલે તો તેના ઊર્જા મથકોને નિશાન બનાવવાની ધમકી પણ ટ્રમ્પે આપી છે. ઈરાન આ અલ્ટિમેટમને માને એવી શક્યતા ઓછી છે કેમ કે ઈરાને ટ્રમ્પના અલ્ટિમેટમને બકવાસ ગણાવ્યું છે. ઈરાને વળતી ધમકી પણ આપી છે કે, અમેરિકાનું લશ્કર ઈરાનમાં પગ પણ મૂકશે તો તેના માટે નરકના દરવાજા ખોલી દેવાશે.

ઈરાનનો આ મિજાજ નવો નથી કેમ કે ઈરાન પહેલાં પણ ટ્રમ્પનાં ત્રણ અલ્ટિમેટમને ઘોળીને પી ગયું છે. ટ્રમ્પે પહેલાં ઈરાનને પાંચ દિવસની મુદત આપી હતી, પણ ઈરાન એ મુદતને ઘોળીને પી જતાં ટ્રમ્પે વધુ ૫ દિવસ લંબાવ્યા હતા. ઈરાને આ અલ્ટિમેટમને પણ ના ગણકારતાં ટ્રમ્પે હવે માત્ર ૪૮ કલાકની મહેતલ આપી છે, પણ ઈરાન હુમલા નથી રોકી રહ્યું એ જોતાં એ અલ્ટિમેટમને માનવાના મૂડમાં નથી એ સ્પષ્ટ છે. ઈરાને અમેરિકાનાં બે ફાઈટર જેટ પણ ઉડાવી દીધાં છે એ જોતાં ઈરાન નમતું નહીં જ જોખે એવું લાગે છે.

ટ્રમ્પ લુખ્ખી દાટીઓ આપે છે છતાં હોર્મુઝ સ્ટ્રેઈટ એટલે કે હોર્મુઝની સામુદ્રધુની કેમ ખોલાવી શકતા નથી કેમ કે ઈરાને સમુદ્રમાં વોટર માઈન્સ એટલે કે જળ સુરંગો બિછાવી દીધી છે. ટ્રમ્પે પહેલાં ફિશિયારી મારેલી કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં કોઈ વોટર માઈન્સ નથી, પણ અમેરિકન ગુપ્તચર તંત્રે ઈરાને વોટર માઈન્સ બિછાવી હોવાની માહિતી આપી પછી ટ્રમ્પ ટાઢાબોળ થઈ ગયા છે.

અમેરિકાનું નેવી કંઈ પણ કરે તો ઈરાન આ વોટર માઈન્સથી ફસાયેલાં ક્રૂડનાં જહાજોને ઉડાવવા માંડે ને રીતસર સમુદ્ર ભડકે બળકે બળે તેથી ટ્રમ્પ કશું કરી શકતા નથી. અમેરિકન ગુપ્તચર તંત્રની માહિતી પ્રમાણે, હોર્મુઝ સામુદ્રધુનીમાં મહમ ૩ અને મહમ ૭ એમ બે પ્રકારની ઈરાની સુરંગો બિછાવવામાં આવી છે, પણ બીજી જળ સુરંગો પણ હોઈ શકે છે. અમેરિકન ગુપ્તચર તંત્ર હોર્મુઝ સ્ટ્રેઈટ સુધી જઈ શકતું નથી પણ સેટેલાઈટ તસવીરો અને બીજો સોર્સને આધારે આ માહિતી મેળવી છે.

મહમ ૩ મોટાં જહાજોના ફુરચેફુરચા ઉડાવી શકે છે જ્યારે મહમ ૭ નાનાં અને મધ્યમ કક્ષાનાં જહાજોને ફૂંકી મારી શકે છે. ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીના છીછરા પાણીમાં સેંકડો મહમ ૭ માઈન્સ મૂકી હોવાનું મનાય છે. મહમ ૭ માઈન્સને ૩૦૦ ફૂટ જેટલે ઊંડે સમુદ્રમાં તળિયે બેસાડી શકાય છે પણ મહમ ૩ તો બિછાવવાની જરૂર પણ નથી.

ઈરાનનાં હેલિકોપ્ટર્સ કે નેવીની બોટ હોર્મુઝ સ્ટ્રેઈટના પાણીમાં જળ સુરંગો ફેંકીને આવી જાય એટલે કામ પતી ગયું. ઈરાને પોતે વિકસાવેલી આ વોટર માઈન્સ પાણીમાં તરતી રહે છે પણ તેમાં એકોસ્ટિક સેન્સર લગાવેલાં હોવાથી પસાર થતાં જહાજને શોધીને તેના તળિયે ચોંટી જાય છે. રીમોટ કંટ્રોલથી ચાલતી હોવાથી ઈરાનના લશ્કરી અધિકારીઓ દૂર બેઠાં બેઠાં વિસ્ફોટ કરીને જહાજને ઉડાવી શકે છે.

પાણીમાં ઉછળતી ને તરતી રહેતી આ વોટર માઈન્સને દૂરથી જોઈને કોઈને ખતરાનો અંદાજ ના આવે. દરિયામાં તકતી કોઈ ચીજ હોય એવું જ લાગે પણ વિસ્ફોટ કરે ત્યારે જહાજનાં છોતરાં સુદ્ધાં ફાટી જાય. મહમ ૭ માઈન્સ ૩૩૦ કિલો વિસ્ફોટકની બનેલી હોવાથી ગમે તેવા જહાજને ઉડાવવા સક્ષમ છે જ્યારે મહમ ૭માં ૨૨૦ કિલો વિસ્ફોટકો હોવાથી મધ્યમ કે નાનાં જહાજોને ફૂંકી મારી શકે છે.

ઈરાન પાસે અત્યારે ૬૦૦૦ જેટલી વોટર માઈન્સ હોવાનું કહેવાય છે. થોડાં વરસો પહેલાં ઈરાને મહમ ૭ માઈન્સની નિકાસ કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાના ડરે કોઈ જાહેરમાં બોલતું નથી પણ ઘણા દેશોએ પોતાની દરિયાઈ સુરક્ષા માટે આ વોટર માઈન્સ ખરીદી છે તેથી ઈરાન સતત આ માઈન્સ બનાવ્યા જ કરે છે. આ કારણે ઈરાન પાસે મોટા પ્રમાણમાં વોટર માઈન્સ છે તેમાં મીનમેખ નથી.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઈરાની નેવીને નિશાન બનાવીને સતત હુમલા કર્યા છે કે જેથી વોટર માઈન્સને સાફ કરી દેવાય. અપાચે હેલિકોપ્ટર અને અ-૧૦ ક્લોઝ એર સપોર્ટ પ્લેનની મદદથી અમેરિકા ઈરાની નેવીનાં નાનાં નાનાં જહાજો પર હુમલા કરી રહ્યું છે પણ ઈરાની નેવી સાફ થતું નથી. ઈરાનના નેવીનો બેઝ બંદર બહેશ્તી ખાતે છે. પહેલાં ચાબહાર તરીકે ઓળખાતા આ નેવલ બેઝમાં કેટલી પેટ્રોલિંગ બોટ કે નાનાં જહાજ છે તેની અમેરિકાને જ ખબર નથી. એ સિવાય હોર્મુઝ સ્ટ્રેઈટની આસપાસ બીજાં ૧૫ જેટલાં સી પોર્ટ છે તેથી ઈરાનની અસલી તાકાતનો અમેરિકાને અંદાજ જ નથી આવતો. શિયાઓના શાસનમાં અમેરિકાના જાસૂસોને શોધી શોધીને ખતમ કરી દેવાયા હોવાથી અમેરિકા પાસે અંદરની માહિતી મેળવવાના સ્રોત પણ બહુ નથી તેથી અમેરિકા લાચાર છે.

રશિયા અને ચીન આ યુદ્ધમાં સીધાં સામેલ નથી, પણ ઈરાનને પાછલા બારણે મદદ કરે જ છે. રશિયા અને ચીન બંને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે અને જબરદસ્ત સ્પાય નેટવર્ક પણ ધરાવે છે. અમેરિકા સામેના યુદ્ધમાં ઈરાનને તેનો લાભ પણ મળી રહ્યો હોવાથી પણ અમેરિકા લાચાર છે. ટ્રમ્પ પોતે ઈરાનને ચપટીમાં મસળી શકે તેમ હોવાના ફાંકા મારે છે પણ ખરેખર એવું કરી શકવાની સ્થિતિમાં નથી. ટ્રમ્પે ફરી ધમકી આપી છે કેમ કે ટ્રમ્પે પોતાનો વટ બતાવવા માટે ધમકી આપવી જ પડે તેમ છે. ટ્રમ્પ કશું કર્યા વિના બેસી રહે તો અમેરિકાની ધાક ખતમ થઈ જાય તેથી ટ્રમ્પ ધમકી આપે છે, પણ અંદરખાને ટ્રમ્પ પણ હાંફવા માંડ્યા છે ને સમાધાન ઈચ્છે છે. ટ્રમ્પ ઈરાનને કોઈ પણ રીતે મંત્રણાના ટેબલ પર લાવીને સમાધાન કરાવવા ઊંચાનીચા થઈ રહ્યા છે પણ ઈરાન આ મામલે પણ મચક નથી આપતું. અમેરિકાની શરતો સામે ઈરાને પોતે પણ શરતો મૂકી છે અને અમેરિકા પોતાની શરતો ના માને તો મંત્રણામાં રસ નથી એવું સોઈ ઝાટકીને કહી દીધું છે તેથી ટ્રમ્પ બરાબરના ભેરવાયા છે. ટ્રમ્પે વાસ્તવિકતા સમજીને નરમ પડવાની જરૂર છે. એક મહિનાના યુદ્ધમાં ઈરાને સાબિત કરી દીધું છે કે, ઈરાન વેનેઝુએલા નથી કે અમેરિકાનું આર્મી પ્રમુખના ઘરમાં ઘૂસીને તેને ઉઠાવી જાય ને આર્મી કશું ના કરી શકે. ઈરાન ઈંટનો જવાબ પથ્થરથી આપી રહ્યું છે એ જોતાં ટ્રમ્પે મમત મૂકીને સમાધાન કરી લેવું જોઈએ. અમેરિકાની આબરૂ પણ સચવાઈ જશે ને દુનિયાને પણ ફાયદો થશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૬-૪-૨૦૨૬, વિંછુડો

- ભારતીય દિનાંક ૧૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રે ક. ૨૬-૫૬ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૧ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૭-૫૧ રાત્રે ક. ૨૦-૨૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – ચતુર્થી. વિંછુડો, અનસુયા જયંતી
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ અગ્નિદેવતાનું પૂજન, શનિ-ચંદ્ર દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર સહિત તુલસીપૂજા, નાગકેસરથી, શનિ દેવતાનો હવન કરવો, અગ્નિપૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં પશુ લે-વેંચ, દસ્તાવેજના કામકાજ, મુંડન કરાવવું નહીં.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-શનિ ત્રિકોણ માતાપિતા તરફથી લાભ થાય, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ. ચંદ્ર જયેષ્ઠા યુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૧૦ કળાના અંતરે રહે છે. શુક્ર ભરણી નક્ષત્ર, મંગળ ઉત્તરાભાદ્રપદામાં આવે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ક્રોસ વોટિંગઃ હરિયાણા કોંગ્રેસના પાંચ ધારાસભ્યને કરાશે સસ્પેન્ડ

ચંડીગઢઃ હરિયાણા કોંગ્રેસની શિસ્ત કાર્યવાહી સમિતિ (ડીએસી)એ પાર્ટીના એ પાંચ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાની ભલામણ કરી હતી જેમના પર ગયા મહિને યોજાયેલી રાજ્યસભાની ચૂંટણી દરમિયાન કથિત રીતે ક્રોસ-વોટિંગ કરવાનો આરોપ છે. સમિતિની બેઠક બાદ તેના અધ્યક્ષ ધર્મપાલ મલિકે મીડિયાને જણાવ્યું હતું કે પેનલ એક રિપોર્ટ તૈયાર કરશે અને પાર્ટીના પાંચ ધારાસભ્યો દ્વારા ભાજપ સમર્થિત સ્વતંત્ર ઉમેદવાર સતીશ નંદલના પક્ષમાં કથિત ક્રોસ-વોટિંગના મુદ્દા પર પોતાનો નિર્ણય પાર્ટી હાઇકમાન્ડને જણાવશે.

રવિવારે પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, સમિતિએ ધારાસભ્યોને જાહેર કરાયેલી કારણદર્શક નોટિસો પર તેમના જવાબોની તપાસ કર્યા પછી તેમને સસ્પેન્ડ કરવાની ભલામણ કરી છે. અગાઉ, કોંગ્રેસે હરિયાણાના પોતાના પાંચ ધારાસભ્યોને કથિત ક્રોસ-વોટિંગ માટે કારણદર્શક નોટિસ જાહેર કરી હતી.

આ કારણદર્શક નોટિસ 'પાર્ટી વિરોધી ગતિવિધિઓ' માટે જાહેર કરવામાં આવી હતી જેમાં ઇરાદાપૂર્વક કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારની તરફેણમાં મતદાન ન કરવાનું સામેલ હતું. હરિયાણામાં રાજ્યસભાની બે બેઠકો માટે મતદાન ૧૬ માર્ચે યોજાયું હતું. ભાજપના સંજય ભાટિયાએ એક બેઠક પર સરળતાથી જીત મેળવી હતી, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર કર્મવીર સિંહ બૌદ્ધે અપક્ષ ઉમેદવાર સતીશ નાંદલ સામે બીજી બેઠક મેળવી હતી. કોંગ્રેસના પાંચ ધારાસભ્યો દ્વારા કથિત ક્રોસ-વોટિંગને કારણે પાર્ટીની સરળ જીત મેળવવાની સ્થિતિને નુકસાન થયું હતું. ગણતરી દરમિયાન કોંગ્રેસના ચાર મતોને પણ અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા.

પાર્ટીએ પાંચ ધારાસભ્યોના નામ જાહેર કર્યા હતા. જેમાં નારાયણગઢના ધારાસભ્ય શૈલી ચૌધરી, સઢૌરાના ધારાસભ્ય રેણુ બાલા, પુન્હાનાના ધારાસભ્ય મોહમ્મદ ઇલિયાસ, હથીનના ધારાસભ્ય મોહમ્મદ ઇસરાઈલ અને રતિયાના ધારાસભ્ય જરનૈલ સિંહ પર શંકા હતી. શૈલી ચૌધરી, રેણુ બાલા અને જરનૈલ સિંહે પાછળથી આરોપોને નકારી કાઢ્યા હતા કહ્યું હતું કે તેમના નામ વિવાદમાં બિનજરૂરી રીતે લેવામાં આવી રહ્યા છે અને કહ્યું હતું કે તેમણે પાર્ટી ઉમેદવારને મત આપ્યો છે.

રવિવારે ફોન પર સંપર્ક કરવામાં આવતા ધર્મપાલ મલિકે કહ્યું કે અમે અમારો રિપોર્ટ રાજ્ય પ્રમુખ રાવ નરેન્દ્ર સિંહ, પાર્ટીના પ્રભારી મહાસચિવ બી કે હરિપ્રસાદ અને પાર્ટીના વરિષ્ઠ નેતા કે સી વેણુગોપાલને મોકલી દીધો છે. અમે પરિસ્થિતિ સમજાવી છે અને શરૂઆતથી અંત સુધીના સંજોગોની સંપૂર્ણ વિગતો આપી છે. અમે અમારા રિપોર્ટને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને પાર્ટી દ્વારા નિર્ણય લેવામાં આવશે.

# અમેરિકામાં વાઇટ હાઉસ સામે પાર્કમાં ગોળીબાર

વોશિંગ્ટનઃ અમેરિકામાં વાઇટ હાઉસ સામે આવેલા લાફાયેટ પાર્ક નજીક રાત્રે ગોળીબાર થયાના અહેવાલ હતા. આ અહેવાલોની તપાસ ચાલી રહી હોવાનું યુએસ સિક્રેટ સર્વિસે રવિવારે જણાવ્યું હતું.

એજન્સીએ એક ઓનલાઇન પોસ્ટમાં જણાવ્યું કે મધરાત બાદ પાર્ક અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કર્યા પછી કોઇ ઘાયલ થયાના સમાચાર મળ્યા નથી કે કોઇ શંકાસ્પદ વ્યક્તિની ભાળ મળી નથી. આ ઘટના બની ત્યારે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વીકએન્ડ વાઇટ હાઉસમાં વિતાવી રહ્યા હતા. વાઇટ હાઉસે આ ઘટના અંગે તાત્કાલિક કોઇ ટિપ્પણી કરી નથી.

સીક્રેટ સર્વિસના જણાવ્યા અનુસાર વાઇટ હાઉસની કામગીરી રાબેતા મુજબ ચાલુ રહી હતી, પરંતુ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. પાર્કમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી સમારકામ ચાલી રહ્યું હોવાથી તેને ફરતે વાડ કરી બંધ કરી દેવામાં આવ્યો છે. સિક્રેટ સર્વિસે કહ્યું કે તે ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા પોલીસ અને યુએસ પાર્ક પોલીસ સાથે મળીને કામ કરી રહ્યા છે.

# હિમંતા શર્માની પત્ની ત્રણ દેશના પાસપોર્ટ ધરાવે છેઃ કોંગ્રેસનો દાવો

નવી દિલ્હીઃ મુખ્ય પ્રધાન હિમંતા શર્માની પત્ની રિન્કી શર્મા ત્રણ દેશના પાસપોર્ટ અને દુબઈ તેમ જ અમેરિકા સહિતના દેશમાં અનેક મિલકત ધરાવતી હોવાનો કોંગ્રેસે રવિવારે આક્ષેપ કર્યા બાદ આસામમાં રાજકીય વિવાદ ભડકી ઊઠ્યો હતો.

જોકે હિમંતા શર્માએ આ આક્ષેપોને પાયાવિહોણા અને રાજકીય હિતોથી પ્રેરિત હોવાનાં લેખાવી તેને વખોડી કાઢ્યા હતા.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં શર્માએ લખ્યું હતું કે પવન ખેડાની રવિવારની પત્રકાર પરિષદ કોંગ્રેસમાં હતાશા અને ગભરાટ ફેલાઈ ગયો હોવાનું દર્શાવે છે.

આસામ નિર્ણાયક રીતે ઐતિહાસિક જનાદેશની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે આ પ્રકારના પાયાવિહોણા આક્ષેપો કોંગ્રેસની હતાશા અને કોંગ્રેસનું વહાણ ડૂબી રહ્યું હોવાનું દર્શાવે છે. એમ જણાવી તેમણે પવન ખેડા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને દુષ્ટ હેતુવાળા, બનાવટી અને રાજકીય હેતુથી પ્રેરિત લેખાવ્યા હતા.

# જીએમટીના બદલે હવે 'મહાકાલ સ્ટાન્ડર્ડ ટાઈમ': ધર્મેન્દ્ર પ્રધાનની માગણી

નવી દિલ્હીઃ દુનિયાભરમાં સમયની ગણતરી માટે ઉપયોગમાં આવનારા ગ્રીનવિચ મીન ટાઇમ (જીએમટી) ને બદલીને હવે 'મહાકાલ સ્ટાન્ડર્ડ ટાઈમ' કરવાનો એક મોટો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં એક કાર્યક્રમ દરમિયાન આ મહત્વાકાંક્ષી વિચાર રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સમયની ગણતરી માટે ઈંગ્લેન્ડના એક શહેરમાંથી પસાર થતી કાલ્પનિક રેખાને બદલે ભારતના પ્રાચીન શહેર ઉજ્જૈનને સમય ગણતરી માટે વૈશ્વિક માનક માનવું જોઈએ. પ્રધાનના મતે, ઉજ્જૈન સદીઓથી ખગોળશાસ્ત્ર અને સચોટ સમય ગણતરીનું કેન્દ્ર રહ્યું છે, તેથી હવે દુનિયાએ વસાહતી માનસિકતા છોડીને ભારતના આ વૈજ્ઞાનિક ગૌરવને સ્વીકારવું જોઈએ.

શિક્ષણ પ્રધાને તર્ક આપ્યો હતો કે ઉજ્જૈન એ સ્થાન છે જ્યાં ભૂમધ્ય રેખા અને કર્કવૃત્તનું મિલન થાય છે અને પ્રાચીન કાળમાં સમગ્ર વિશ્વ માટે સમયની ગણતરી અહીંથી કરવામાં આવતી હતી. તેમણે કહ્યું કે અંગ્રેજો અને વસાહતી શાસકો દ્વારા લાદવામાં આવેલા ધોરણોને બદલવાનો સમય આવી ગયો છે અને 'મહાકાલ સ્ટાન્ડર્ડ ટાઈમ' તાર્કિક રીતે સ્થાપિત થવો જોઈએ. પ્રધાને ઉજ્જૈનના તારામંડળ પરિસરમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પરિષદ દરમિયાન એક વિજ્ઞાન કેન્દ્ર અને પ્રદર્શનનું પણ ઉદઘાટન કર્યું.

મધ્ય પ્રદેશના ઉજ્જૈનની મુલાકાત વખતે પ્રધાને કહ્યું કે આ પ્રાચીન શહેર ખગોળશાસ્ત્ર અને સમયની ગણતરી સાથે જોડાયેલું રહ્યું છે. શહેરને સમય ગણતરી માટે વૈશ્વિક ધોરણ તરીકે માન્યતા આપવી જોઈએ, નહીં કે ઇંગ્લેન્ડના એક શહેરમાંથી પસાર થતી કાલ્પનિક રેખા જે ''વસાહતીવાદીઓ'' દ્વારા નક્કી કરવામાં આવતી હતી.

તેમણે કહ્યું કે ''ઉજ્જૈનમાં સાયન્સ સેન્ટર અને પ્લેનેટોરિયમને મજબૂત બનાવવું એ આ દિશામાં એક મોટું પગલું છે, જેનાથી ભાવિ પેઢીઓ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે આગળ વધી શકે છે. ઉજ્જૈન એક એવી જગ્યા છે જ્યાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાન વચ્ચેનું અંતર દૂર થાય છે અને એક નવી દ્રષ્ટિનો જન્મ થાય છે.''

કોંગ્રેસના પ્રવક્તા રાશીદ અલ્વીએ પ્રધાનના એમએસટી પ્રસ્તાવની મજાક ઉડાવી હતી. તેમણે કહ્યું કે તેના પરથી જાણ થાય છે કે ભાજપનો વિકાસ એજન્ડા કેટલો નાદાર છે. ભાજપનો વિકાસનો વિચાર અન્ય લોકો દ્વારા બાંધવામાં આવેલા રસ્તાઓ અને શહેરોના નામ બદલવાનો છે.

તેમણે કહ્યું કે તેઓ હવે સમયનો માપદંડ બદલવા માગે છે કારણ કે તેમના માટે ભારતીય સભ્યતાનો અર્થ બસ એટલો જ છે. પણ ફક્ત આટલે જ કેમ અટકવું જોઈએ? વીજળીનો ઉપયોગ કરવાને બદલે તમારા મોબાઇલ ફોન ફેંકી દો, ટેલિફોન પર પ્રતિબંધ મૂકો, દીવા પ્રગટાવો.

# બેંગ્લૂરુથી દિલ્હી ફ્લાઇટમાં બૉમ્બ હોવાનો ખોટો મૅસેજ

નવી દિલ્હીઃ બેંગલુરુના કેમ્પેગોવડા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારની સાંજ મુસાફરો માટે આકરી રહી હતી. દિલ્હી જતી ઇન્ડિગોની ફ્લાઈટમાં વિસ્ફોટક હોવાના સમાચાર મળતા જ એરપોર્ટ પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી. ફ્લાઈટ ટેક-ઓફ્ફ કરે તે પહેલાં જ મળેલી આ ધમકીને કારણે કલાકો સુધી અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો, જેના લીધે મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ સમગ્ર ઘટનાની શનિવારે સાંજે અંદાજે ૭:૦૦ વાગ્યે બની હતી. જ્યારે પ્લેન ઉડાન ભરવાની તૈયારીમાં હતું, ત્યારે એક મુસાફરની નજર ફ્લાઈટના વોશરૂમમાં પડેલા એક ટિશ્યુ પેપર પર પડી હતી. આ ટિશ્યુ પેપર પર લખવામાં આવ્યું હતું કે વિમાનમાં બોમ્બ રાખેલો છે. મુસાફરે તરત જ કેબિન ક્રૂને આ અંગે જાણ કરી હતી.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા ફ્લાઈટના કેપ્ટને તુરંત જ એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક સાધ્યો હતો. પ્રોટોકોલ મુજબ, વિમાનને નિર્ધારિત જગ્યાએ ઉભું રાખી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ બોમ્બ સ્ક્વોડ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા વિમાનના ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન એરપોર્ટ પર સુરક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

કલાકો સુધી ચાલેલી સઘન તપાસ બાદ સુરક્ષા એજન્સીઓને કોઈ પણ વાંધાજનક વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યું ન હતું. આખરે આ ધમકી માત્ર એક અફવા હોવાનું સ્પષ્ટ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

પહેલા પાનાનું ચાલુ

## હૉલિવૂડની

ગયા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસર 'કર્નલ'ને ઉગારવામાં આવ્યો હોવાની જાહેરાત કરી હતી.

ઇરાનના લશ્કરે આ સંબંધમાં જણાવ્યું હતું કે મધ્ય ઇરાનના ઇસ્ફાહન પ્રાંતમાંની ત્યજાયેલી ઍરસ્ટ્રિપનો ઉપયોગ કરીને આ બચાવ કામગીરી કરાઇ હતી.

અમેરિકાના અધિકારીએ નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે નૈર્ઋત્ય ઇરાનમાંથી દુશ્મનના વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરને બચાવવામાં આવ્યો હતો. આમ છતાં, ચોક્કસ વિસ્તાર અંગે કોઇ માહિતી નહોતી આપી.

દુશ્મનોએ તોડેલા વિમાનમાંથી કૂદી પડેલા વિમાનના પાઇલટને તો થોડા કલાકમાં જ શોધી કઢાયો હતો, પરંતુ તેનો વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસર ગુમ થયો હતો.

વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસર પૅરૅસ્યૂટની મદદથી દુશ્મન ઇરાનની ભૂમિ પર ઊતર્યો ત્યારે તેની પાસે એક બીકન (સંકેત આપતી લાઇટ), સંદેશવ્યવહાર માટેનું એક સાધન, એક હૅન્ડગન અને થોડું ભોજન હતું.

ઇરાનમાં ઉતરાણ કર્યા બાદ કર્નલે સૌપ્રથમ કામ વિમાનના કાટમાળથી દૂર જવાનું કર્યું હતું, કારણ કે તેને ખબર હતી કે ઇરાનના સૈનિકો કાટમાળની આસપાસના વિસ્તારમાં મોટા પાયે શોધખોળ હાથ ધરશે.

વિમાન જ્યાં તૂટ્યું તેની આસપાસનો પહાડી વિસ્તાર હોવાથી કર્નલને સંતાવામાં સારી મદદ મળી હતી. દુશ્મનોને નજરે પડી ન જાય, તે માટે કર્નલ વિમાનના કાટમાળથી ઘણે દૂર ૭,૦૦૦ ફૂટની ઊંચાઇ પર જઇ પહોંચ્યો હતો.

દરમિયાન, ઇરાનના ઇસ્લામિક રિવૉલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ અને બાસીજ અર્ધલશ્કરી દળ સહિતના સશસ્ત્ર દળો દ્વારા અમેરિકાના પાઇલટ અને વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરની મોટા પાયે શોધખોળ હાથ ધરવામાં આવી હતી તેમ જ આ વિસ્તારના સ્થાનિક લોકો, ખાસ કરીને આદિવાસીઓ જો દુશ્મનને પકડવામાં મદદ કરે, તો તેઓને ઇનામ આપવાની પણ ઑફર કરી હતી.

કર્નલ પાસે બીકન હોવા છતાં તેના સિગ્નલ ઇરાનના લશ્કર દ્વારા પકડાઇ ન જાય, તે માટે તેનો ઉપયોગ બહુ મર્યાદિત કરી શકાતો હતો. તેની પાસે સંદેશવ્યવહાર માટેનું સાધન હોવાથી તે તેની મદદથી અમેરિકી દળોની સાથે સંદેશાની સલામત રીતે આપલે કરી શકતો હતો. આ સાધન ક્યું હતું, તેનો ચોક્કસ ઉલ્લેખ નથી કરાયો, પરંતુ અમેરિકાના હવાઇદળના વિમાનમાંના પાઇલટ સહિતના પ્રવાસીઓને પોતે ક્યાં છે, તેની જાણ કરવા માટે જીપીએસ પૉઝિશનિંગ ડિવાઇસ અપાય છે. તેની મદદથી તેઓ ઑપન રેડિયો ફ્રિક્વન્સીનો ઉપયોગ કર્યા વિના ડિજિટલી પોતાની જગ્યાની જાણ લશ્કરના અન્ય અધિકારીઓને કરી શકે છે.

દરમિયાન, અમેરિકાની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (સીઆઇએ) દ્વારા દુશ્મનોને ગેરમાર્ગે દોરવા માટે 'માનસિક સ્તરે રમત' શરૂ કરાઇ હતી અને એવી અફવા ફેલાવી હતી કે કર્નલને અમેરિકાના દળોએ શોધી કાઢ્યો છે અને તેને લશ્કરનો એક કાફલો જમીન-માર્ગે ઇરાનમાંથી બહાર લઇ જઇ રહ્યો છે. આ અફવા ફેલાવાનો હેતુ દુશ્મનોનું ધ્યાન કર્નલ જ્યાં સંતાયો હતો, તે જગ્યાથી બીજે દોરવાનું હતું.અમેરિકાની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી દ્વારા કર્નલને દુશ્મન દેશમાંથી શોધી કાઢવા 'ખાસ ક્ષમતા'નો ઉપયોગ કરાયો હતો, પરંતુ તે 'ક્ષમતા' અંગે કોઇ સ્પષ્ટ જાહેરાત નહોતી કરાઇ.સીઆઇએ દ્વારા કર્નલને ઇરાનમાં શોધીને તેની પેન્ટાગૉન અને વાઇટ હાઉસને તાત્કાલિક જાણ કરાઇ હતી. પ્રમુખ ટ્રમ્પે કર્નલને ઉગારી લેવા માટે તુરત લશ્કરી કાર્યવાહી હાથ ધરવાનો આદેશ આપ્યો હતો.

કર્નલ જ્યાં સંતાયો હતો, તે દિશામાં જઇ રહેલા ઇરાનના લશ્કરના કાફલા પર અમેરિકાના વિમાનોએ હુમલા શરૂ કર્યા હતા અને તેને લીધે દુશ્મનો કર્નલ સુધી પહોંચી નહોતા શક્યા અને છેવટે અમેરિકાએ પોતાના તૂટી પડેલા વિમાનના વૅપન્સ સિસ્ટમ્સ ઑફિસરને બચાવી લીધો હતો. (એજન્સી)

## છૂટાછેડા

ભાવનાત્મક ત્રાસ આપવાના આરોપ લગાવ્યા હતા.

એક પુત્રના જન્મ પછી પણ પરિસ્થિતિમાં કોઇ સુધારો થયો નહીં. ત્યારબાદ પ્રણિતાએ મેરઠની ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી આપી હતી. પ્રિન્સિપાલ જજ શક્તિપુત્ર તોમરે શનિવારે છૂટાછેડા મંજૂર કર્યા હતા. કોર્ટના નિર્ણય પછી પરિવારે આ ક્ષણને એક 'નવી શરૂઆત'ની ઉજવણીમાં ફેરવી દીધી હતી.

ડો શર્માએ જણાવ્યું કે જો મારી દિકરી લગ્નજીવનથી ખુશ નથી તો તેને તે વાતાવરણમાંથી બહાર કાઢવાની મારી ફરજ છે. અમે ભરણપોષણ કે બીજું કંઇ માંગ્યું નથી. હું માત્ર મારી દિકરીને પાછી લઇ આવ્યો છું. તેમણે ભારપૂર્વક કહ્યું કે દિકરીઓ કોઇ વસ્તુ નથી અને તેમની ખુશી અને ગૌરવ સમાજની અપેક્ષાઓ કરતાં વધુ મહત્વપૂર્ણ હોવા જોઇએ.મનોવિજ્ઞાનમાં અનુસ્નાતક પ્રણિતા તેજગઢીમાં આવેલી પ્રણવ વશિષ્ઠ જ્યુડિશિયલ એકેડેમીમાં ફાઇનાન્સ ડિરેક્ટર છે. તે તેના માતા-પિતાનું એકમાત્ર સંતાન છે. તેના ભાઇ પ્રણવ વશિષ્ઠનું ૨૦૨૨માં ચંદીગઢમાં એક અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

આ અંગે સ્થાનિક લોકોનું માનવું છે કે પરિવારનું આ પગલું છૂટાછેડા સાથે જોડાયેલા ઊંડા સામાજિક ટેબૂ સામે પડકાર ફેંકવામાં મદદ કરી શકે છે. તેમજ ગરિમા અને સ્વતંત્રતાની શોધમાં રહેલી સ્ત્રીઓ પ્રત્યે વધુ સહાયક વલણ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે શકે છે.

## યુદ્ધને લીધે

કુપોષણથી પીડાતા લોકો માટેનું થેરાપ્યુટિક ફૂડ ભારતમાં પડ્યું છે, પરંતુ તે સોમાલિયા પહોંચાડવાનું મુશ્કેલ બન્યું છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અહેવાલ મુજબ કોવિડ-૧૯ના રોગચાળા બાદ સપ્લાઇ ચૅનને સૌથી મોટી માઠી અસર હાલમાં ચાલી રહેલા યુદ્ધને લીધે થઇ છે.

'યુનિસેફ' યુદ્ધ પહેલાં વિશ્વભરમાંથી રસી ખરીદીને તે વિમાન દ્વારા ઇરાન મોકલતું હતું, પરંતુ હવે તે માત્ર તુર્કીમાંથી રસી ખરીદીને ઇરાન ખાતે મોકલે છે. (એજન્સી)

## રાઘવ ચઢ્ઢાએ

'આપ' નેતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાંથી ગાયબ થઈ ગઈ છે. સૌરભ ભારદ્વાજે તેમના 'એક્સ' એકાઉન્ટ પર રાઘવ ચઢ્ઢા સંબંધિત કેટલીક પોસ્ટના સ્ક્રીનશોટ પણ શેર કર્યા છે.ભારદ્વાજના આરોપનો ચઢ્ઢાએ તાત્કાલિક કોઈ જવાબ આપ્યો નથી.

## ઈઝરાયલની

ઍરલાઈન્સે જ અનેક અંકુશો સાથે આ રૂટ પર મર્યાદિત સેવા ચાલુ રાખી છે. ફ્લાઈટ રદ કરવાની બાબતે ઈઝરાયલમાં વસતા અને અંગત કે વ્યાવસાયિક કારણોસર તેમ જ તણાવપૂર્ણ સ્થિતિમાંથી બહાર આવવા સ્વદેશ પરત આવવાની ઈચ્છા ધરાવતા ૪૦,૦૦૦ કરતાં પણ વધુ ભારતીયોની ચિંતામાં વધારો કર્યો છે. (એજન્સી)

## ગુજરાતીઓને

પક્ષોનું નેતૃત્વ કરે છે તે સિવાય તેમની વચ્ચે કોઈ તફાવત નથી. ખડગેએ કહ્યું કે, ''એલડીએફ અને ભાજપ સાથે મળીને આગળ વધી રહ્યા છે અને કોંગ્રેસ પર હુમલો કરી રહ્યા છે. દિલ્હીમાં મોદી અને કેરળમાં વિજયનની કાર્યશૈલી સમાન છે. તેઓ સત્તા પોતાના હાથમાં કેન્દ્રિત રાખવા માંગે છે.''

તેમણે દાવો કર્યો હતો કે, હકીકતમાં, મેં લોકોને એમ કહેતા સાંભળ્યા છે કે પિનારાયી વિજયન કેરળના મોદી છે અને ભાજપ તથા એલડીએફએ કોંગ્રેસને સત્તાથી દૂર રાખવા માટે ગુપ્ત રીતે કાવતરું ઘડ્યું છે.

ખડગેએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે વિજયન પર મોદીનું નિયંત્રણ છે અને તેઓ હવે સ્વતંત્ર માણસ રહ્યા નથી.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે ભાજપ સૌથી કોમવાદી પક્ષ છે અને તે આરએસએસની સાથે મળીને દેશને બરબાદ કરી દેશે. ખડગેએ મોદીને ''જૂઠા'' ગણાવ્યા અને લોકોને તેમના પર વિશ્વાસ ન કરવા વિનંતી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે પીએમ સત્તામાં આવ્યા પછી દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું તેમનું વચન પૂરું કરવામાં નિષ્ફળ રહ્યા છે.

# મુંબઈ મહાનગરપાલિકાના કારભાર પેપરલેસ અને ઝડપી કરવા એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશનર અશ્વિની ભિડેએ પાલિકાનું દૈનિક કામકાજ ઝડપથી થાય તે માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટૅક્નોલોજીનો ઉપયોગ, ઈ-ઓફિસ તથા પેપરલેસ કામ કરવા પર ભાર આપ્યો છે. તેમ જ મુંબઈની વધતી લોકસંખ્યાનો વિચાર કરીને પ્રસ્તાવિત વોટર પ્રોજેક્ટને નક્કી કરેલી સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો નિર્દેશ અધિકારીઓને આપ્યો છે.

પાલિકા કમિશનર અશ્વિની ભિડેએ શુક્રવારે જુદા જુદા વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી, જેમાં પ્રોપર્ટી ટેક્સ, ફાઈનાન્સ, વોટર સપ્લાય પ્રોજેક્ટ અને ઈન્ફોર્મેશન ટૅક્નોલોજી વિભાગની માહિતી મેળવી હતી. આ દરમ્યાન તેમણે નાગરિકોને જુદી જુદી નાગરી સુવિધા ઓછામાં ઓછા સમયમાં વધુ સારી પદ્ધતિએ કરી રીતે ઉપલબ્ધ કરી આપવા તેના પર ભાર કમિશનરે ભાર આપ્યો હતો.

અધિકારીઓ સાથે ચર્ચા દરમ્યાન કમિશનરને પાલિકાનો કારભાર વધુ કાર્યક્ષમ, પારદર્શક અને સરળ અને ઝડપી પદ્ધતિએ થાય તેના પર ધ્યાન આપવા કહ્યું હતું અને તે માટે ઈ-ઓફિસ, એઆઈ ટૅક્નોલોજી અને ઈન્ટિગ્રેટેડ સિટીઝન સર્વિસ પ્લેટફોર્મની અમલબજવણી વધુ ઝડપથી થાય તેવો નિર્દેશ પણ આપ્યો હતો.

હાલ જુદી જુદી સેવા માટે અલગ અલગ વોટ્સએપ ચેટબોટ ચાલી રહ્યું છે તેને બદલે હવે ફક્ત એક જ ચેટબોટ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવવાનું છે. આ પ્લેટફોર્મ દ્વારા નાગરિકોને તમામ નાગરી સેવા, ફરિયાદ, રજિસ્ટ્રેશન, અરજીની સ્થિતિ સહિત અનેક સેવા ઉપલબ્ધ થવાની છે, તેને શક્ય એટલું જલદી અમલમાં મૂકવા પર પણ અશ્વિની ભિડેએ ભાર આપ્યો હતો.

આ દરમ્યાન તેમણે મુંબઈના પાણી પુરવઠામાં વધારો કરવા માટે ચાલી રહેલા જુદા જુદા પ્રોજેક્ટને લઈને તેમણે નક્કી કરેલી મુદતમાં આ કામ પૂરા થાય અને મુંબઈગરાને વધારાનું પાણી ઉપલબ્ધ થાય તેના પર ધ્યાન આપવા અધિકારીઓને કહ્યું હતું. ■

# ચર્ચગેટ સ્ટેશન નજીક ગાર્ડનમાં માથામાં પથ્થર ઝીંકી પ્રૌઢની હત્યા

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ચર્ચગેટ રેલવે સ્ટેશનની નજીક આવેલા ગાર્ડનમાં માથામાં પથ્થર ઝીંકીને પંચાવન વર્ષના પ્રૌઢની હત્યા કરવામાં આવી હતી. આઝાદ મેદાન પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધીને તપાસ આદરી હતી. ચર્ચગેટ સ્ટેશન નજીક વીર નરીમન રોડ પર બસડેપો નજીક આવેલા ગાર્ડનમાં શનિવારે સાંજના આ ઘટના બની હતી. મૃતકની ઓળખ રાહુલ પંજવાની ઉર્ફે પંજાબી (૫૫) તરીકે થઇ હોઇ તેના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો.

આઝાદ મેદાન પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઇન્સ્પેક્ટર જનાર્દન જાધવ શનિવારે ફરજ પર હાજર હતો ત્યારે સાંજે તેમને ચર્ચગેટ નજીક આવેલા ગાર્ડનમાં એક વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં પડેલી હોવાની જાણ કન્ટ્રોલ રૂમ તરફથી થઇ હતી. આથી પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી, જ્યાં એક વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં નજરે પડી હતી. ઘાયલ વ્યક્તિને ત્વરિત સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં ડૉક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ રાહુલ પંજવાની તરીકે થઇ હતી. ■

હવા જવા દો!
ધૌતી યોગ
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723

# લગ્ન સમારંભમાં કાકા અને પિતરાઇ ભાઇની ચાકુના ઘા ઝીંકી હત્યાઃ સગીરની અટકાયત

વર્ધાઃ વર્ધા જિલ્લામાં રવિવારે જમીનના વિવાદે લોહિયાળ વળાંક લીધો હતો, જેમાં લગ્ન સમારંભમાં સગીરે તેના કાકા અને પિતરાઇ ભાઇની ચાકુના ઘઆ ઝીંકી કરપીણ હત્યા કરી હતી. જિલ્લાના બર્બદી ગામમાં રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનાને કારણે આખા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો.

લગ્ન સમારંભ દરમિયાન સગીરનો તેના કાકા પ્રભાકર ભાલમે (૫૦) અને પિતરાઇ ભાઇ રિતેશ (૨૪) સાથે ઝઘડો થયો હતો, જે ઉગ્ર બનતાં સગીરે રોષે ભરાઇને પ્રભાકર અને રિતેશ પર ચાકુના ઘા ઝીંકી દીધા હતા, જેમાં તેમના ઘટનાસ્થળે મોત થયાં હતાં. પરિવારના સભ્યો વચ્ચે લાંબા સમયથી જમીનને લઇ વિવાદ ચાલી રહ્યો હતો અને આ હુમલો તેનું પરિણામ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તેમણે સગીરને તાબામાં લઇને તેની પૂછપરછ આદરી હતી. બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. લગ્ન સમારંભમાં અચાનક થયેલા હુમલાને કારણે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. એ વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ ન થાય એ માટે ત્યાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# સિલિન્ડર ચોર થાણેમાં પકડાયોઃ ૪૫ સિલિન્ડર જપ્ત

## સિલિન્ડરની અછતનો લાભ ઉઠાવી કમાણી કરવા આરોપીએ નવો માર્ગ અપનાવ્યોઃ સિલિન્ડર ચોરવા સ્કૂટર પણ ચોરતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અખાતના દેશોમાં ચાલતા યુદ્ધને કારણે ગૅસ સિલિન્ડરના સપ્લાય પર પડેલી અસરનો લાભ ઉઠાવીને થાણેમાં રહેતા શખસે સિલિન્ડર ચોરીને વેચવાનો માર્ગ અપનાવ્યો હતો. મુંબઈ, થાણે અને નવી મુંબઈથી સિલિન્ડર ચોરવા માટે આરોપી ચોરીના સ્કૂટરનો ઉપયોગ કરતો હતો. થાણેમાંથી પકડાયેલા આરોપી પાસેથી પોલીસે ૪૫ સિલિન્ડર અને ત્રણ સ્કૂટર જપ્ત કર્યાં હતાં. પવઈ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રાજ ચંદ્રકાંત કાંબળે (૪૫) તરીકે થઈ હતી. થાણેના વર્તક નગર વિસ્તારમાં રહેતા આરોપી વિરુદ્ધ ચોરીના ૧૦ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ પવઈ પરિસરમાંથી બે વર્ષ અગાઉ સ્કૂટર ચોરાયાની ફરિયાદ નોંધાઈ હતી. સ્કૂટરની તપાસમાં પોલીસને ચોંકાવનારી માહિતી જાણવા મળી હતી. આ સ્કૂટરનો ઉપયોગ ચોરીનાં ગૅસ સિલિન્ડરની હેરફેર માટે થતો હતો. તાજેતરમાં જ ગૅસ સિલિન્ડરની અછત વર્તાવા લાગી એ સમયગાળામાં પવઈ પોલીસને ચોપડે પણ સિલિન્ડર ચોરીના બે કેસ નોંધાયા હતા.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી મુંબઈ સહિત થાણે અને નવી મુંબઈથી પણ સિલિન્ડર ચોરતો હતો. આ માટે તે ચોરીનાં અલગ અલગ સ્કૂટરનો ઉપયોગ કરતો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે થાણેમાં છટકું ગોઠવી આરોપીને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ગૅસનાં ૪૫ સિલિન્ડર અને ચોરીનાં ત્રણ સ્કૂટર જપ્ત કરવામાં આવ્યાં હતાં. ■

# રસ્તે ચાલતી મહિલાઓ સાથે શરમજનક કૃત્ય કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિકૃત મનોવૃત્તિને સંતોષવા રસ્તે ચાલતી મહિલાઓ સાથે કથિત શરમજનક કૃત્ય કરી સ્કૂટર પર ફરાર થઈ જનારા યુવકને પોલીસે પકડી પાડ્યો હતો.

બાંગુર નગર પોલીસે શનિવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મુખ્તાર નાસીર ખાન (૨૫) તરીકે થઈ હતી. ગોરેગામમાં આરે કોલોની વિસ્તારના મયૂરનગર ખાતે રહેતા ખાનને કોર્ટે ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી તેના સફેદ રંગના સ્કૂટર પર ફરતો હતો. સૂમસામ માર્ગ પરથી એકલી પસાર થતી મહિલાઓને જોઈ તેમને ટાર્ગેટ કરતો. તક ઝડપી મહિલાની નજીક જઈને તેમનો વિનયભંગ કરી આરોપી ફરાર થઈ જતો હતો.

ગોરેગામ પશ્ચિમમાં આવેલા ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબ સામેના માર્ગ પરથી ૩૦ માર્ચની રાતે મલાડમાં રહેતી મહિલા ચાલતી જઈ રહી હતી. મહિલા સાથે શરમજનક કૃત્ય કરી ફરાર થઈ ગયેલા આરોપી વિરુદ્ધ બાંગુર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન આવી જ ઘટના અન્ય મહિલાઓ સાથે થઈ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું.

ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં દેખાતા સ્કૂટરને ટ્રેસ કરવામાં આવ્યું હતું. ફૂટેજને આધારે જ પોલીસ આરે કોલોની સુધી પહોંચી હતી. આખરે મયૂર નગરમાંથી મળી આવેલા સ્કૂટર પાસે પોલીસે છટકું ગોઠવ્યું હતું. બે દિવસ પછી સ્કૂટર નજીક આવેલા આરોપીને તાબામાં લેવાયો હતો. તેણે માત્ર મોજ ખાતર આવું કર્યું હોવાનો દાવો કર્યો હતો. આરોપીના પકડાવાથી બાંગુર નગર અને સમતા નગર પોલીસમાં નોંધાયેલા ત્રણ ગુના ઉકેલાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનો ૯.૮૧ કરોડ રૂપિયાનો ગાંજો પકડાયોઃ પ્રવાસીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનો ૯.૮૧ કરોડ રૂપિયાનો ગાંજો પકડી પાડીને પ્રવાસીની ધરપકડ કરી હતી.

એઆઇયુની ટીમે ધરપકડ કરેલા પ્રવાસીની ઓળખ રવિ રાજપૂત તરીકે થઇ હોઇ તે મધ્ય પ્રદેશનો રહેવાસી છે. રવિ રાજપૂતને રવિવારે સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવ્યો ત્યારે તેના વકીલ તરીકે બિરેન્દ્ર યાદવ હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે રવિ રાજપૂતને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

રવિ રાજપૂત શનિવારે મોડી રાતે થાઇ એરવેઝની ફ્લાઇટમાં બેંગકોકથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યો ત્યારે અરાઇવલ હૉલ ખાતે એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે તેને આંતર્યો હતો. રાજપૂતના સામાનની તલાશી લેવામાં આવતાં ટ્રોલી બેગમાંથી ૧૦ પ્લાસ્ટિક પેકેટ્સ મળ્યાં હતાં, જેના પર કાર્બન પેપર હતું.

દરમિયાન ઉપરોક્ત પેકેટ્સ ખોલવામાં આવતાં તેમાંથી ૯૮૧૯ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત ૯.૮૧ કરોડ રૂપિયા થાય છે. અધિકારીઓએ ગાંજો જપ્ત કર્યા બાદ રવિ રાજપૂત વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. રવિ રાજપૂતે ગાંજો બેંગકોકમાં કઇ વ્યક્તિ પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કોને આપવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# મહિલાઓને વાતચીતમાં ફોસલાવીને દાગીના પડાવનારા ત્રણ પકડાયા

## મુંબઈ-નવી મુંબઈમાં અનેક મહિલાઓને છેતરનારા આરોપી પાસેથી ૧૫.૪૬ લાખના દાગીના જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રસ્તા પરથી પસાર થનારી મહિલાઓને સાડી-કરિયાણાની લાલચ બતાવી વાતોમાં ફોસલાવીને તેમના સોનાના દાગીના પડાવી રફુચક્કર થઈ જનારી ટોળકીના ત્રણ સભ્યને પોલીસે પકડી પાડ્યા હતા. મુંબઈ-નવી મુંબઈમાં અનેક મહિલાઓને છેતરી ચૂકેલા આરોપી પાસેથી ૧૫.૪૬ લાખ રૂપિયાના સોનાના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા.

સાકીનાકા પોલીસે ધરપકડ કરેલા ત્રણેય આરોપીની ઓળખ સંતોષ ગંગારામ ચૌરે (૫૫), બાલાજી રોહિદાસ પવાર (૨૫) અને લક્ષ્મણ રોહિદાસ પવાર (૨૨) તરીકે થઈ હતી. કલ્યાણમાં રહેતા ત્રણેય આરોપીની પૂછપરછમાં મુંબઈ-નવી મુંબઈના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૧૩ ગુના ઉકેલાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ રસ્તે એકલી ચાલતી જતી મહિલાને ટાર્ગેટ કરતા હતા. અમારી શેઠાણીને પુત્ર જન્મ્યો હોવાની ખુશીમાં શેઠ દ્વારા સાડી અથવા કરિયાણાની વહેંચણી કરવામાં આવી રહી છે. આ માટે ગરીબ મહિલા હોવાનું દેખાડવા પહેરેલા દાગીના કાઢીને એક થેલીમાં મૂકવાનું આરોપીઓ કહેતા. વિશ્વાસ સંપાદન કર્યા પછી મહિલાને વાતોમાં ફોસલાવીને તેના દાગીના પડાવી આરોપી ફરાર થઈ જતા હતા.

સાકીનાકાના મોહિલી વિલેજ પાઈપલાઈન વિસ્તારમાં ૨૪ માર્ચે એક મહિલાને આ જ રીતે છેતરી અંદાજે બે લાખ રૂપિયાના દાગીના પડાવવામાં આવ્યા હતા. આ કેસની તપાસમાં સાકીનાકા પોલીસે ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે મુખ્ય આરોપી સંતોષ ચૌરેને ઓળખી કાઢ્યો હતો. સંતોષ વિરુદ્ધ આ જ રીતે છેતરપિંડીના મુંબઈના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૨૬ જેટલા ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. ■

FREE HOME delivery

ॐm dryfruits
Dry Fruits & Kirana Merchants

Suresh Shah
98202 62098
98202 11374
85916 27677
85911 47677

બારે માસ ભરવા લાયક નવી સીઝનનાં દરેક બ્રાન્ડ
નંબર સાચવી રાખો કામ લાગશે

નવી સીઝનનાં બારે માસ ભરવા લાયક આખા અને પીસેલા મસાલા, ઘઉ, ચોખા, દાળ, કઠોળ ઘંઉને દિવેલ લગાવીને મળશે.

નવા ૧૦૦% કશ્મીરી ખાડેલા - ૮૦૦/-
મીક્સ બેડકી + કશ્મીરી ખાડેલા - ૬૦૦/-
બેડકી ખાડેલા - ૪૦૦/-
નવા રેશ્મપટ્ટી ખાડેલા - ૪૪૦/-
નવી ૧૦૦% ઓર્ગેનીક સેલમ હળદર પાઉડર- ૩૨૦/-
નવુ ધાણા જીરૂ - ૩૬૦/-
ઉન્ઝાનુ જીરૂ-૩૨૦/૩૬૦/૪૪૦/૪૮૦/-
રજવાડી જાડુ જીરૂ-૫૨૦/-
ગ્રીન ધાણા-૩૨૦/૩૬૦/-
મસાલા ધાણા જીરૂ-૪૫૦/-

ફ્રી હોમ ડિલિવરી

| | | | | | |
|---|---|---|---|---|---|
| રેગ્યુલર બદામ | ૯૨૦ | કાજુ રોટલા | ૧૦૦૦ | પિશોરી પીસ્તા | ૩૬૦૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૯૬૦ | ઈન્ડિયન કિસમિસ | ૬૦૦/૬૮૦ | પીસ્તા સ્લાઈસ | ૨૪૦૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૦૦૦ | અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ | સોલ્ટેડ પીસ્તા | ૧૪૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ | અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ | 2A સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ | સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ | 3A સોલ્ટેડ પીસ્તા | ૧૮૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૦૦૦ | રેગ્યુલર કાળી કિસમિસ | ૪૮૦ | અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૨૦૦ | સીડલેસ કાળી કિસમિસ | ૫૨૦ | પબડી ગોટા | ૧૦૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૨૪૦૦ | મોટી સીડલેસ કાળી કિસમિસ | ૮૦૦ | પબડી ફાડચા | ૮૦૦ |
| 2A મામરા બદામ | ૩૬૦૦ | મોટી કાળી કિસમિસ | ૮૮૦ | કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૧૮૦ |
| 3A મામરા બદામ | ૩૮૦૦ | જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ | ઓમાન કાળી ખજૂર | ૩૬૦ |
| 4A મામરા બદામ | ૪૮૦૦ | આખા અખરોટ | ૯૦૦ | ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૦૦ |
| 5A મામરા બદામ | ૫૬૦૦ | અખરોટ કણી | ૧૦૦૦ | કલમી ખજૂર | ૮૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૯૦૦૦ | અખરોટ ક્વાર્ટર ટુકડા નવા | ૧૪૦૦ | કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ |
| બદામ સ્લાઈસ | ૧૦૦૦ | કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ | મજદૂલ ખજૂર (લૂજ) | ૧૨૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ | વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ | મજદૂલ ખજૂર | ૧૪૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ | જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૪૦૦ | જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ |
| | | એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ | અજવા ખજૂર | ૧૨૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ | 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ | લાલ ખજૂર | ૧૪૦ |
| 2A કાજુ | ૧૩૦૦ | 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ | સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ |
| 3A કાજુ | ૧૪૦૦ | જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ | પમ્પકીન સીડસ | ૪૮૦ |
| 5A કાજુ જમ્બો | ૧૬૦૦ | સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ | રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૬૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ૧૧૦૦ | A અંજીર | ૧૨૦૦ | સનફલાવર સીડ | ૩૨૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૨૦૦ | 2A અંજીર | ૧૬૦૦ | રોસ્ટેડ સનફલાવર સીડ | ૪૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૬૦૦ | 3A અંજીર | ૧૮૦૦ | ચીયા સીડસ | ૩૬૦ |
| મસાલા કાજુ | ૧૨૦૦ | 4A અંજીર | ૨૦૦૦ | ક્યુનોવા | ૨૮૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | ૧૨૦૦ | 5A અંજીર | ૨૪૦૦ | કલીંગર સીડસ | ૬૮૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ | 6A અંજીર | ૨૮૦૦ | ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૪૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ | 7A અંજીર જમ્બો | ૩૬૦૦ | રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૪૦ | પીસ્તા મગજ | ૨૪૦૦ | રોસ્ટેડ ૭ સીડસ | ૬૦૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ | મોટા પીસ્તા મગજ | ૨૬૦૦ | ધાણાદાળ | ૩૨૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ | A મોટા પીસ્તા મગજ | ૨૮૦૦ | જમ્બો રોલ્ડ ઓટ્સ | ૧૮૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ | જમ્બો પીસ્તા મગજ | ૩૨૦૦ | ટાઈગર નટ્સ | ૧૮૦૦ |

| બાસમતીચોખા | આખા | તીબાર | દુબાર |
|---|---|---|---|
| કોહીનુર (30kg) | ૧૪૦ | ૧૨૫ | ૧૧૦ |
| કોહીનુર (10kg) | ૧૫૦ | ૧૩૫ | ૧૨૦ |
| રેશ્મ | ૧૩૫ | ૧૧૫ | ૧૦૫ |
| સાધુ | ૧૪૦ | ૧૨૦ | ૧૦૦ |
| બોમ્બે | ૧૨૫ | ૧૧૦ | ૯૫ |
| દાવત | ૧૩૫ | ૧૨૫ | ૧૧૦ |
| લાલકિલ્લા | ૧૫૦ | ૧૩૦ | ૧૧૫ |

નવા પરિમલ ૫૦ નવા મસુરી ૪૪ નવા કાળીમલીચ ૮૪
નવા લચકારી વાડા કોલમ ૬૦/૬૪ કૃષ્ણ ક્મોદ ૨૪૦/૨૬૦
દુબરાજ ૬૮ નવા આંબામોર ૧૭૦/૧૮૦ (કલકત્તી)

| | | | |
|---|---|---|---|
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૦૦૦ | જમ્બો મખાના | ૧૮૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૦૦૦ | ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૬૦૦ |
| ચારોલી | ૨૪૦૦ | સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| ગ્રીન ઈલાયચી | ૩૨૦૦/૩૬૦૦/૪૦૦૦ | તજ પાવડર | ૬૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ | ગુંદર કણી | ૨૮૦/૩૨૦ |
| કેનબેરી | ૬૮૦ | જીરાગોળી | ૨૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ | મીઠા આમળા | ૨૪૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ | હની આમળા | ૩૬૦ |
| ડ્રાય કિવી | ૪૮૦ | ઠાકોરજીની મિશ્રી | ૮૦ |
| ડ્રાય માંગ્ો / ડ્રાય પાઈનએપલ | ૬૮૦ | ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| બ્રાઝિલ નટસ | ૩૬૦૦ | કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૫૦ |
| હેઝલ નટ | ૨૪૦૦ | સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૫૦ |
| પ્રુન્સ | ૮૦૦ | સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | ૪૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૨૦૦ | સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | ૯૦૦૦ |
| પીકન નટ | ૨૨૦૦ | ભીમસેની કપુર | ૧૦૦૦ |
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ | કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ | જાવત્રી | ૩૬૦૦ |
| મખાના રેગ્યુલર | ૧૦૦૦ | બાદયાન | ૧૨૦૦ |
| A મખાના | ૧૨૦૦ | જાયફળ | ૧૨૦૦ |
| 2A મખાના | ૧૪૦૦ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નવા લોકવાન ઘંઉ | ૪૪ | રાવલગાવ ચોરસ સાકર | ૭૦ | કાબૂલી ચણા | ૧૨૦/૧૪૦/૧૬૦ | સામો | ૧૪૦ | તજ | ૪૦૦/૬૮૦ |
| નવા બેસ્ટ સરબતી એમપી સિહોર | ૬૪ | મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ | વાલની દાળ | ૧૬૦ | કુટી દાળો | ૨૪૦ | લવીંગ | ૧૨૦૦/૧૪૦૦ |
| નવા એમપી સિહોર | ૫૨/૬૦ | જાડી મોગરદાળ | ૧૪૦ | ચોળાની દાળ | ૧૬૦ | કુટી લોટ | ૨૮૦ | રાઈ | ૧૦૦/૧૨૦/૧૪૦ |
| જુના પરિમલ | ૪૦ | મોગરદાળ રજવાડી | ૧૫૦ | રાજમા | ૧૬૦ | સીંગોડાનો લોટ | ૪૦૦ | લોનાવલા કોક્મ | ૬૦૦ |
| સુરતી કોલમ | ૪૮/૫૬ | નવી મસુરદાળ | ૯૦ | જમ્બો રાજમા | ૧૬૦ | એમપી ઘઉંનો લોટ | ૬૦ | રાઈ કુરીયા | ૧૬૦ |
| જુના લચકારી વાડા કોલમ | ૭૬ | અળદ દાળ | ૧૩૦/૧૫૦ | સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ | ઘઉંનો લાડુ લોટ | ૬૫ | મેથી કુરીયા | ૨૪૦ |
| જુના આંબામોર | ૨૧૦ | ચણા દાળ | ૮૪/૯૦ | લાલ તુવર | ૨૦૦ | સીંગદાણા | ૧૬૦/૧૭૦/૧૮૦ | ધાણા કુરીયા | ૨૮૦ |
| જુના કાળી મુછ | ૯૦ | ગ્રીન છીલટી મગ દાળ | ૧૨૦/૧૪૦ | કબૂતર જુવાર | ૩૮ | આખા સીંગ (ભુતડા) | ૧૪૦ | ~~~હોમમેડ મસાલા~~~ | |
| નવા કાળી મુછ | ૮૪ | જાડી ગ્રીન છીલટી મગ દાળ | ૧૬૦ | સોલાપુર જુવાર | ૮૦ | સાબુદાણા | ૭૦/૮૦ | સ્પેશ્યલ દુધનો મસાલો | ૨૮૦૦ |
| નવી રેંટીયો તુવેર દાળ | ૧૭૦ | મગ | ૧૨૦/૧૪૦ | બાજરી | ૫૦ | નવો દેશી ગોળ | ૭૫ | ઓરગૈનીક સૂઠ પાવડર | ૬૦૦ |
| અંગુર તુવરદાળ | ૧૬૦ | જાડા મગ | ૧૮૦ | ખાવાની પીળી મકાઈ | ૬૦ | બરફી ગોળ | ૬૫ | ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| લક્ષ્મી તુવેરદાળ | ૧૫૦ | મઠ | ૧૨૦/૧૬૦ | પોપકોર્ન મકાઈ | ૧૪૦ | ગોળ પાવડર | ૧૪૦ | પ્યોર ચાનો મસાલો | ૧૨૦૦ |
| કોરી તુવર દાળ લાતુર | ૧૩૦ | આખા મસુર | ૧૨૦ | લાપસી રવો | ૫૨ | ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૦ | પ્યોર ગરમ મસાલો | ૧૦૦૦ |
| કોરી તુવર દાળ ગુજરાત મઢી | ૧૫૦ | સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ | જાડો / બારીક રવો | ૪૮ | મેથી | ૧૨૦/૧૬૦ | પ્યોર આમચૂર પાવડર | ૬૦૦ |
| દામજી પાસુ તુવરદાળ | ૨૦૦ | લીલા વટાણા | ૧૬૦ | મેંદો | ૪૮ | જમ્બો જાડી મેથી | ૨૦૦ | ખોપરા ખમણ | ૪૦૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ | કાળા વટાણા | ૧૬૦ | જીરૂ | ૩૨૦/૩૬૦/૪૦૦/૪૮૦ | લીલી વરિયાળી | ૪૦૦/૪૮૦/૫૨૦ | સેલમ હળદર પાવડર | ૩૨૦ |
| જાડા પૌંઆ | ૬૫ | વાલ સુરતી | ૧૬૦ | જુવારનો લોટ | ૯૦ | લખનૌં વરિયાળી ગ્રીન | ૪૮૦ | મિરચી પાવડર | ૪૮૦ |
| મંગલમ જાડા પૌંઆ | ૭૫ | ચોરા | ૧૨૦ | નાચણીનો લોટ | ૮૦ | ધાણા દાળ | ૩૬૦ | કશ્મિર મિરચી પાવડર | ૮૦૦ |
| પાતળા પૌંઆ | ૬૮ | જાડા ડોલર ચોરા | ૧૬૦ | મકાઈનો લોટ | ૮૦ | તલ | ૨૪૦/૨૮૦ | માલવણી મસાલા | ૩૬૦ |
| સાકર | ૪૪/૪૬ | બારીક ચોરા | ૨૪૦ | રાજગીરાનો લોટ | ૧૮૦ | કાળા તલ | ૩૬૦ | ધાણા પાવડર | ૨૮૦ |
| ખડી સાકર | ૮૦ | બીબી પાપડી વાલ | ૧૬૦ | ઢોકળાનો લોટ | ૧૨૦ | સુવા | ૩૬૦ | ધાણા જીરૂ પાવડર | ૩૬૦ |
| | | કડવા વાલ | ૨૪૦ | હાંડવાનો લોટ | ૧૬૦ | આજમો | ૩૬૦/૪૪૦ | સિંધેવ મીઠુ (પિન્ક સોલ્ટ) | ૬૦ |
| | | લાલ ચણા નાના | ૯૦ | ચોખાનો લોટ | ૮૦ | જાડો આજમો | ૬૦૦ | સાદુ લસણ મોટી સાઈઝ | ૨૪૦ |
| | | લાલ મોસંબી ચણા | ૧૪૦ | | | રતલામ ખસખસ | ૨૨૦૦ | | |

FREE HOME DELIVERY

Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card

મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- Sunday Closed Rates per kg.

S. Arts

## સંસ્થા સમાચાર

### એમ્બીવેલી સિટીમાં પૂ. શ્રી ધીરગુરુદેવનો નગર પ્રવેશ

શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવનો નગરપ્રવેશ માલિનીબેન કિશોરભાઇ સંઘવીના નોર્થ લેઇક, (દેવઘર) એમ્બીવેલી ખાતે તા. ૫ને રવિવારે સવારે ૧૦-૩૦ કલાકે શ્રી મીનાબેન ભરતભાઇ શાહના નિવાસેથી ભાવિકોના જયનાદે ધર્મોલ્લાસપૂર્વક ઉજવાયેલ. કલ્પના અને તૃપ્તિ સંઘવીના સ્વાગત ગીત બાદ બૃનેલ સંઘવીએ અહોભાવ પ્રગટ કરેલ કે દાદા કિશોરભાઇ સંઘવીનું સ્વપ્ન સાકાર બનતાં ખૂબ જ આનંદ છે.

પૂ. ગુરુદેવે જણાવેલ કે જીવનમાં કર્મયોગથી બચવા ભક્તિયોગ અને ત્યારપછી જ્ઞાનયોગમાં આગળ વધવા સતત શુભ ભાવો રાખવા અતિ અતિ જરૂરી છે. ગરમી સૂરજ સે નીકલતી હૈ, તપના ધરતી કો પડતા હૈ, કર્મો કાયા સે હોતા હૈ, તડપના આત્મા કો પડતા હૈ, એમ્બીવેલી ચાતુર્માસ કમિટીના અમીશા વોરાએ ૨૧ જૂન, રવિવારનું ચાતુર્માસ પ્રવેશનું આમંત્રણ અને વધુને વધુ ભાવિકોને આરાધનમાં જોડાવા આહ્‌વાન કરેલ. ઉમેશ સંઘવીએ સહુનો આભાર પ્રગટ કરેલ. માઉન્ટ બ્લિસ બંગલે અંજુમભાઇ બીલખીયાની વિનંતી સ્વીકારી પધરામણી થતાં પ્રસન્નતા પ્રગટ કરેલ. શ્રી સંજય સંઘવી, ઉર્વિશ વોરા, ઉમેશ સંઘવી, અમીશા વોરા વગેરેએ અભિવાદન કરેલ.

### ધીરગુરુદેવના અનુગ્રહથી ઈન્દોરમાં ૧૦ કરોડ અને યવતમાળમાં છ કરોડના ખર્ચે ઉપાશ્રયનું નવનિર્માણ






શ્રી ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘ, સ્નેહલતા ગંજ, ઈન્દોર ખાતે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૧૦ કરોડના ખર્ચે સુવિધિ હિમાંશુભાઈ બોટાદરા - જૈન ઉપાશ્રય વગેરે સંકુલનું નિર્માણ થશે.

તેમ જ યવતમાળમાં છ કરોડના ખર્ચે મહાવીર ઉપાશ્રયનું નિર્માણ કરાશે, જેમાં ઉષાબેન અનિલભાઈ ભાયાણી તથા ઈન્દિરાબેન શશીકાંત ઉદાણી આનંદમંગલ વ્યાખ્યાન હોલ અને સુધર્મ પ્રવચન પાટનો લાભ લીધેલ છે. વિવિધ યોજના ઉપરાંત એક લાખ આઠ હજારમાં તીર્થંકર તકતીનું આયોજન કરાયું છે.

# મુલુંડના રહેવાસીઓને હજી કેટલા દિવસ દુર્ગંધ સહેવી પડશે?

## ડીઝલની અછતને કારણે કચરા પર પ્રક્રિયાનું કામ ઘોંચમાં પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઈરાન-અમેરિકાના યુદ્ધની અસર મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી પહોંચી ગઈ છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડના કચરા પર પ્રક્રિયા કરીને તેનો નિકાલ કરવાની એપ્રિલ ૨૦૨૬ની મુદત કૉન્ટ્રેક્ટર ચૂકી જશે એવું જાણવા મળ્યું છે.

હાલ ચાલી રહેલા યુદ્ધના પગલે ડિઝલની અછત વર્તાઈ રહી હોવાથી કચરા પર પ્રક્રિયા કરવાનું કામ અટવાઈ પડ્યું છે. તેથી હવે આ કામ કયારે પૂરું થશે અને કૉન્ટ્રેક્ટરને પાલિકા મુદત વધારી આપશે કે નહીં તે બાબતે ગૂંચવણ ઊભી થઈ છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ૭૦ લાખ મેટ્રિક ટન કચરાને સાફ કરવાનો લક્ષ્યાંક એપ્રિલ, ૨૦૨૬માં લગભગ પૂર્ણ થવાનું હતું પણ લગભગ પાંચ વર્ષ બાદ પણ હજી સુધી સાત ટકા કચરો સાફ કરવાનો બાકી જ રહ્યો છે, તેમાં હવે યુદ્ધને પગલે કચરા પર પ્રક્રિયા પર કરવા માટે જરૂરી ડીઝલની અછતને કારણે કચરા પર પ્રોસેસિંગ કરવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડના કચરાને સંપૂર્ણપણે પ્રક્રિયા કરીને તેનો નિકાલ કરવાના આ પ્રોજેક્ટને પૂર્ણ કરવાની ચોથી સમયમર્યાદા આ મહિનાના અંતમાં પૂરી થવાની છે. અત્યાર સુધીમાં લગભગ ૬૫ ટકા મેટ્રિક ટન કચરા પર પ્રક્રિયા કરવામાં આવી છે. બાકીના પાંચ લાખ મેટ્રિક ટનનું કામ ૧૦ દિવસમાં પૂર્ણ થવાનું હતું. જોકે ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધના ભડકાને કારણે ડીઝલનો પુરવઠો ખોરવાઈ ગયો છે અને તેની સીધી અસર મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડના કામને થઈ છે.

ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કચરા પર પ્રક્રિયા કરવા માટે ખોદકામ, બાયો-માઈનિંગ અને ડમ્પર અને સ્ક્રીનીંગ જેવા મશીનરીની આવશ્યકતા છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ડીઝલની અછતને કારણે કામને અસર થઈ હોવા બાબતે કૉન્ટ્રેક્ટરે પાલિકાને જાણ કરી છે. ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં કુલ ૭૦ લાખ મેટ્રિક ટનમાંથી પંચાવન લાખ મેટ્રિક ટન કચરા પર પ્રક્રિયા કરીને તેનો નિકાલ લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ આ પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી હતી.

દિવસના ૧૦થી ૧૨ હજાર ટન કચરા પર પ્રક્રિયા કરવામાં આવી રહી હતી. જોકે ડિઝલની અછતને કારણે આ મહિને બાકીનું સાત ટકા કામ પૂર્ણ કરવું પડકારજનક લાગી રહ્યું હોવાનું કૉન્ટ્રેક્ટરને પાલિકાને જણાવ્યું હતું. જોકે હવે તેને સમયમર્યાદા લંબાવવાનો કોઈ ઈરાદો નહીં હોવાની સ્પષ્ટતા પાલિકા અધિકારીએ કરી હતી. કૉન્ટ્રેક્ટરને શક્ય તેટલી ઝડપથી કામ પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હોવાનું કહેવાય છે.

મુંબઈમાં દરરોજ લગભગ ૭,૦૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે, જેમાંથી ૯૦ ટકા કચરો કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવે છે. તો ૧૦ ટકા કચરો હજી પણ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવામાં આવે છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ ૨૪ હેક્ટરમાં ફેલાયેલું છે અને ૧૯૬૮થી કાર્યરત હતું.

એક સમયે મુંબઈનું તે સૌથી મોટું ડમ્પિગ ગ્રાઉન્ડ હતું. ૨૦૧૮ની સાલમાં તેને સત્તાવાર રીતે બધ કરવામાં આવ્યું હતું અને એ જ વર્ષે ઓક્ટોબરમાં પાલિકાએ બાયો-માઈનિંગ દ્વારા સાઈટને ફરી મેળવવા માટે ૭૩૧ કરોડ રૂપિયાનો કૉન્ટ્રેક્ટ આપ્યો હતો. જોકે આ દરમ્યાન ૨૦૧૯માં કોવિડને કારણે લાગુ પડેલા લોકડાઉનને કારણે સાઈટ પર કામ છેક ૨૦૨૧ની સાલમાં શરૂ થયું હતું અને તેને કારણે કામ સતત તેની ડેડલાઈન ચૂકી ગયું હતું.

# ડોંબિવલી, કલ્યાણમાં ૧૦ અનધિકૃત શાળાઓમાં પ્રવેશ ન લેવા અપીલ

કલ્યાણ : શહેરના કલ્યાણ વિસ્તારમાં કુલ ૧૦ અનધિકૃત શાળાઓ છે. વાલીઓ અને વિદ્યાર્થીઓને આકર્ષવા માટે, શાળા સંચાલકોએ આ શાળાઓને ગ્લોબલ, ઇન્ટરનેશનલ જેવા નામ આપીને અને આ શાળાઓ સીબીએસસી, આઇસીએસસી, આઇબી બોર્ડના નેજા હેઠળ હોવાનું દર્શાવીને વાલીઓ અને વિદ્યાર્થીઓને છેતરવાનો પ્રયાસ કર્યો છે. તેથી, થાણે જિલ્લા પરિષદના પ્રાથમિક વિભાગના શિક્ષણ અધિકારી બાળાસાહેબ રક્ષેએ વાલીઓને અપીલ કરી છે કે તેઓ તેમના બાળકોને આ અનધિકૃત શાળાઓમાં પ્રવેશ ન આપે કારણ કે તેમની પાસે સરકારી મંજૂરી નથી.

થાણે જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારોની દરેક શાળામાં પ્રવેશ લેતી વખતે વાલીઓ અને વિદ્યાર્થીઓએ ખાતરી કરવી જોઈએ કે સંબંધિત શાળા માન્યતા પ્રાપ્ત છે, તેવી અપીલ જિલ્લા પરિષદ શિક્ષણ વિભાગે વાલીઓને કરી છે. થાણે જિલ્લા પરિષદના અધિકારક્ષેત્રમાં કોઈપણ અનધિકૃત શાળા ચાલુ ન રહે તે માટે વહીવટીતંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. શિક્ષણ અધિકારી રક્ષેએ જણાવ્યું હતું કે આવી શાળાઓ સામે મફત અને ફરજિયાત શિક્ષણના બાળકોના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ દંડ અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જો માતા-પિતા પોતાના બાળકોને આવી અનધિકૃત શાળાઓમાં દાખલ કરાવે છે અને તેના પરિણામે કોઈ શૈક્ષણિક નુકસાન થાય, તો તેના માટે સંબંધિત માતા-પિતા સંપૂર્ણપણે જવાબદાર રહેશે તેની નોંધ લેવા પણ અપીલ કરવામાં આવી છે.

કલ્યાણ, ડોંબિવલીની અનધિકૃત શાળાઓ

કલ્યાણ તાલુકા પંચાયત સમિતિ હેઠળની દસ અનધિકૃત શાળાઓના નામ : જી.કે. ઇંગ્લિશ હાઇસ્કૂલ ખડવલી, તા. કલ્યાણ, ચૈતન્ય ટેક્નાસ્કૂલ, રીજન્સી અનંતમ, ડોંબિવલી (પૂર્વ), કમાન્ડર પ્રકાશ ઇન્ટરનેશનલ સ્કૂલ અને જુનિયર કોલેજ ખડવલી પૂર્વ, તા. કલ્યાણ, કાયધાન ઇંગ્લિશ સ્કૂલ, તા. કલ્યાણ, એ.પી.એચ. સ્કૂલ ખોણી, કટાઈ બદલાપુર રોડ, તા. કલ્યાણ, સિમ્બાયોસિસ સ્કૂલ, કોંઢેરી, તા. કલ્યાણ, એસ.આર.ડી. પી. શાળા, નીબંવલી,તા. કલ્યાણ, સંભાજીરાવ દેશમુખ પબ્લિક સ્કૂલ, નીબંવલી, તા. કલ્યાણ, સેવન સ્ટ્રીમ સ્કૂલ પીસવલી, તા. કલ્યાણ.

# મંત્રાલયનો કક્ષ અધિકારી ₹ ૬.૩૭ લાખની લાંચ લેતાં પકડાયો

મુંબઈ: મંત્રાલયના કક્ષ અધિકારી (ક્લાસ-૧)ને એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ખારઘરમાં ૬.૩૭ લાખ રૂપિયાની લાંચ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યો હતો. કક્ષ અધિકારી વિલાસ લાડ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ કેસના ફરિયાદીને ગામમાં મૂળભૂત સુવિધાના વિકાસ કામ માટે સરકારી ભંડોળ મંજૂર કરાવવા માટે ગામના સરપંચે અધિકારપત્ર આપ્યો હતો. આથી ફરિયાદી સરકારી ભંડોળ મંજૂર કરાવવાના કામ માટે મંત્રાલયમાં આવ-જા કરતો હતો. મંત્રાલયમાં કામ કરનારા વિલાસ લાડે ભંડોળ મંજૂર કરી આપવાના બદલામાં ફરિયાદી પાસે લાંચ માગી હતી, જેને પગલે એસીબીમાં ફરિયાદ નોંધાવા હતી. આ પ્રકરણે તપાસ કર્યા બાદ એસીબીના અધિકારીઓએ રવિવારે ખારઘર વિસ્તારમાં છટકું ગોઠવીને વિલાસ લાડને લાંચ લેતાં પકડી પાડ્યો હતો.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઇન્દુભાઈ ગોરધનદાસ દોશીના ધર્મપત્ની હીરાબેન (ઉં. વ. ૯૦) તે સંજય તથા નીતાબેન હરેશભાઇ પીપળીયા, મમતા હેમંત કોઠારીના માતુશ્રી. મીતાના સાસુ. પિયરપક્ષે દુર્લભજી અવિચાળ ભરવાડાના દીકરી. નિર્મળા ગુણવંતરાય અનિલા પ્રવિણચંદ્ર સુમન નવીનચંદ્ર મધુ હર્ષદરાય, અંજના રજનીકાંતના ભાભી. તે ૩-૪-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ખારા નિવાસી હાલ મલાડ સ્વ. સોમચંદ પાનાચંદ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૯) ૪. ૪.૨૬ શનિવારે અવસાન પામેલ છે. તે કેતનભાઇ, રીટાબેન દીપકકુમાર દોશી, બીનાબેન કેતનકુમાર શાહ, મીતાબેન દક્ષેશ કુમાર દોશીના માતૃશ્રી. જસ્મીનાબેનના સાસુ. સ્વ. ગુલાબચંદભાઈના નાનાભાઈના ધર્મપત્ની. નેમચંદભાઈ કાંતિભાઈ, સ્વ. શાંતાબેન લાભુબેન લીલીબેનના ભાભી. સ્વ. રાઘવજી દેવચંદ મહેતા હણોલવાળાના દિકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

ગોધરાના તેજશી આણંદજી નથુ રાંભીયા (ઉ. વ. ૭૯) તા. ૦૪-૦૪-૨૦૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. રતનબાઇ આણંદજીના પુત્ર. તરલા (નયના)ના પતિ. ભક્તિ, પુજાના પિતા. પ્રેમજી, નાનજી, ડુંગરશી, વિમળા, સ્વ. મંજુલા, ઝવેર (મીના), અમૃત, પુષ્પા (પુજા)ના ભાઇ. સ્વ. ઝવેરબેન વેલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. તરલાબેન રાંભીયા, એ/૫૦૩, માઁ જય અંબે હાઇટસ, તિરૂપતિનગર, ફેઝ-૨, મહારાષ્ટ્ર ફર્નિચરની બાજુમાં, વિરાર (વે).

નાની ખાખરના હંસાબેન/હીરબાઇ ઠાકરશી મુરજી દેઢીયા (ઉ. વ. ૮૧) તા. ૪-૪-૨૦૨૬નાં અરિહંત શરણ પામેલ છે. સ્વ. લધીબાઇ મુરજીના પુત્રવધુ. સ્વ. ઠાકરશીના પત્ની. અરવિંદ, સ્વ. રીટાના માતુશ્રી. ફરાદીના સ્વ. કુંવરબાઇ ભીમશી વીરાના સુપુત્રી. સ્વ. નરશી, સ્વ. મગનલાલ, ડેપાના સ્વ. રતનબેન કાનજી, બિદડાના સ્વ. નાનબાઇ (જયશ્રી) જીવરાજ, નાની ખાખરના નિર્મળાબેન તલકશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અરવિંદ ઠાકરશી દેઢીયા, ૧૪૦૩, ટી-વન આલ્ફા, નાયડુ કોલોની, ઘાટકોપર (ઇ.)

વિઢના માતુશ્રી નવલબેન વિસનજી નાગડા (ઉ.વ ૮૯) તા. ૨-૪-૨૬ ના અવસાન પામેલ છે. વાલબાઈ ટોકરશી દેવરાજના પુત્રવધુ, વિસનજીના પત્ની જ્યોતિન્દ્ર વાલ્મીકાના માતા કોટડીના રાજબાઈ ભીમશી દેવશીના પુત્રી. ગઢશીસાના મીઠીબાઈ ખેરાજ મણિબેન લાલજીના બેન. પ્રા. ૬.૪.૨૬, ટા. ૩ થી ૪.૩૦. શ્રી ક.વિ.ઓ.દે. જૈન મહાજન સં. શ્રી જીરાવલ્લા દેરાસર હોલ, ઘાટકોપર (ઈ).

ગુંદાલાના હેમલતા લક્ષ્મીચંદ રાંભિયા (ઉ.વ.૭૭) તા. ૩-૪-૨૦૨૬ ના અવસાન પામેલ છે. અમૃતબેન (ઉમરબેન) જાદવજીના પુત્રવધુ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. રીટા, હીના, પિયુષ ના માતુશ્રી. કુંદરોડીના રતનબેન જાદવજી દેઢિયાની પુત્રી. શાંતિલાલ, વસંત, મોખાના નિર્મળા નવીન ભેદાના બેન. પ્રાર્થના : શ્રી માટુંગા કચ્છી શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ટાઇમ : સાંજે ૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મીચંદ જાદવજી રાંભિયા, મંગલમ સો., ૪૦૪/બી, મામલતદાર વાડી, ક્રોસ રોડ નં. ૬, મલાડ (વે), મુંબઇ-૬૪.

નાની ખાખરના નવીનચંદ્ર શામજી દેઢિયા (ઉ.વ. ૮૧) તા. ૦૪-૦૪-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન શામજી નાગશીના પુત્ર. મંજુલા અને રંજનના પતિ, સોનલના પિતા. બિદડાના નિર્મળા વસંત હીરજીના ભાઈ,.નાગલપુરના લક્ષ્મીબેન મગનલાલ હંસરાજ, પત્રીના લક્ષ્મીબેન ધનજી દેવજી ધરોડના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : નવીન શામજી, બી-૮૦૩, પ્રેમનગર લેગસી, નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મું.-૮૦.

સ્વ. સુધાબેન જાની (ઉ.વર્ષ -૮૪) ૩-૪-૨૦૨૬ ને શનિવારે સિહોર નિવાસી હાલ મુબંઈ (બોરીવલી) ખાતે સ્વગેવાસ થયેલ છે.તે સ્વ.ચંદુલાલ ચંપકલાલ જાનીના પત્ની. ભરતભાઈ, પ્રફુલાબેનના ભાભી. યોગેશ, ભાવેશ, અંજના, દર્શના, બીના, તેજલ બેનના માતુશ્રી. વર્ષા, કિન્નરી, જયેશભાઈ, રાજીવભાઈના સાસુ. શ્રેયસ, સર્વેષના દાદી. સ્વ. હીરાલક્ષ્મી કરૂણાશંકર ભટ્ટના દીકરી. સ્વર્ગસ્થની સાદડી તાઃ-૬-૪-૨૬ને સોમવારે સાંજે ૫ થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ વી રોડ. કાંદિવલી વેસ્ટ, લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

સ્વ. કિશોરભાઇ બેચરલાલ સોનછાત્રા તા. ૫-૪-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. જેમની અંતિમયાત્રા તા. ૬-૪-૨૬ના સોમવારે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામ સલાયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. ગોરધનદાસ રણછોડદાસ રાયઠઠાના ધર્મપત્ની સ્વ. મધુકાંતા ગોરધનદાસ (ઉં. વ. ૯૨) તે સ્વ. મંગળાબેન ને સ્વ. જશોદાબેન જમનાદાસ મોદીના દીકરી. તે સ્વ. ચંદુભાઇ અને સુરેશ, કીર્તિ, પંકજ અને રેખાના માતુશ્રી. ને નયનાબેન અને રાજેશકુમાર મસરાનીના સાસુ. દેવેન્દ્ર, કૃષ્ણકાંત, જિતેન્દ્ર, મહેશ, ઉષાબહેન, સ્વ, પ્રેમિલાબેનના મોટાબેન. તા. ૪-૪-૨૬ શનિવારે શ્રીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૪-૨૬ સોમવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે.વાંઝાવાડી ધનમાલ સ્કૂલની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કંઠી ભાટિયા**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર મેઘરાજ પદમશી ભાટીયા તા. ૧-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પુષ્પાબેન પદમશીના પુત્ર. તે સ્વ. રાધાબેન હરિદાસ ગાંધીના જમાઇ. દીપ્તિબેનના પતિ. મિતાલી દીપ મણિયારના પિતા. તે હરીશભાઇ અને સ્વ. રેખાબેનના ભાઇ. તથા દીનાબેન હરીશભાઇના દિયર. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

રાજપરા નિવાસી હાલ ગોરેગાંવ મુંબઈ સ્થિત મહેન્દ્રભાઈ (નાનુભાઈ) જમનાદાસ બાબરિયા અને જ્યોતિબેન મહેન્દ્રભાઈના પુત્ર દીપક (ઉં. વ. ૪૮) તે રેખા તેજસ શેઠ. સંગીતા મેહુલ દેખતાવાલા, ગૌરવ, નિલેશ અને મહેશના ભાઈ. સ્વ. રમણીકલાલ અરવિંદભાઈ, શશિકાંત જમનાદાસ બાબરિયા, સ્વ. અંજનાબેન શશિકાંત, સ્વ. મંજુલાબેન વાસુદેવ ત્રિવેદી અને સ્વ. જસુમતીબેન નંદલાલના ભત્રીજા. હેતા ગૌરવ બાબરીયાના જેઠ. નવીનભાઈ અને અશોકભાઈ નંદલાલના ભાણેજ તા. ૨-૪-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સાદડી અને લૌકિક ક્રિયા બંધ છે.

**હાલાઇ ભાટિયા**

વિજયસિંહ કાનજી કાપડિયા તે કાંતાબેન કાનજી પુરુષોત્તમ કાપડિયાના પુત્ર (ઉં. વ. ૭૬) તે સ્વ. રંજનાબેનના પતિ. સ્વ. સુરેશ, હિના, હેમકળા હરીશ ઉદેશી, કુમુદ વિનોદભાઈ નેગાંધીના ભાઈ. વિશાલ, ખ્યાતિના પિતા. અંકિત મહેન્દ્રભાઈ શાહ તથા નિશાના સસરા. ગીતા સુરેશ કાપડિયાના દિયર. તે ૪-૪-૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૭-૪-૨૬ના રોજ ૪.૩૦ થી ૬. ઠે. ૧૫૦૨, સમરસેટ બિલ્ડીંગ, ચારકોપ ગાંવ, એમ જી રોડ, હાઈલેન્ડ કોમ્પ્લેક્સ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ રાજુલાવાળા હાલ વિલેપાર્લે સ્વ. જ્યોત્સનાબેન ડાહ્યાભાઈ વાઘેલા (ઉં.વ. ૬૭) તા. ૩૧/૩/૨૬ ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. તે ડાહ્યાભાઈ કૂકાભાઇ વાઘેલાના ધર્મપત્ની. સ્વ. પ્રભાબેન પુરુષોત્તમભાઈ જીલકાના દીકરી. સોનલ, નીખીલ, મયુરના માતુશ્રી. રૂપેશ દુર્લભજી પરમાર, પલક, સુરુચિના સાસુ. વેદીન તથા હ્વીનના દાદી. તેમની પ્રાર્થનાસભા ૬/૪/૨૬ના રોજ ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

**મોઢ વણિક**

જૂનાગઢ નિવાસી તથા હાલ કાંદિવલી નિવાસી સ્વ. પ્રદીપકુમારના ધર્મપત્ની હર્ષિદાબેન પારેખ (ઉં.વ. ૬૯) તા. ૦૪-૦૪-૨૬, શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. પાયલ અને ગ્રીશ્માના માતુશ્રી. રોહનકુમાર અને આશિષકુમારના સાસુજી. સ્વ. બિન્દુબેન તથા નવીનભાઈના મોટાબેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણવાળા પંચાલ**

મેરવાડા નિવાસી, (હાલ બોરીવલી) સ્વ. હંસાબેન પંચાલ (ઉં.વ. ૬૫) તા. ૦૩/૦૪/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હસમુખભાઈ નરોત્તમદાસ પંચાલના પત્નિ. તે ધ્વનિના મમ્મી. તે દર્શનકુમાર શેઠના સાસુશ્રી. તે કનુભાઈ, કાંતિભાઈ, ઉર્મિલાબેન, નીકુબેનના ભાભી. તે શાંતાબેન સોમાલાલ પંચાલ (ગામઃ કુણઘેર)ના દીકરીની પ્રાર્થનાસભા તા. ૦૬/૦૪/૨૬ના સોમવારે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ ટી રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (વેસ્ટ).

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈ-પુણે

સંસ્થાઓ પાસેથી લોન દ્વારા એકત્ર કરવામાં આવશે. આ લોન ચૂકવવા માટે વર્તમાન ટોલ વસૂલાતનો સમયગાળો ૧૫ વર્ષ સુધી લંબાવવાનો પ્રસ્તાવ છે. આને કારણે ટોલ સમયગાળો જે હાલમાં ૨૦૪૫ સુધીનો છે, તેને સીધો ૨૦૬૦ સુધી લંબાવવામાં આવે તેવી શક્યતા છે. જોકે આનાથી મુસાફરોના ખિસ્સા પર વધારાનો નાણાકીય બોજ પડશે, પરંતુ મુસાફરીની ગતિ વધશે.

એક્સપ્રેસવેનો ૧૩ કિલોમીટર લાંબો 'મિસિંગ લિંક' પ્રોજેક્ટ મે મહિનામાં ટ્રાફિક માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે. આ લિંક ઘાટ વચ્ચેનું અંતર ઘટાડશે અને મુસાફરોને મોટી રાહત આપશે. આ રસ્તો લોનાવલા અને ખંડાલા ઘાટ વચ્ચેના વળાંકવાળા રસ્તાનો વિકલ્પ હશે.

### આખરે એલ્ફિન્સ્ટન પુલ

મુસાફરોને વિલંબનો સામનો કરવો પડ્યો. પુલ દૂર કર્યા પછી, ઓવરહેડ વાયર ફરીથી કનેક્ટ કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં અપેક્ષા કરતાં વધુ સમય લાગ્યો. આ કારણે સવારે છ વાગ્યા પછી પણ ટ્રેન સેવા સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થઈ શકી નહીં. આ કારણે દાદર સ્ટેશન પર ટ્રેનોનો ધસારો થયો હતો.

મધ્ય રેલવેની સેવાઓ ફક્ત દાદર સુધી મર્યાદિત કરવામાં આવી. આના કારણે સીએસએમટી જતા મુસાફરોને દાદરમાં ઉતરીને વૈકલ્પિક વ્યવસ્થા શોધવી પડી. દાદર સ્ટેશન પર હજારો મુસાફરોની ભીડ જોવા મળી. રેલ્વે આ સંદર્ભમાં સતત સૂચનાઓ આપી રહ્યું હતું. લોકલની સાથે મેગા બ્લોકને કારણે એક્સપ્રેસ ટ્રેનોને પણ ભારે અસર પડી છે. મુંબઈ આવતી ઘણી લાંબા અંતરની ટ્રેનોને ભાયખલા અને દાદર સ્ટેશનો પર રોકવામાં આવી હતી. કેટલીક ટ્રેનો ધીમી ગતિએ ચલાવવામાં આવી હતી, જેના કારણે ઘણા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં વિલંબ થયો હતો.

૧૯૧૩માં બનેલો આ પુલ મુંબઈના પશ્ચિમ અને મધ્ય રેલવેને જોડતો એક મહત્વપૂર્ણ કડી હતો. જોકે, સમય જતાં આ પુલ નબળો પડી ગયો હતો. ૨૦૧૭ની ભયાનક નાસભાગની ઘટના પછી, આ વિસ્તારમાં પુલોની સલામતીનો પ્રશ્ન ઉભો થયો હતો. હવે, આ જૂના પુલને સંપૂર્ણપણે દૂર કરવાથી તેની જગ્યાએ વધુ ક્ષમતા અને પહોળાઈવાળા નવા પુલના નિર્માણનો માર્ગ મોકળો થયો છે.

### નરેન્દ્ર મોદીના

પાઠવ્યો હતો, જેમાં જન્મદિવસનો શુભેચ્છા સંદેશ તેમ જ નીચે વડા પ્રધાનના હસ્તાક્ષર હતા. આ પત્ર સોશિયલ મીડિયા પર વહેતો કરવાનું પણ ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. જોકે ફરિયાદી સાથે કામ કરનારા બે જણે આ પત્ર જોતાં તે બોગસ હોવાનું તેમને લાગ્યું હતું. બે દિવસ બાદ ફરિયાદીને વ્હૉઇસ નોટ મોકલીને પૈસાની માગણી કરવામાં આવી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમિયાન ફરિયાદીએ આરોપીને ૨ એપ્રિલે વરલી વિસ્તારમાં મળવા બોલાવ્યો હતો, જ્યાં તૌસિફ પાસેથી મૂળ પત્ર માગવામાં આવતાં તેણે કહ્યું હતું કે વડા પ્રધાન કાર્યાલય પત્ર કુરિયર કરતું નથી. ચાર લાખ રૂપિયા આપ્યા બાદ પત્રની પ્રિન્ટ કાઢીને ફ્રેમ કરીને આપીશું. જોકે પત્ર બોગવ હોવાનું કહી ફરિયાદી ત્યાંથી નીકળી ગઇ હતી. આ પછી આરોપીએ સતત કૉલ કરી ફરિયાદી પાસે પૈસાની માગણી કરતાં ફરિયાદ નોંધાવાઇ હતી.

### ઠાકરે પછી

ઉમેદવારોના ઇન્ટરવ્યુ લીધા હતા. એવા સંકેતો છે કે તેમાંથી કેટલાકને નોમિનેશન મળશે.

સુનેત્રા પવારે હર્ષવર્ધન સપકાળને આ ચૂંટણી બિનહરીફ કરાવવા માટે કોંગ્રેસના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. જોકે, સપકાળે દિલ્હી હાઈકમાન્ડનો હવાલો આપતા સ્પષ્ટતા કરી હતી કે 'દિલ્હીથી આ પેટાચૂંટણી માટે ઉમેદવારો ઉભા રાખવાનો આદેશ છે.'

કોંગ્રેસ હાઈકમાન્ડ આ ચૂંટણી માટે આગ્રહી હોવાથી, સુનેત્રા પવારની વિનંતીને કોંગ્રેસ તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. આ કારણે, બારામતીમાં મહાયુતિ વિરુદ્ધ મહાવિકાસ આઘાડીનો મુકાબલો થવાના સંકેતો છે.

બીજી તરફ, મહાદેવ જાનકરે સુનેત્રા પવાર સાથે ચર્ચા કરતી વખતે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું. 'અમે કોંગ્રેસના વલણ અને મહાવિકાસ આઘાડીના નિર્ણય અનુસાર આગળનું પગલું લઈશું,' એમ જાનકરે કહ્યું હતું. તેથી, સુનેત્રા પવારે હવે જાનકરેનો ટેકો મેળવવા માટે ગઠબંધનના નિર્ણયની રાહ જોવી પડશે. બારામતીમાં ધનગર સમુદાયના મત મહત્વપૂર્ણ છે. તેથી, જાનકરની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે.

### બારામતી પેટાચૂંટણી

માટે અને બારામતી મતવિસ્તારના સામાન્ય લોકોના ન્યાય અને અધિકારો માટે લડી રહ્યો છું,' એવી તેમણે સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું કે તેઓ સ્થાપિત રાજકારણીઓ સામે બહુજન સમુદાયનો અવાજ ઉઠાવવા માટે મેદાનમાં ઉતર્યા છે.

બારામતી વિધાનસભા મતવિસ્તારમાં ઓબીસી મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. લક્ષ્મણ હાકે રાજ્યભરમાં ઓબીસી અનામતનો મુદ્દો સતત ઉઠાવ્યો છે.

આવી સ્થિતિમાં, બારામતીથી ચૂંટણી લડવાનો તેમનો નિર્ણય હાલમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. કોંગ્રેસ આ ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર ઉભા રાખે તેવી શક્યતા છે. બીજી તરફ, રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથે પેટાચૂંટણીની શક્યતાને ધ્યાનમાં રાખીને તૈયારીઓ શરૂ કરી દીધી છે.

### ટૉય કારથી

કટ્ટરવાદી બનાવનારું મોડ્યુલ સક્રિય હોવાની માહિતીને આધારે બન્નેને તાબામાં લેવાયા હતા. એક અહેવાલ મુજબ આ મોડ્યુલમાં સંડોવાયેલાઓએ દિલ્હીમાં બ્લાસ્ટનું કાવતરું ઘડ્યું હતું. ટૉય કારની મદદથી બ્લાસ્ટની યોજના હતી. જોકે આ અંગે કોઈ સત્તાવાર સમર્થન મળ્યું નહોતું.

### ઉનાળામાં પાણીની

યોજના હેઠળ ગારગાઈ-પિંજળ અને દરિયાના પાણીને મીઠુ કરવાનો પ્રોજેક્ટ પાલિકાએ હાથ ધર્યો છે પણ આ પ્રોજેક્ટનું કામ શરૂ થઈને તેને પૂરું થવામાં હજી ત્રણથી ચાર વર્ષનો સમય લાગવાનો છે, ત્યારે ટૂંકા ગાળાના સમય દરમ્યાન પાણીની માગને પહોંચી વળવા માટે કૂવા અને બોરવેલના પાણી પર પાલિકાએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

મેયર રીતુ તાવડેએ તાજેતરમાં પ્રશાસનને કૂવા અને બોરવેલને શોધીને તેના પાણીનો ઉપયોગ કરવા માટે ઉપાયયોજના અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો છે. એ સિવાય આ પાણી ફક્ત બાગકામ અથવા સફાઈ કામ પૂરતું મર્યાદિત નહીં રાખતા પાણીના નમુનાના ટેસ્ટ કરીને તેનો ઉપયોગ પીવા માટે થઈ શકે કે નહીં તેનો અભ્યાસ કરીને તે મુજબનું આયોજન કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ઉનાળામાં વધતી ગરમી અને જળાશયોમાં રહેલા પાણીના જથ્થા પર વધતા દબાણ તેમ જ અપૂરતા અને ઓછા દબાણ સાથે થઈ રહેલા પાણીપુરવઠા બાબતે નાગરિકો તરફથી આવી રહેલી ફરિયાદની નોંધ લઈને મેયરે પાલિકાના વોટર ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

### ૭૧ લાખ

આનો જવાબ આપવો જોઈએ, એમ પણ અંધારેએ કહ્યું હતું. 'તેમણે સવાલ કર્યો હતો કે તેમના વિરુદ્ધ છેતરપિંડીનો કેસ કેમ ન નોંધવો જોઈએ,' રાજ્ય સરકારના અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે લાભાર્થીઓ સમયમર્યાદા પહેલાં ફરજિયાત ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી લાડકી બહેન યોજના હેઠળ લગભગ ૬૮ લાખ ખાતા બંધ કરવામાં આવ્યા હતા, જેના કારણે સક્રિય ખાતાઓની સંખ્યા ઘટીને લગભગ ૧.૭૫ કરોડ થઈ ગઈ હતી. ઈ-કેવાયસી પૂર્ણ કરવાની અંતિમ તારીખ, જે ૩૧ માર્ચે સમાપ્ત થઈ ગઈ હતી, તેને હવે ૩૦ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે, અને અધિકારીઓએ સંકેત આપ્યો છે કે વિસ્તરણ પછી બંધ ખાતાઓની સંખ્યા બદલાઈ શકે છે.

### દહિસર-મીરા

બીજી વખત તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને નવી તારીખ છઠ્ઠી એપ્રિલને બદલે સાતમી એપ્રિલ નક્કી કરવામાં આવી છે. ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના નામાંકન ભરવાના કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી કાર્યક્રમ એક દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. તેથી પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે માહિતી આપી છે કે મેટ્રોનું ઉદઘાટન સાતમી એપ્રિલે સવારે ૧૧ વાગ્યે થશે.

### અશોક ખરાત

છેતરપિંડી કરનાર અશોક ખરાત કેસમાં થયેલા તમામ વ્યવહારોની તપાસ ઈડી દ્વારા કરવામાં આવશે.


ફડણવીસે એવી પણ માહિતી આપી છે કે છેતરપિંડી કરનાર અશોક ખરાત સામે અત્યાર સુધીમાં કુલ ૧૨ કેસ નોંધાયા છે. અશોક ખરાત કેસની તપાસ ચાલી રહી છે. અશોક ખરાતની સંપત્તિ અને ગેરરીતિઓની તપાસ કરવામાં આવશે. કેટલાક લોકો અશોક ખરાત કેસમાં રાજકારણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ હું સ્પષ્ટપણે કહી શકું છું કે સરકાર આવા કેસમાં જે કરવું જોઈએ તે જ કરી રહી છે,' એમ મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું.

'અશોક ખરાત કેસમાં અત્યાર સુધીમાં ૧૨ કેસ નોંધાયા છે અને દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે. આ કેસમાં એસઆઈટી શું તપાસ કરી રહી છે તે દરરોજ કહેવું શક્ય નથી, પરંતુ એસઆઈટી યોગ્ય સમયે આ કેસ વિશે વિગતવાર માહિતી આપશે. તેથી, મને લાગે છે કે દરેક વ્યક્તિએ એસઆઈટી પર વિશ્વાસ કરવો જોઈએ. એસઆઈટી સારું કામ કરી રહી છે,' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

શું અશોક ખરાત કેસમાં તમામ વ્યવહારોની ઈડી તપાસ થશે? એવા પત્રકારોના સવાલોનો જવાબ આપતાં ફડણવીસે કહ્યું હતું કે, ખરાત કેસમાં થયેલા વ્યવહારોની તપાસ ચોક્કસપણે ઈડી દ્વારા કરવામાં આવશે. ઈડીએ આ બાબતની માહિતી લીધી છે. ઈડીએ પણ કાર્યવાહી શરૂ કરી દીધી છે. એકવાર અમને ખબર પડી જાય કે ખરાતની જમીન ક્યાં છે, પછી અમે નિયમો અનુસાર જે કંઈ કરવાની જરૂર પડશે તે કરીશું.

અશોક ખરાત કેસમાં સીડીઆર મેળવવાનો કોઈને અધિકાર નથી. ફક્ત તપાસ એજન્સીઓને જ તે અધિકાર છે. જોકે, આ કેસમાં સીડીઆર કેવી રીતે લીક થયો? તે સીડીઆર કોણે લીક કર્યો? રાજ્ય સરકાર આ સંદર્ભમાં તપાસ કરશે. મને લાગે છે કે આવા કિસ્સાઓમાં, ફક્ત આરોપો લગાવવાનું શક્ય નથી. જેમની સામે મજબૂત પુરાવા છે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. જોકે, આપણી ફોજદારી ન્યાય વ્યવસ્થા કોણે કોની સાથે વાત કરી તેના આધારે કામ કરતી નથી, એમ ફડણવીસે કહ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|



ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
Limited Edition Sailing
*T&C Apply

# નંદ ઘેર આનંદ ભયો જય કન્હૈયાલાલ કી!



















**મુંબઈ સમાચાર**

**માતૃભાષા ભાગવત સપ્તાહ**

**૨ એપ્રિલથી ૮ એપ્રિલ**

## ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં સનાતન નગરી ગોકુળિયું ગામ બની ગઈ

મુંબઈ: ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના ચોથા દિવસે કૃષ્ણ જન્મ વખતે ‘નંદ ઘેર આનંદ ભયો જય કન્હૈયાલાલ’ના દુંદુભિ નાદથી સનાતન નગરી ગોકુળિયું ગામ બની ગઈ હોવાનો અનુભવ ઉપસ્થિત વીસ હજારથી વધુ ભાવિકો કરી રહ્યા હતા. રોજ સાંજે છ વાગ્યે પૂરી થતી કથા આજે સાડા આઠ સુધી ચાલી હોવા છતાં ભાવિકો સ્થાન છોડવા ઉત્સુક નહોતા. કૃષ્ણજન્મના કથામૃત સામે ભાવિકોને બીજું બધું ફીકું લાગી રહ્યું હતું. આધ્યાત્મ ભાવ સાથે જ્યારે અંતરનો ઊમળકો ભળે અને જે રસની અનુભૂતિ થાય એ લાગણી હાજર રહેલી પ્રત્યેક વ્યક્તિ અનુભવી રહી હતી.

પૂજ્ય ભાઈશ્રીના મુખે શ્રીકૃષ્ણ જન્મ, વામન અવતાર, નૃસિંહ અવતારની ઝાંખી અને તેના મહિમા સાંભળવાનો લહાવો ચૂકવા ના માગતા હોય એમ ભાવિકો પોતાની જગ્યા પરથી તસુભર પણ ખસ્યા નહોતા. ભાઇશ્રીના મુખે કૃષ્ણજન્મની ઘોષણા થઈ ત્યારે આખો સભામંડપ નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયાલાલ કી અને જય રણછોડ, માખણચોરના નાદથી ગૂંજી ઊઠયો હતો. આખો માહોલ કૃષ્ણમય બની ગયો હતો. કૃષ્ણજન્મના મનોરથી પરિવાર શ્રી સૌરભ મહેતા અને શિતલ બિરેન સંઘવી પરિવારે ખૂબ જ ધામધૂમથી નાચતા ગાતા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી. મહેતા અને સંઘવી પરિવારના આનંદમાં મોટી ભરતી આવી હતી. પૂજ્ય ભાઈશ્રીએ ઉપસ્થિત મનોરથી પરિવાર, સહ મનોરથી પરિવાર અને હજારો ભાવિકોને કૃષ્ણજન્મની વધાઈ આપી હતી. વાસુદેવ મથુરાથી બાળકૃષ્ણને વાંસની ટોપલીમાં લઈ ગયા હતા આવી જ રીતે મુખ્ય મનોરથી મહેતા પરિવાર બાળકને બાળકૃષ્ણના પ્રતીકરૂપે શણગારેલી બાસ્કેટમાં લઈ આવ્યા ત્યારે મેદનીમાં હર્ષનો ઉન્માદ ફરી વળ્યો હતો. ’નંદ ઘેર આનંદ ભયો’ની ગૂંજ સાથે કેટલાક લોકો ‘યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનીર્ભવતી ભારત’નો પણ નાદ કરી રહ્યાં હતા. અત્ર - તત્ર - સર્વત્ર કૃષ્ણમય વાતાવરણ બની ગયું હતું. કૃષ્ણજન્મનો ઉત્સાહ એ રીતે ફેલાઈ ગયો કે જાણે હાજર દરેક પરિવારમાં કૃષ્ણજન્મ થયો હોય.

ભાવિકો પ્રભુમય બની ગયા હતા અને સનાતન ધર્મનો પ્રભાવ સર્વત્ર વર્તાઈ રહ્યો હતો. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા કથા વાંચનમાં કૃષ્ણ જન્મની ભૂમિકા તૈયાર કરતી વખતે ભાગવતમાં વર્ણવેલા ૨૪ અવતારની વાત એક પછી એક કરી રહ્યા હતા ત્યારે ભાવિકો શ્રદ્ધાથી સાંભળી રહ્યા હતા. વાત કૃષ્ણજન્મ સુધી પહોંચી ત્યારે હાથ જોડીને ખુરશી પર બેસી શાંત ચિત્તે કથા શ્રવણ કરી રહેલા ભાવિકો ગેલમાં આવી ગયા અને સ્થાન પર ઊભા થઈ નાચી એસી ડોમને ગોકુળ ગામ બનાવી દીધું હતું. રવિવારે કૃષ્ણજન્મ હોવાથી ભાવિકોનો સાગર ઉમટશે એનો અંદાજ આયોજકોને હતો જ. જોકે, સાગર નહીં, મહાસાગર ઊમટ્યો અને કથા શ્રવણ માટે ગજબનાક ઉત્સાહ જોવા મળ્યો. ‘માતૃભાષા ભાગવત સપ્તાહ’ નિમિત્તે ભાષાવૈભવની વાત આગળ વધારી ભાઇશ્રીએ કહ્યું કે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ એ સંવાદ છે, રામકથા પણ સંવાદ છે. મહાભારત પણ સંવાદ છે આપણા તમામ પુરાણો પણ સંવાદ છે. ભાષા એ પણ સંવાદ માટેનું માધ્યમ છે. ભાષા દ્વારા ભાવ, વિચારો પ્રગટ થાય. આપણે સામેવાળા સાથે કનેક્ટ કરી શકીએ. ભાષા સાંકેતિક હોય અને ભાવની પણ હોય. તમે કશું પણ બોલ્યા વિના માત્ર તમારા ચહેરાના હાવભાવ પરથી ખ્યાલ આવે. ભાષા એ લખાય, વંચાય છે, પરંતુ લખાયેલી ભાષા એ ચિરંજીવી છે, કારણ કે લાંબા સમય સુધી વંચાય છે. ભાગવત, રામાયણ, ગીતા જેવા આપણા ગ્રંથોની તો આ તમામ ગ્રંથો દેવભાષા સંસ્કૃતમાં લખાયા છે અને ગ્રંથો એક સંવાદ છે. ભાષા છે એટલે સંવાદ થાય છે. સંવાદ છે તો સમજવામાં સરળતા રહે છે અને સંવાદ છે તો સ્પષ્ટતા છે. ભાષામાં અનેક અલંકારો છે જેમ કે રૂપક અલંકાર, ઉપમા અલંકાર વગેરે વગેરે. આ તમામ અલંકારોથી ભાષા શોભી ઊઠે છે. આપણા મોટાભાગના ગ્રંથો દેવભાષા સંસ્કૃતમાં છે. જો સંસ્કૃત ટકશે તો ભાષા ટકશે, સમાજ સંસ્કૃત બનશે.

સંગત વિશે ભાઈશ્રીએ કહ્યું કે ’તમે કયા સમાજમાંથી આવો છો, તમે કોની સાથે રહો છો એ ખૂબ જ મહત્ત્વનું છે. પાણી અને મનુષ્ય બંને ખૂબ જ સંવેદનશીલ હોય છે. પાણીમાં તમે જે રંગ નાખો એ એના જેવું થઈ જાય એ જ રીતે માણસની આસપાસના લોકો, સમાજ, સંજોગોની અસર જોવા મળે છે. એના આધારે માણસનો વૈચારિક, ભાવનિક અને ભૌતિક પિંડ બંધાય છે. તમે જરા વિચારો કે સંસ્કૃતમાં ગાળો આપી શકાય? સંસ્કૃતમાં ગુસ્સો કરીએ એ કેવું લાગે? આ ગાળો આખરે શું છે તો ગાળોએ આક્રોષ વ્યક્ત કરવાનું માધ્યમ છે. ખુદ ભગવાન શ્રીકૃષ્ણે ભાગવતમાં અર્જુનને ગાળ આપી છે અને એનો સંદર્ભ આપતાં પૂજ્ય ભાઈશ્રીએ જણાવ્યું હતું કે શ્રીકૃષ્ણએ અર્જુનને સંબોધીને કહ્યું નપુંસક ના બન, કાયર ના બન. આ તે જે ભાષણ કર્યું એ તારી નિર્બળતા દર્શાવે છે.

ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રીએ વાદ, વિવાદ અને સંવાદ વચ્ચેનો તફાવત ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવતા જણાવ્યું હતું કે બે જ્ઞાની વચ્ચે જે ચર્ચા થાય એ વાદ કહેવાય. વાદ એ મંથન જેવો છે. બે વિદ્વાનો જ્યારે વાદ કરે એ અરણી મંથન જેવું છે. સંવાદ હોય વક્તા અને શ્રોતા વચ્ચે, સંવાદ હોય જિજ્ઞાસુ અને જાણકાર વચ્ચે, જે જાણે છે એ અને જેને જાણવાની તાલાવેલી હોય એવા લોકો વચ્ચે સંવાદ થાય, પરંતુ જો વિવેક બુદ્ધિનો અભાવ હોય તો તે વિવાદ બની જાય છે. ■

## સનાતન નગરીમાં ગોકુળ, અયોધ્યા અને કૈલાશનો ભક્તિનાદ

## કચ્છની કોયલ ગીતા રબારીનાં ટહુકાએ ભાવિકોને જલસો કરાવ્યો







**‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના ત્રીજા દિવસે ગીતાબહેન રબારીનાં કાર્યક્રમના મુખ્ય મનોરથી ફલક પ્રીતિ વિજય શાહ હતા.**



મુંબઈ: ભૌતિક સ્વરૂપમાં ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ અને સંગીત જલસો મુંબઈના પશ્ચિમ પરાનાં બોરીવલીમાં ચાલી રહ્યો છે. જોકે, શનિવારે સાંજે કચ્છની કોયલ ગીતા રબારીના ટહુકાથી ચીકુવાડી સ્થિત સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલની સનાતન નગરી ગોકુળ, અયોધ્યા અને કૈલાશમાં પરિવર્તિત થઈ ગઈ હોય એવું વાતાવરણ ખડું થયું હતું. ‘કૌન કેહતે હૈં કે ભગવાન આતે નહીં, લોગ મીરાં કે જૈસે બુલાતે નહીં’ તેમ જ ‘મેરી ઝોંપડી કે ભાગ આજ ખુલ જાએંગે, રામ આએંગે’ અને ‘ઓમ નમઃ શિવાય’ના સૂર રેલાતા સમસ્ત એસી ડોમ ભક્તિ નગરી બની ગયો.

ગીતો અને ભજનો માટે ખ્યાતિ ધરાવતી ગીતા રબારીના સંગીત જલસાનો પ્રારંભ ગણેશજીની સ્તુતિથી થયો હતો. દુહો રજૂ કરી ’ગુલાલ’ ફિલ્મ માટે મૂળ પીયૂષ મિશ્રાએ ગાયેલા ‘આરંભ હૈ પ્રચંડ બોલે મસ્તકોં કે ઝૂંડ’ ગીતને ગીતા રબારીએ એવા જ આવેશ અને જુસ્સા સાથે રજૂ કર્યું ત્યારે શ્રોતાગણ ઝૂમી ઊઠ્યો હતો. પછી ‘નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે’ અને ‘તારી આંખનો અફીણી’ જેવા ગીત રજૂ કર્યા જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવાયા. ત્યારબાદ ‘મેરી ઝોંપડી કે ભાગ આજ ખુલ જાએંગે’ રજૂ થયું અને સ્ટેજ પર ગીતા રબારી ગાઈ રહી હતી અને કોરસ વૃંદમાં તેમના સાથી ગાયકો સાથે હાજર મેદની જોડાઈ ગઈ હતી. ‘હું તો તને વારું રે મણિયારો’ અને ‘કન્હૈયા જા જા જા’ સાથે ‘નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી’ ઉપાડ્યું ત્યારે ડોમમાં છેક છેલ્લી હરોળ સુધી નાના નાના ગ્રૂપ મસ્તીથી ઝૂમી રહ્યા હતા અને ગોકુળ નગરીનો એહસાસ કરાવતા હતા. ભક્તિ અને શક્તિનો આ જલસો એક યાદગાર સંભારણું બની ગયો.

‘મુંબઈ સમાચાર’ના આ અનોખા પ્રયાસને બિરદાવવા ભારતીય જનતા પક્ષના બોરીવલીના વિધાનસભ્ય સંજય ઉપાધ્યાય અને નગરસેવક શિવા શેટ્ટી હાજર રહ્યા હતા. નીલેશ દવેએ શાલ ઓઢાડી સંજય ભાઈનું સન્માન કર્યું હતું અને તેમને મોમેન્ટો અર્પણ કર્યો હતો. ભાગવત સપ્તાહના મુખ્ય મનોરથી સૌરભભાઈ મહેતાએ શાલ ઓઢાડીને સહ મનોરથી રમેશભાઈ પારેખએ મોમેન્ટો આપી ભાજપના નગરસેવક શિવા શેટ્ટીનું સન્માન કર્યું હતું. ત્યારબાદ સંજય ઉપાધ્યાયએ ગીતા રબારીનું સન્માન કરી તેમને મોમેન્ટો આપ્યો હતો.

ભક્તિમય વાતાવરણને અનુરૂપ સંજય ભાઈએ ‘અંબે માત કી જય’, ‘જય શ્રી રામ’, ‘હર હર માહદેવ’ અને ‘કૃષ્ણ કન્હૈયાલાલ કી જય’ના નારા કર્યા હતા જેને સનાતન નગરીમાં હાજર રહેલા ભાવિકોએ વધાવી લીધો હતો. વકતવ્યમાં તેમણે કહ્યું હતું કે ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ માટે બોરીવલીને પસંદ કર્યું એ માટે હું આભાર વ્યક્ત કરું છું. બોરીવલી ધર્મની અને આધ્યાત્મની નગરી છે. અહીં કલાપ્રેમીઓ અને સંસ્કૃતિના રક્ષક રહે છે. અને હા, બોરીવલીની જનતા ગીતા રબારીની ચાહક છે. ભાઈશ્રી રમેશભાઈની સપ્તાહમાં લોકોનો સહભાગ જોઈ એનો ઉદ્દેશ સફળ થયો છે એ વાત નક્કી છે. દુનિયામાં લડાઈ ચાલી રહી છે ત્યારે બોરીવલીમાં લોકો ગીતા રબારી સાથે ઝૂમી રહ્યા છે. આ જ છે ‘સનાતન ધર્મની શક્તિ.’ અંતમાં ગીતા રબારીએ સરસ આયોજન બદલ આનંદ વ્યક્ત કરી માતૃભાષા સાચવવાના ‘મુંબઈ સમાચાર’ના પ્રયાસની પ્રશંસા કરી આયોજકોનો આભાર માન્યો હતો.■

(તસવીરો- અમય ખરાડે)

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ


૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

આજે દિવસ પાંચમો

## બોરીવલી ભક્તિરંગે રંગાયું



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

આજે બપોરે ૪.૩૦ બાદ પ્રવેશ બંધ



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

## આજે ખાસ પધારશે

શ્રી અનંત વિભૂષિત
વલ્લભકુળભૂષણ
વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ
ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી
મહારાજશ્રી



પ્રવચન સાંજના ૬.૦૦ વાગ્યાથી

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

★ આજે
મૈથિલી ઠાકુરનો સંગીત કાર્યક્રમ



DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

★ ૭ એપ્રિલ
કીર્તિદાન ગઢવીનો ડાયરો



## કથા-કાર્યક્રમ આજે

★ છપ્પન ભોગ
★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી
★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શન

**૭ એપ્રિલ**

## રુક્મિણી વિવાહ

કન્યા પક્ષ: શીતલ બિરેન સંઘવી
વર પક્ષ: તૃપ્તિ ધર્મેશ ગાંધી



## માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારનાર સંત

**સાતમી એપ્રિલ**

અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી
સદાનંદ સરસ્વતીજી મહારાજ



**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

વસુધૈવ કુટુંબકમ્
Sandipani

આસ્થા · ધર્મ સંદેશ · આસ્થા ભજન

**આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન**

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

**વિશેષ આભાર:**
★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · JVM CHARITABLE FOUNDATION · MUNJAL · HEM AGARBATTI · hitech events & exhibition · RUDRAAMAR GROUP · RAJSHREE BUILDERS Building A Future Into Every Home · ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# બેંગ્લૂરુના મેદાન પરના એક બોલિંગ એન્ડને દ્રવિડનું અને બીજાને કુંબલેનું નામ મળ્યું



બેંગ્લૂરુ: અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના મેદાન પરના બે છેડાને અનુક્રમે બે દિગ્ગજ રાહુલ દ્રવિડ અને અનિલ કુંબલેના નામ આપવામાં આવ્યા છે અને રવિવારે એ પ્રસંગે બેંગ્લૂરુ-ચેન્નઈ વચ્ચેની મૅચ પહેલાં યોજાયેલી ટૂંકી ઇવેન્ટમાં રાહુલ દ્રવિડનાં મમ્મી પુષ્પા દ્રવિડ તથા ભાઈ વિજય તેમ જ અનિલ કુંબલેની પત્ની ચેતના તેમ જ પુત્ર મયસ અને બે પુત્રી આરુની-સ્વસ્થી ઉપસ્થિત હતાં.

કર્ણાટક સ્ટેટ ક્રિકેટ અસોસિયેશનના પ્રમુખ તથા બન્ને મહારથી સાથે રમી ચૂકેલા પેસ બોલર વેન્કટેશ પ્રસાદની દેખરેખમાં આખો સમારોહ યોજાયો હતો. સુજીત સોમસુંદર આ અસોસિયેશનના ઉપ-પ્રમુખ છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દ્રવિડે કુલ ૨૪,૧૭૭ રન કર્યા હતા, જ્યારે કુંબલેએ કુલ ૯૫૬ વિકેટ લીધી હતી. બોલિંગ એન્ડ-સ્ટૅન્ડના નવા નામકરણની વિધિમાં ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર શાંતા રંગાસ્વામીનું નામ એક સ્ટૅન્ડને અપાયું છે.

બેંગ્લૂરુના મેદાન પર બીઇએમએલ એન્ડ હવેથી દ્રવિડના નામે અને પૅવિલિયન એન્ડ હવેથી કુંબલેના નામે ઓળખાશે. ■

# બેંગ્લૂરુ વિક્રમ બાદ જીતીને મોખરે, ચેન્નઈની હારની હૅટ-ટ્રિક

**▶ ભુવનેશ્વર ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ પેસ બોલર: ડેવિડ-પાટીદારના ધમાકા સામે યજમાન ટીમ ચીંથરેહાલ**

બેંગ્લૂરુ: અહીં રવિવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેંગ્લૂરુએ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે વિક્રમજનક ૨૫૦ રન કર્યા બાદ ચેન્નઈ (૧૯.૪ ઓવરમાં ૧૦/૨૦૭)ને ૪૩ રનથી હરાવીને પૉઇન્ટ્સમાં રાજસ્થાનના હાથમાંથી મોખરાનું સ્થાન આંચકી લીધું હતું. ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં ચેન્નઈની ટીમ સતત ત્રીજી મૅચ હારી છે. આ ટીમને ઈજાગ્રસ્ત એમએસ ધોનીની ખોટ વર્તાય છે. સંજુ સૅમસન (નવ રન) સતત ત્રીજી મૅચમાં ફ્લૉપ રહ્યો હતો. ગાયકવાડ સાત રન અને આયુષ મ્હાત્રે એક રન કરી શક્યો હતો. જૅમી ઓવર્ટન (૩૭ રન)ની ઇનિંગ્સ પણ પાણીમાં ગઈ હતી.

## ₹ ૧૪.૨૦ કરોડવાળા બન્ને ખેલાડીએ નિરાશ કર્યા

વર્તમાન સીઝન રમીને કુલ ૧૪.૨૦ કરોડ રૂપિયા મેળવનાર ચેન્નઈનો ૧૯ વર્ષીય કાર્તિક શર્મા ફક્ત છ રન કરીને કૃણાલ પંડ્યાના બૉલમાં આઉટ થયો હતો. ૧૪.૨૦ કરોડ રૂપિયાવાળો ચેન્નઈનો બીજો ખેલાડી પ્રશાંત વીર (૨૯ બૉલમાં ૪૩ રન) ફરી લાંબી ઇનિંગ્સ રમવામાં અને ટીમને જિતાડવામાં નિષ્ફળ રહ્યો હતો. સરફરાઝ ખાન (પચીસ બૉલમાં ૫૦ રન)ની વિકેટ કૃણાલે લીધી હતી.

બેંગ્લૂરુનો ભુવનેશ્વર કુમાર આઇપીએલમાં ૨૦૦ વિકેટ પૂરી કરનાર પ્રથમ પેસ બોલર બન્યો હતો.

એ પહેલાં, બેંગ્લૂરુએ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૫૦ રન કર્યા હતા. બેંગ્લૂરુના ૨૫૦ રન આ વખતનો સર્વોચ્ચ ટીમ-સ્કોર છે. તેમણે હૈદરાબાદનો (કોલકાતા સામેનો) ૮/૨૨૬નો વિક્રમ તોડ્યો હતો. ટિમ ડેવિડ (૭૦ અણનમ, ૨૫ બૉલ, આઠ સિક્સર, ત્રણ ફોર) અને કૅપ્ટન રજત પાટીદાર (૪૮ અણનમ, ૧૯ બૉલ, છ સિક્સર, એક ફોર)ની જોડીએ ફક્ત ૩૬ બૉલમાં ૯૯ રનની અતૂટ ભાગીદારી કરીને પ્રેક્ષકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું અને ચેન્નઈની ટીમને મુસીબતમાં મૂકી દીધી હતી. એ અગાઉ, ફિલ સૉલ્ટે ૪૬ રન, વિરાટ કોહલીએ ૨૮ રન અને પડિક્કલે ૫૦ રનનું યોગદાન આપ્યું હતું. ચેન્નઈના કમ્બોજ, ઓવર્ટન અને શિવમ દુબેએ એક-એક વિકેટ મેળવી હતી. ■

**લખનઊએ હૈદરાબાદને પાંચ વિકેટે હરાવ્યું**

# શમીની શરૂઆત, પંતની પૂર્ણાહુતિ





હૈદરાબાદ: રવિવારે અહીં પેસ બોલર મોહમ્મદ શમી (૪-૦-૯-૨)ના જાદુઈ બોલિંગ પર્ફોર્મન્સ બાદ રિષભ પંતે (૬૮ અણનમ, ૫૦ બૉલ, ૮૩ મિનિટ, નવ ફોર) વનડાઉનમાં કૅપ્ટન્સ ઇનિંગ્સ રમીને લખનઊ સુપર જાયન્ટ્સને સનરાઇઝર્સ હૈદરાબાદ સામે દિલધડક અને રોમાંચક વિજય અપાવ્યો હતો અને એ સાથે લખનઊએ આ વખતની આઇપીએલમાં બે પૉઇન્ટ સાથે ખાતું ખોલાવ્યું છે. હૈદરાબાદની ઇનિંગ્સમાં શરૂઆતમાં જ બે મોટા ગાબડાં પાડનાર શમીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

હૈદરાબાદે બૅટિંગ મળ્યા બાદ નવ વિકેટે ફક્ત ૧૫૬ રન કર્યા હતા જેના જવાબમાં લખનઊએ ૧૯.૫ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૦ રન કરીને પાંચ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો. આ જીતમાં ઓપનર એઇડન માર્કરમ (૪૫ રન, ૨૭ બૉલ, બે સિક્સર, છ ફોર)ની પણ મહત્ત્વની ભૂમિકા હતી. તેણે મિચલ માર્શ (૧૨ બૉલમાં ૧૪ રન) સાથે ૩૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કર્યા પછી પંત સાથે બીજી વિકેટ માટે ૪૦ રનની પાર્ટનરશિપ કરી હતી અને ૭૭ રનના કુલ સ્કોર પર માર્કરમની વિકેટ બાદ પંતે એ સારી શરૂઆતના જોરે પછીથી ખૂબ જ જવાબદારીપૂર્વક રમીને તેમ જ બીજી ચાર નાની-મોટી ભાગીદારીની મદદથી લખનઊને જિતાડ્યું હતું. આયુષ બદોની ૧૨ રન અને અબ્દુલ સમદ ૧૬ રન કરી શક્યો હતો, પરંતુ બન્નેએ પંતને સારો સાથ આપ્યો હતો. છેલ્લે મુકુલ ચૌધરી (બે અણનમ) પંત સાથે છેક સુધી ક્રીઝ પર રહ્યો હતો.

હૈદરાબાદના હર્ષ દુબેને બે તેમ જ એશાન મલિન્ગા અને શિવાંગ કુમારને એક-એક વિકેટ મળી હતી. ત્રણ પેસ બોલર જયદેવ ઉનડકટ, હર્ષલ પટેલ અને નીતીશ રેડ્ડી વિકેટ નહોતા લઈ શક્યા.

એ પહેલાં, હૈદરાબાદે પ્રથમ બૅટિંગ મળ્યા બાદ અત્યંત ખરાબ શરૂઆત કર્યા પછી છેવટે ૨૦ ઓવરમાં ૯/૧૫૬નો સાધારણ નોંધાવીને લખનઊને ૧૬૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. મોહમ્મદ શમીએ ટ્રૅવિસ (સાત રન) અને અભિષેક શર્મા (૦)ને સાવ સસ્તામાં પૅવિલિયન ભેગા કરીને સનસનાટી મચાવી દીધી હતી અને ભારતીય સિલેક્ટરોને વિચારતા કરી જ દીધા હશે. કૅપ્ટન ઇશાન કિશન (એક રન)ની વિકેટ પ્રિન્સ યાદવે લીધી હતી.

હિન્રિક ક્લાસેન (૬૨ રન, ૪૧ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને નીતીશ કુમાર રેડ્ડી (૫૬ રન, ૩૩ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)ની જોડીએ પાંચમી વિકેટ માટે ૧૧૬ રનની ભાગીદારી કરીને હૈદરાબાદની આબરૂ સાચવી લીધી હતી. શરૂઆતમાં હૈદરાબાદે ફક્ત ૨૬ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ક્લાસેન-નીતીશની જોડીએ પાંચમી વિકેટ સુધીમાં ૧૮મી ઓવરમાં સ્કોર ૧૪૨ રન સુધી પહોંચાડી દીધો હતો. લિવિંગસ્ટનના ૧૪ રનને બાદ કરતા બીજા પાંચ બૅટ્સમેનના સિંગલ ડિજિટમાં રન હતા અને અભિષેક શર્મા તથા હર્ષ દુબેના નામે ઝીરો હતો. લખનઊના મોહમ્મદ શમી, પ્રિન્સ યાદવ અને આવેશ ખાને બે-બે વિકેટ તેમ જ દિગ્વેશ રાઠી તથા એમ. સિદ્ધાર્થે એક-એક વિકેટ મેળવી હતી. હવે હૈદરાબાદના બોલર્સ જયદેવ ઉનડકટ, હર્ષલ પટેલ, શિવાંગ કુમાર વગેરેની કસોટી થશે. ■

# દેશપાંડેની એક ઓવરે સિલેક્ટરોને વિચારતા કરી જ દીધા હશે: ડેલ સ્ટેન

**▶ મૂળ મુંબઈના પેસ બોલરે અંતિમ ઓવરમાં રાજસ્થાનને જિતાડ્યું: ચાર વિકેટ લેનાર બિશ્નોઈ મૅન ઑફ ધ મૅચ**

નવી દિલ્હી: શનિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે રાજસ્થાન રૉયલ્સના પેસ બોલર તુષાર દેશપાંડેએ મૅચની અંતિમ ઓવરમાં જે રીતે ૧૦ રન ડિફેન્ડ કર્યા અને ગુજરાતને વિજયથી વંચિત રાખી દીધું એનાથી સાઉથ આફ્રિકાનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેલ સ્ટેન ખૂબ પ્રભાવિત થયો છે અને તેણે કહ્યું છે કે 'દેશપાંડેની આ એક ઓવરે ટીમ ઇન્ડિયાના સિલેક્ટરોને વિચારતા કરી જ દીધા હશે. દેશપાંડેએ ભારે પ્રેશરના સમયમાં નિર્ભય થઈને, મગજને શાંત અને કાબૂમાં રાખીને જે રીતે બોલિંગ કરી એ કાબિલે દાદ છે. કૅપ્ટન રિયાન પરાગે ૨૦મી ઓવરની જવાબદારી તેના પર મૂકી અને દેશપાંડેએ પોતાની કરીઅરની બેસ્ટ ઓવર કરીને કૅપ્ટનના વિશ્વાસને યોગ્ય સાબિત કર્યો. આ રીતે ૨૦મી ઓવર સફળતાથી પાર પાડવી એ આસાન કામ નથી. કૅપ્ટન જ્યારે આવો ભરોસો મૂકે ત્યારે ખેલાડી ખૂબ ઉત્સાહિત થઈ જતો હોય છે.'

૩૦ વર્ષનો રાઇટ-આર્મ પેસ બોલર તુષાર દેશપાંડે મૂળ મુંબઈ શહેરનો છે. શનિવારે ગુજરાત સામેની મૅચમાં તેની પહેલી બે ઓવરમાં ૨૦ રન બન્યા હતા અને તેને વિકેટ નહોતી મળી. કૅપ્ટન રિયાન પરાગે તેને એ મૅચમાં ૧૨મી ઓવર પછી ૧૯મી ઓવર સુધી બોલિંગ નહોતી આપી. દેશપાંડેની એ ૧૨મી ઓવરમાં ૧૫ રન બન્યા હતા. એ જોતાં તેને ડેથ ઓવર્સ (છેવટની ઓવર્સમાં) ફરી મોરચા પર લાવવામાં આવે એની સંભાવના નહોતી.

## જોફ્રાની ૧૯મી ઓવરમાં ફક્ત ચાર રન

જોકે કૅપ્ટન રિયાન પરાગે ૧૯મી ઓવર તેને આપવાનું નક્કી કર્યું હતું. ત્યારે ગુજરાતે ૧૨ બૉલમાં માત્ર ૧૫ રન કરવાના હતા. જોકે વિકેટકીપર ધ્રુવ જુરેલની સલાહથી પરાગે નિર્ણય બદલીને ૧૯મી ઓવર જોફ્રા આર્ચરને અને ૨૦મી ઓવર દેશપાંડેને આપવાનું નક્કી કર્યું હતું અને એ જુગારમાં પરાગ સફળ થયો હતો. જોફ્રાની ૧૯મી ઓવરમાં ફક્ત ચાર રન થયા હતા. હવે ૨૦મી ઓવરમાં દેશપાંડેએ કુલ ૧૦ રન ડિફેન્ડ કરવાના હતા અને ગુજરાતે એ ઓવરમાં ૧૧ રન કર્યા હોત તો વિજય તેમના નામે હોત.



## ૨૦મી ઓવરમાં શું બન્યું?

જોકે પરાગે દેશપાંડેને ૨૦મી ઓવરની જવાબદારી સોંપી એટલે ઘણાને નવાઈ લાગી હતી. ગુજરાતને આ વખતે પ્રથમ જીતની તલાશ હતી. રાશીદ ખાન ૨૩ રને અને કૅગિસો રબાડા ૨૧ રને દાવમાં હતો. પ્રથમ બૉલ વાઇડ પડ્યા બાદ પછીના લાગલગાટ ત્રણેય બૉલમાં માત્ર એક-એક રન બન્યા હતા. ચોથો બૉલ ડૉટ-બૉલ હતો અને પાંચમા બૉલમાં રાશીદ ખાન આઉટ થયો હતો. છઠ્ઠા બૉલમાં સાત રનની જરૂર હતી. જો અશોક શર્મા સિક્સર ફટકારી શક્યો હોત તો મૅચ સુપર-ઓવરમાં ગઈ હોત, પણ એ પણ ડૉટ-બૉલ રહેતાં દેશપાંડેએ રાજસ્થાનને થ્રિલરમાં જિતાડ્યું હતું. રાજસ્થાનના ૬/૨૧૦ના સ્કોર સામે ગુજરાતે આઠ વિકેટે ૨૦૪ રન કર્યા હતા. ચાર વિકેટ લેનાર રવિ બિશ્નોઈને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

દેશપાંડે અગાઉ દિલ્હી કૅપિટલ્સ તેમ જ ખાસ કરીને ચેન્નઈ સુપર કિંગ્સ વતી રમ્યો હતો. આ વખતે તેને રાજસ્થાને ૬.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે અને તેણે ટીમને દિલધડક મુકાબલો છ રનથી જિતાડીને વાહ-વાહ મેળવી છે. ડેલ સ્ટેને તેના વિશે કહ્યું, 'દેશપાંડેએ ચાર ઇંચના પરફેક્ટ યૉર્કર ફેંક્યા હતા. ત્યાર બાદ તેણે લેન્ગ્થ બૉલમાં રાશીદ ખાનને કૅચઆઉટ કરાવ્યો હતો. આ વખતની એ બેસ્ટ મૅચ હતી.' ■



# બિશ્નોઈને ₹ ૧૦થી ૧૧ કરોડ મળવા જોઈતા હતા: આકાશ ચોપડા

અમદાવાદ: અહીં શનિવારે ગુજરાત ટાઇટન્સને દિલધડક મુકાબલામાં છ રનથી હરાવવામાં ગુજરાતની ચાર વિકેટ લઈને સૌથી મોટી ભૂમિકા ભજવનાર લેગ-સ્પિનર રવિ બિશ્નોઈ પર ભૂતપૂર્વ ભારતીય ઓપનર આકાશ ચોપડા આફરીન છે અને તેણે કહ્યું છે કે 'બિશ્નોઈને ત્રણ મહિના પહેલાંની હરાજીમાં રાજસ્થાન દ્વારા ૭.૨૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો ત્યારે જ અમે (હું અને સાથી કૉમેન્ટેટર્સ) ચર્ચા કરતા હતા કે બિશ્નોઈને ૧૦થી ૧૧ કરોડ રૂપિયા મળવા જોઈતા હતા.'

બિશ્નોઈને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો. તેણે સાઇ સુદર્શન (૭૩ રન), ગ્લેન ફિલિપ્સ (ત્રણ રન), વૉશિંગ્ટન સુંદર (ચાર રન) અને રાહુલ તેવાટિયા (૧૨ રન)ની વિકેટ લીધી હતી. એક તબક્કે ગુજરાતની પાંચમાંથી ચાર વિકેટ બિશ્નોઈએ લીધી હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ટીકાપાત્ર | ઉષ્મ |
| ટૂંકું | નિત્ય |
| ટૂંકાણ | પ્રશસ્ય |
| ટાઢું | વિસ્તરણ |
| ટળ | દીર્ઘ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | | ૪ | | ૫ |
| ૬ | | | ૭ | | | | | | |
| | | ૮ | | | | ૯ | | | |
| | ૧૦ | | | | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | | | | | | | | | |
| | | | | ૧૪ | | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | | |
| | | ૨૦ | | | ૨૧ | ૨૨ | | | ૨૩ |
| | | | | | ૨૪ | | | ૨૫ | |
| ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | | |

### આડી ચાવી

૧ વિવિધતા (૩)
૩ દુઃખ, પીડા (૨)
૪ ઊંચા કુળનું, ખાનદાન (૩)
૬ ભસ્મ, ખાખ (૨)
૭ શ્રીકૃષ્ણનો મામો (૨)
૮ ઘર, રહેઠાણ (૩)
૯ ભાન, શુદ્ધિ (૨)
૧૦ ઇચ્છા, ભાવ (૨)
૧૧ પેટ કરાવે ---- (૨)
૧૨ પિતા (૨)
૧૩ કંકુ રાખવાની પ્યાલી (૪)
૧૫ ચાલુ, ચાલતુ આવેલું (૪)
૧૭ બક્ષીસ (૨)
૧૮ પાંડવ કૌરવના પૂર્વજ (૨)
૧૯ ગરીબ, નિર્ધન (૨)
૨૦ યુક્તિ, કરામત (૨)
૨૧ શબ (૩)
૨૪ એક કાંટાળી વનસ્પતિ (૨)
૨૫ હોડી (૨)
૨૬ રક્ષણ (૩)
૨૭ ઊણપ, ખામી (૨)
૨૮ લપ, પંચાત (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખ | ૨ મ | તી | ૩ ધ | ર | | ૪ પા | ૫ સ | વા | ૬ ન |
| ૭ ટ | ન | | વ | | | ૮ ર | ઠ | | પા |
| રા | | | ૯ લ | ૧૦ હે | ર | ખી | | | ણિ |
| ૧૧ ગ | ૧૨ વે | ષો | | બ | | | ૧૩ સ | વા | યું |
| | દ | | | ક | | ૧૪ ભાં | તી | | |
| | | ૧૫ મે | લ | | ૧૬ ઉ | | | ૧૭ વે | |
| ૧૮ મૂ | ર | ખ | | | પા | | ૧૯ અ | લ | ૨૦ ગ |
| ળા | | | ૨૧ કે | ફિ | ય | ૨૨ ત | | | ફ |
| ક્ષ | | ૨૩ દ | વ | | | ત્ય | | ૨૪ ખ | લ |
| ૨૫ ર | ઘ | વા | ટ | | ૨૬ વા | ર | સા | ગ | ત |

### ઊભી ચાવી

૧ ત્યાગ ન ટકે ---- વિના (૩)
૨ વિષ, ઝેર (૨)
૩ માદક પદાર્થ લેવાની ટેવ (૨)
૪ ઝૂકીને કરેલી સલામ (૩)
૫ નવું જન્મેલું (૪)
૭ સૂરણ, સક્કરીયા, બટેટા વગેરે (૨)
૮ મંત્રી, પ્રધાન (૩)
૯ ---- સાજા તો ઉત્તર ઝાઝા (૨)
૧૦ રોકાણ (૪)
૧૧ પ્રજા (૨)
૧૨ તરત જ (૪)
૧૪ સુંદર (૨)
૧૬ ચરનારું (૩)
૧૭ ચસકેલું (૪)
૧૮ કુટુંબ, વંશ (૩)
૨૦ કજિયો, કંકાસ (૩)
૨૧ માથાવટી (૩)
૨૨ ભય, બીક (૨)
૨૩ ---- ત્રીજો ભાઇ છે (૩)
૨૫ સ્ત્રી (૨)

### માતૃભાષાની મહેક

મૂળશંકર મુલાણીના નાટક 'ભાગ્યોદય'માં માનવ સ્વભાવનું આલેખન કરતી ગીતની પંક્તિઓ 'ભાઈ જીવનની ગાડીએ ઉદ્યમ અને અભિમાન, જોડ્યા એ બે બળદિયા, નસીબ ગાડીવાન'માં જીવનનું ગહન તત્ત્વજ્ઞાન એક પંક્તિમાં કેવું આબાદ ઝીલાયું છે. જૂની રંગભૂમિના નાટકોના ગીતમાં તત્કાલીન સમાજ અને એની અવસ્થા સુપેરે પ્રગટ થતા હતા.

### ઓળખાણ પડી?

નદી કિનારા નજીક તારિણી પહાડો પર આવેલું માં તારા તારિણી મંદિર દેશના કયા રાજ્યમાં છે એની ઓળખાણ પડે છે?

અ) ઓડિશા બ) કર્ણાટક
ક) પંજાબ ડ) રાજસ્થાન



### ગુજરાત મોરી મોરી રે

ભગવાન શ્રી કૃષ્ણને સમર્પિત શ્રી રણછોડરાયનું પ્રખ્યાત અને ભવ્ય મંદિર કઈ જગ્યાએ સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) નડિયાદ બ) શિહોર
ક) ડાકોર ડ) કપડવંજ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નવોઢા સાસરિયામાં એકલી એકલી હિજરાય' પંક્તિમાં હિજરાયનો અર્થ શું થાય એ જણાવો.

અ) કંટાળો બ) થાક ક) ગભરાટ ડ) સંતાપ

### ઈર્શાદ

*એક દરિયો ઓટ થઈ મારામાં ડૂબી જાય છે,*
*તું કિનારો હોય તો ક્યાં છે? મને ભૂલી ગયો?*

*--- નયન દેસાઈ*

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના આર્થિક વ્યવહારમાં અલગ ચલણ હોય છે. રેન્ડ નામનું ચલણ કયા દેશમાં અસ્તિત્વમાં છે એ જાણો છો?

અ) મેક્સિકો બ) દક્ષિણ આફ્રિકા ક) બ્રાઝીલ ડ) રોમાનિયા

### સુડોકુ-૯૨૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૭ | | | | ૬ | | ૫ |
| | | | | | | | | |
| ૮ | | ૨ | ૭ | ૬ | ૧ | ૩ | | ૪ |
| | ૪ | | ૩ | | ૯ | | ૨ | |
| | | ૩ | | | | ૧ | | |
| | ૯ | | ૧ | | ૭ | | ૩ | |
| ૪ | | ૮ | ૬ | ૧ | ૫ | ૯ | | ૨ |
| | | | | | | | | |
| ૫ | | ૯ | | | | ૮ | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૧ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | ૯ |
| ૪ | ૫ | ૬ | ૩ | ૨ | ૯ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૧ | ૯ | ૮ | ૪ | ૬ | ૨ | ૭ | ૩ | ૫ |
| ૩ | ૪ | ૫ | ૭ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ |
| ૬ | ૭ | ૨ | ૯ | ૩ | ૫ | ૮ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૪ | ૧ | ૮ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૨ | ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૭ | ૪ | ૯ | ૮ | ૬ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ટાઢ | તાપ |
| ટેકરાળ | સમથળ |
| ટેડું | સીધું |
| ટટ્ટાર | ઢીલું |
| ટકાઉ | તકલાદી |

**ગુજરાત મોરી મોરી રે:** અંજાર

**ઓળખાણ પડી?** જબલપુર

**માઈન્ડ ગેમ :** દીરહામ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** દરવાજો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) કિરીટ છેડા (૨૫) ચેતના છેડા (૨૬) નિખિલ બંગાળી (૨૭) અમીશી બંગાળી (૨૮) ભાવના કર્વે (૨૯) કમલ માતલિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અરવિંદ કામદાર (૩૨) ભાવના કર્વે (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી જયવંત ચિખલ (૩૭) અંજુ ટોલિયા (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ડાયના સંતોકે (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૬) વિજય આસર (૪૭) મહેશ દોશી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) પ્રતિમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૧) જયવંત પદમશી ચિખલ

# ધર્મતેજ

## જગતની ઉત્પત્તિનું કારણ

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



**સૃષ્ટિની** ઉત્પત્તિ આકસ્મિક હોઈ શકે, પ્રયોજિત હોઈ શકે, પ્રકૃતિગત સ્વાભાવિક હોઈ શકે કે મસ્તીમાં હોઈ શકે. આ ઉત્પત્તિના પ્રકારને આધારે સર્જક વિશે, ઈશ્વર વિશે કેટલીક વાતો સમજમાં આવી શકે. સર્જનના પ્રકાર અને તેની સાથે જોડાયેલ કારણ સમજમાં આવે તો સર્જક વિશે ચોક્કસ પ્રકારની ધારણા બાંધવી સરળ બની રહે. જો સૃષ્ટિની ઉત્પત્તિ આકસ્મિક હોય તો એમ કહી શકાય કે ઈશ્વરના નિયંત્રણમાં બધું જ નથી. સૃષ્ટિની ઉત્પત્તિ પ્રયોજિત હોય તો ઈશ્વર પણ ચોક્કસ પ્રકારની અપેક્ષાઓથી બાધિત છે તેમ કહી શકાય. સૃષ્ટિની ઉત્પત્તિ સ્વાભાવિક હોય તો ઈશ્વર સાથે પણ સ્વભાવ અને તેનાથી સ્થાપિત થતી પ્રક્રિયા સંલગ્ન છે તેમ સમજી શકાય. સૃષ્ટિનું સર્જન જો મોજ મસ્તીમાં થયું હોય તો ઈશ્વર નિજાનંદ મસ્તીમાં અલ્હડ છે એમ માનવા મન પ્રેરાય.

ગીતામાં સાધુ પુરુષ વિશે એમ પણ એમ કહેવાયું છે કે તેઓ બ્રહ્મની જેમ સમાન અને નિર્દોષ હોય છે - 'નિર્દોષં હિ સમં બ્રહ્મ'. બ્રહ્મ જો નિર્દોષ હોય તો સૃષ્ટિની ઉત્પત્તિ આકસ્મિક હોઈ શકે, મોજ-મસ્તીમાં હોઈ શકે કે સ્વભાવ ગ્રસ્ત પણ હોઈ શકે. નિર્દોષ બાળક જે કંઈ કરે તે આકસ્મિક હોઈ શકે, તેની ચેષ્ટામાં અપ્રયોજિત મોજ-મસ્તી હોઈ શકે અને 'બાળકપણા'ના સ્વાભાવિક સ્વભાવને પરિણામે ઉત્પન્ન થતી પ્રક્રિયા પણ હોઈ શકે. અહીં બાળકની ચેષ્ટા કે સૃષ્ટિનું સર્જન પ્રાયોજિત હોવાની સંભાવનાનો છેદ ઊડી જાય.

ગીતામાં જણાવ્યું છે કે ઈશ્વરે પોતાના ભાવ પ્રમાણે પોતાના મન વડે સૃષ્ટિનું સર્જન કર્યું છે. ગીતામાં એમ પણ જણાવ્યું છે કે ઈશ્વર તેની પ્રકૃતિ અર્થાત માયાને આધારે સમગ્ર ભૂતગ્રામનું, જડચેતન સૃષ્ટિનું ફરી ફરી સર્જન અને વિસર્જન કરે છે - 'પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ'. અહીં એમ સમજી શકાય કે ઈશ્વર સર્જન કરે છે અને વિસર્જન કરે છે અર્થાત તે આકસ્મિક પ્રક્રિયા નથી. અહીં બધું જ નિયમોને આધીન થઈ રહ્યું છે. અકસ્માતના પણ નિયમો હશે પણ તે નિયમો અપવાદમાં આવે અને સૃષ્ટિના સર્જનમાં અપવાદની સંભાવના ન હોય તે સ્વાભાવિક છે. આમ જગત - સૃષ્ટિ આકસ્મિક પ્રક્રિયા છે તે ધારણાનો છેદ ઊડી જાય છે.

બે સંભાવનાઓ બાકી રહે, મોજ-મસ્તી યુક્ત પ્રક્રિયા અથવા સ્વાભાવિક રીતે સ્થાપિત થતી પરિસ્થિતિ. આ બંને બાબતોને ભિન્ન ભિન્ન રીતે જોવી કંઈક મુશ્કેલ છે. મસ્તી યુક્ત પ્રક્રિયા પણ સ્વાભાવિક હોઈ શકે અને સ્વાભાવિક પ્રક્રિયામાં મસ્તીનો સમાવેશ પણ સંભવ છે. નિર્દોષ બાળક મસ્તી એટલા માટે કરે છે કારણ કે તે તેની પ્રકૃતિ છે, તે તેનો સ્વભાવ છે, તેની જે તે અવસ્થાને કારણે સ્થાપિત થતી પરિસ્થિતિ છે, તેનાં નિર્દોષ અપ્રયોજિત અભિગમનું પરિણામ છે. સૃષ્ટિના સર્જનમાં આ બંનેનો સમન્વય હોય તેમ પ્રતીત થાય છે.

અન્યને પરેશાન કરીને, અન્યની મજાક ઉડાડીને, કેટલાંક લોકો મસ્તી કરતા હોય છે, અહીં તેમ નથી. અહીંની મસ્તી નિર્દોષ છે. માતા જ્યારે ઘઉં સાફ કરતી હોય અને બાળક એક મુઠ્ઠીમાં ઘઉં ભરીને બહાર જઈ આંગણામાં વેરે તો તેની પાછળ તેનો કંઈ 'મહાન આશય' નથી હોતો. તેની ઈચ્છા માતાને પરેશાન કરવાની નથી હોતી, આંગણામાં ઘઉં ઉગાડવાની કે પક્ષીઓને ચણ આપવાની ગોઠવણ નથી હોતી, ઘરમાં વધુ એકત્રિત થઈ ગયેલા ઘઉંનો નિકાલ કરવાની તેની ગણતરી નથી હોતી, પોતાની જે તે પ્રકારની ક્ષમતા વિશે અંદાજ મેળવવા માટેનો આ પ્રયત્ન નથી હોતો, આ સમગ્ર પ્રક્રિયાથી તે બાળક અમુક બાબત સ્થાપિત કરવા માંગે છે તેમ પણ નથી હોતું - છતાં પણ બાળક આમ કરે છે. આ તેની પ્રકૃતિ છે. આ તેની મસ્તી છે. એક રૂપક તરીકે જોઈએ તો બાળકને ઈશ્વર છે અને ઘઉં વેરવાની બાળકની ચેષ્ટા એ એક રીતેનું સર્જન છે.

જ્યારે સંકલ્પ થાય ત્યારે તે મુજબની પરિસ્થિતિ સર્જાય, તેવી અપેક્ષા રખાય. કોઈ શક્તિ એ રીતે સંકલ્પ કરે કે હું ચાલું - તો ચાલવા માટેનું અંગ 'પગ' માટેનો સંકલ્પ જરૂરી બને, ચાલવા માટેનાં સ્થાનની પરિકલ્પના સ્થાપિત થાય, અને ચાલવાની પ્રક્રિયાને પરિણામે સમયની ધારણા અસ્તિત્વમાં આવે. આમ એક સાથે અંગ, સ્થળ અને સમયની ધારણા સ્થાપિત થાય. ધારણાના દ્રઢીકરણથી તે વાસ્તવિકતા હોય તેમ પ્રતિત થવા માંડે. એમ જણાય છે કે સૃષ્ટિના સર્જનની આ પ્રક્રિયા છે. અહીં જે નિર્વિકલ્પ સંકલ્પની ધારણા કરવામાં આવી છે તે ઈશ્વરની પ્રકૃતિને કારણે હોઈ શકે તેમ જણાય છે. ગીતામાં, અગાઉ જણાવ્યા પ્રમાણે, આ વાત સ્થાપિત કરાઈ છે. વળી આ પ્રક્રિયા નિર્દોષ હોવાથી તે પ્રાયોજિત હોવાની સંભાવના નથી. ઇતિહાસ સાક્ષી છે કે નિર્દોષતા ભરેલું કોઈપણ કાર્ય 'આશય' વિનાનું હોય, જો તેની પાસે પાછળ કોઈ આશય હોય તો તે માત્ર તે ક્ષણ પૂરતી 'મસ્તી'નો હોય. આ મસ્તી આશય હોય પણ મસ્તી માટે કોઈ આશય ન હોય. આ મસ્તી પણ સ્વભાવગત ઊભરાના પરિણામ સ્વરૂપ હોય.

કહેવાય છે કે વાલો મારો વિલસ્યો પોતાની મોજ રે ત્યારે એ વાત તો સ્પષ્ટ થાય છે કે ઈશ્વર (પોતાના સ્વભાવ અનુસાર) પોતાની મસ્તી માટે વિલસ્યો છે - મસ્ત થયો છે. આનંદ સ્વરૂપ પરમાત્મા આનંદમય થયો છે. વળી જ્યારે એમ કહેવાય કે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે ત્યારે આ સમગ્ર પ્રક્રિયા સ્પષ્ટ થતી જાય છે. અહીં બ્રહ્મનો આશય લટકાં કરવાનો છે - મસ્તી કરવાનો છે, અને તે પણ બ્રહ્મ પાસે જ. આ સમગ્ર પ્રક્રિયા ઈશ્વરની અધ્યક્ષતા હેઠળ અસ્તિત્વમાં આવેલી ઘટના છે.

સૃષ્ટિની રચના એક નિર્દોષ ઘટના છે જેની પાછળ માત્ર નિજ-આનંદ-ચેષ્ટા સમાયેલી છે. સૃષ્ટિ સાથેનો વ્યવહાર પણ તે રીતનો જ હોવો જોઈએ, નિર્દોષ તેમજ આનંદમય. ■

## જ્યારે અનેક ગુરુ જોવા મળે ત્યારે કેવા ગુરુના ચરણમાં મન લગાવવું?

માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



**ફરી** એ જ પ્રશ્ન, કોણ ગુરુ? શિષ્ય-ગુરુની ઓળખ શું ? મને કાલે પૂછવામાં આવ્યું કે, ભારત જગતગુરુ ક્યારે બનશે ? મેં કહ્યું, છે અને રહેશે. યુવાનો ભ્રમિત ન થઈ જાય એટલા માટે વિશેષ ખુલાસા કરું છું. તો, આપણે ક્યાં ગુરુના ચરણમાં લગન લગાવીએ ? જે ક્ષોત્રિય હોય; એવા મહાપુરુષ જે આપણા શોક, મોહ, ભ્રમની ઔષધિ હોય; માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરનારા જ નહીં. જેમના વાતાવરણમાં રહેવાથી, જેમના અણુ-પરમાણુમાં રહેવાથી આપણા મનની ભ્રાંતિઓ આપોઆપ જ ખતમ થવા લાગે, તો સમજવું કે લગન લગાવવા જેવાં ચરણ છે.**अवृजिनः**, નિષ્પાપ, આપણને લાગે કે એ નિષ્પાપ છે.

'**अकामिनः**', આપણી સાથે સંબંધ રાખવામાં જેમને કોઈ કામના ન હોય, એ લગન લગાવવા જેવાં ચરણ છે. બુદ્ધે જગત પર કરુણા કરી, મહાવીરે કરુણા કરી, એમને શું લેવું હતું ? '**अकामिनः**', જે બેઠા હોય તો લાગે કે જેવી રીતે અગ્નિમાં ઈંધણ ખતમ થઈ ગયા છે અને અગ્નિ શાંત છે, એવા એ શાંત લાગે, તો લગન લગાવવા જેવાં ચરણ છે. કારણ વિના કરુણા કરે, દયાસિંધુ હોય, એવાં ચરણ લગન લગાવવા જેવાં છે. વિદ્વાનોએ જગતને માયા કહ્યું છે. એ જાણકારોએ કહ્યું છે; એમાં જોડાઈ ન જાઓ, જ્યારે તમને માયા દેખાય ત્યારે સમજો કે કહો, જગત માયા છે. રચનાને જો ઠુકરાવશો તો અપમાન રચયિતાનું થશે. માણસ સપનામાં બેંક લૂટે છે તો પછી કેટલું ભાગે છે ? પકડાઈ જાય છે. ત્રણ મહિનાની જેલ થાય છે, એ રડી રહ્યો છે, પૂછતાછ થઈ રહી છે. પરંતુ જાગી જાય તો ? જાગનારો કહેશે કે જગત માયા છે ? અને હું તો એમ પણ કહું કે, જાગ્યા વિના એવું પણ ન કહેવું કે બ્રહ્મ સત્ય છે.

તો, જે અવૃજિનઃ છે, અકામિનઃ છે, ક્ષોત્રિય છે, દયાસિંધુ છે, એવા કોઈ બુદ્ધપુરુષનાં ચરણની વાત લગન લગાવવા માટે કરવી પડશે. શિષ્ય પાસે બાણ હોય છે, ગુરુ પાસે બાની હોય છે. અર્જુન પાસે બાણ હતું, કૃષ્ણ પાસે બાની હતી. શિષ્ય પાસે શાલ છે, ગુરુ પાસે મશાલ છે. ગુરુ એક અજવાળામાં લઈ આવે છે, '**तमसो मा ज्योतिर्गमय** ' શિષ્ય પાસે માન અને ગુરુ પાસે ગાન હોય છે. તાલ આપે તે શિષ્ય, તાલી આપે તે ગુરુ. જીવનનો તાલ, લય; શિષ્યને કાળ આપવો પડે છે, ગુરુ કાલી આપે છે. તું થોડો કાળ આપીશ તો ગુરુ કાળિ-જગદંબા આપશે. શિષ્ય આશા આપે છે, ગુરુ અશ્રુ આપે છે. મારા વ્યક્તિગત અનુભવ મુજબ પરમાત્માને યાદ કરતા એકાંતમાં કે સમૂહમાં આંખ ભીંજાઈ જાય તો અશ્રુ જેવો વિશ્વમાં બીજો કોઈ ઉત્સવ નથી. અશ્રુ આવે તો તમે એકલાં નથી હોતા. તમારી સાથે કોઈ છે. શિષ્ય પાસે અનુમાન હોય છે, ગુરુ પાસે હનુમાન હોય છે. શિષ્યનો પ્રદેશ અનુમાનનો છે, જિજ્ઞાસાનો છે અને ગુરુનો હનુમાન એટલે કે વિશ્વાસનો છે. આપણા શાસ્ત્રમાં તો અનુમાનને પણ પ્રમાણ માનવામાં આવે છે કે ધુમાડો હશે તો આગ હશે. અનુમાનમાં જીવવું હોય તો એટલું તો માનો કે જગત છે તો જગદીશ હશે. રચના છે તો એનો સર્જક હશે. આ અનુમાનથી હનુમાન સુધીની યાત્રા છે. એવા કોઈ બુદ્ધપુરુષ મળી જાય જે મશાલવાળા હોય, અશ્રુવાળા, તાલીવાળા હોય, હનુમાનવાળા હોય, કાલીવાળા હોય,એનાં ચરણ લગન લગાવવા જેવાં છે.

'માનસ' એક મહાઔષધિ છે. હરિનામ એક મહાઔષધિ છે. બુદ્ધપુરુષ સ્વયં આપણી ઔષધિ છે. આપણે બધાં સાથે મળીને આ 'રામચરિતમાનસ' રૂપી સદ્‌ગુરુ પાસેથી આપણાં કેટલાંક દરદ વિશે વિચારી રહ્યાં છીએ.

વ્યક્તિના પોત-પોતાના દરદ હોય છે. શોકનું દરદ હોય, સંદેશનું દરદ હોય, ભ્રમનું દરદ હોય. તુલસી પાસે પણ એ જ કહે છે, શોક,મોહ, સંદેહ,ભ્રમ એ ચારેયને એ ઉઠાવે છે. એમાંનું કોઈ પણ દરદ હોય એને બુદ્ધપુરુષ મિટાવી દે છે; એમના મૌનથી, પોતાના શબ્દોથી, પોતાના સંયોગથી કે વિયોગથી, પોતાના કેવળ સંકેતથી.

એક રહસ્યમય વાત કરું, બાપ ! ગુરુ મરતાં નથી; દેહથી મરે છે. એ શિષ્યને પણ મારીને જાય છે. ભૂખી સર્પિણી પોતાનાં ઈંડાંને ખાઈ જાય છે એનો શું મતલબ? સર્પિણી શું મા નથી ? સર્પિણીને ડર છે કે મારાં બચ્ચાં બીજે ક્યાંક જઈને ઝેરીલાં ન થઈ જાય અને કોઈને ડંખે નહીં. પહોંચેલા ગુરુ જતી વખતે ચિંતિત હોય છે કે મારા આશ્રિત ક્યાંક સંપ્રદાય ન બનાવી લે! જેલખાનાં નિર્મિત ન કરે ! શાસ્ત્રને નામે નાસમજ લોકોને ધમકાવે નહીં ! આને રહસ્યના રૂપમાં સમજજો. બાપ ! હું સદ્દગુરુ શબ્દનો ઉપયોગ કરું છું એટલે તર્ક ન કરશો. મેં ગઈકાલે પણ સ્પષ્ટ કર્યું છે અને ફરી કહું છું કે કોણ સદ્દગુરુ ? જે સત્યનો પૂજક હોય, જેની વાણીમાં સત્ય હોય, પ્રિય સત્ય હોય તે સદ્દગુરુ છે. પછી તેણે પેન્ટ પહેર્યું હોય તો પણ શો ફરક પડે છે ? જેનાં જીવનમાં તમને શાસ્ત્રોની મર્યાદા જોવા મળે અને ઉપાસના જોવા મળે તે સદ્દગુરુ, પરંતુ શરણાગતિ કોની સ્વીકારવી અને કોની ન સ્વીકારવી તેના માટે બુદ્ધિની જરૂર પડે છે. જેણે શરણાગતિ શીખવી હોય તેને બે કિનારાઓ સમજવા પડે.

એક, શુદ્ધિ અને બીજી બુદ્ધિ. બુદ્ધિ વગરની શરણાગતિ કદાચ આપણને ભ્રમમાં નાખી શકે છે. અને જેણે શરણે આપણે ગયા હોઈએ તેને પણ ભ્રમમાં નાખી શકે. હા, એકવાર શરણે થઈ ગયા પછી બુદ્ધિનું મૂલ્ય નથી રહેતું. પણ શરણાગતિ કોની સ્વીકારવી તેને સમજવા માટે બુદ્ધિનું મૂલ્ય છે. મારાં ભાઈ-બહેનો, એક તણખલામાં પણ જે આપણાથી અનેકગણું વધુ જોઈ શકે તે સદ્દગુરુ. જે પોતે સતત અજવાળામાં રહેતો હોય અને આપણને પણ અજવાળામાં રાખે તે સદ્દગુરુ.

જેની વાણીમાં સત્ય હોય, જેનામાં કોઈ માટે ભેદ ન હોય અને જેને પ્રાણીમાત્ર તરફ, જીવમાત્ર તરફ પ્રેમ હોય તે સદ્દગુરુ. આંખમાં અમૃત હોય અને જગત માત્ર તરફ પ્રેમ હોય તે સંત.

આંખો જુઓ ત્યાં લાગે કે આણે કોઈ પાપ નથી કર્યા, પુણ્યો જ કર્યા છે! આવા કોઈ મહાપુરુષનો આશ્રય કરજો. એવો સત્સંકલ્પ કરજો કે મારે કોઈ એવાનો આશ્રય કરવો છે જે પોતે પવિત્ર હોય અને મને ક્યારેય અપવિત્ર ન થવા દે ! જે સતત ઇશનું ચિંતન કરતો હોય અને શિષ્યની ચિંતા કરતો હોય તેવાનો આશ્રય મારે કરવો છે. બાપ !

(સંકલન : જયદેવ માંકડ)■

## હું તને શાપ આપું છું કે, તારા કુળ ને તારી કીર્તિનો નાશ થાય

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



**મહારાજા** પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી સાગર કિનારે સંધ્યાવિહાર (સનસેટ જોવા) માટે પહોંચ્યાં એ જ સમયે બ્રહ્માજી ત્યાં પધારે છે અને કહે છે, 'ભગવાન શિવની લીલા અસંભવ કાર્યને પણ સંભવ બનાવી દે છે. હવે સમય થઈ ગયો છે કે તમે તમારું માનવ જીવન સાર્થક કરી શકો. શિવ કૃપાથી આ પૃથ્વીને સાત ખંડોમાં અને એ સાત ખંડોમાં સાત સમુદ્રની રચના કરો. સૃષ્ટિની રચના વખતે આ કાર્ય તમારા માટે છોડી દેવામાં આવ્યું હતું, જે હવે તમારે પૂર્ણ કરવાનું છે.

મહારાજા પ્રિયવર્ત કહે છે કે 'પણ આ કાર્યને હું કઈ રીતે પૂર્ણ કરીશ?'

ત્યારે બ્રહ્માજી જણાવે છે કે પૃથ્વીને નવું રૂપ આપવાના કાર્યમાં તમને દેવતાઓના શિલ્પી અને મહારાણી બહિષ્મતીના પિતા વિશ્વકર્માની સહાય અવશ્ય મળશે, પ્રથમ તમે બંને તેમને પ્રસન્ન કરો.'

સાથે જ બ્રહ્માજી કહે છે કે 'સફળતા મેળવવાનો પહેલો અને સરળ માર્ગ ધૈર્ય છે. જો અનુષ્ઠાનમાં તમે ધૈર્ય ધારણ કરશો તો સફળતા જરૂર મળશે.'

મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી તેમને પ્રણામ કરે છે અને તેમની આજ્ઞાને પ્રથમ કર્તવ્ય માને છે.

બાદમાં બ્રહ્માજી ત્યાંથી વિદાય લે છે.

મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી સામે દેવતાઓના શિલ્પી ભગવાન વિશ્વકર્મા ત્યાં પ્રકટ થાય છે. તેમને જોઈને બહિષ્મતી પિતાને કહે છે કે 'અમને તમારા આશીર્વાદ અને સહકારની જરૂર છે.'

ભગવાન વિશ્વકર્મા જણાવે છે કે 'જે કાર્યને સ્વયં બ્રહ્માજીએ અપૂર્ણ રાખ્યું છે એને પૂર્ણ કરવાની જવાબદારી અમારા જમાઈ મહારાજા પ્રિયવર્તને સોંપી છે, જે ખૂબ અગત્યનું છે. તેમને સહકાર આપવો એ અમારા માટે ગર્વની વાત છે.'

આટલું કહીને ભગવાન વિશ્વકર્મા તેમને એક દિવ્ય સિંહાસન અને એક દિવ્ય ખડગ આપે છે. સાથે જ જણાવે છે કે આ ઉત્તમ કાર્ય માટે તમારી સાથે સમસ્ત દેવગણ અને ત્રિદેવના આશીર્વાદ સાથે છે.

પ્રિયવર્ત અને બહિષ્મતી માતા પૃથ્વીને પ્રસન્ન કરવા આરાધના કરતાં માતા પૃથ્વી પ્રસન્ન થાય છે. મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી કહે છે, 'માતા! ભગવાન શિવની આજ્ઞાથી અમે તમારી શરીરરૂપી ભૂમિને સપ્તદ્વિપ ખંડ અને સાત મહાસાગરમાં પરિવર્તિત કરવા માગીએ છીએ. માના હૃદયમાં મમતાનો વાસ હોય છે. અમારા કાર્યથી ભૂમિ અને સાગર વચ્ચે નવો સંબંધ સ્થાપિત થશે. પૃથ્વીવાસી માનવોનો વિકાસ સુગમ થશે. આશીર્વાદ આપો જેથી અમે અમારા કાર્યમાં સફળ થઇએ.'

પ્રસન્ન માતા પૃથ્વી દ્વારા અનુમતિ આપતાં જ મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી એ દિવ્ય સિંહાસન પર આરુઢ થતાં જ તેમને બંનેને પૃથ્વીનો ભૂમિ ભાગ અને જળ સ્પષ્ટ દેખાવા લાગ્યા અને આ ખડગમાંથી નીકળેલો દૈવી પ્રકાશ પૃથ્વીમાતાને ખંડ ખંડમાં રૂપાંતરિત કરવા લાગ્યો. ભગવાન વિશ્વકર્મા દ્વારા અપાયેલા ખડગનો મહારાજા પ્રિયવર્તએ સાત વખત ઉપયોગ કર્યો. ફળસ્વરૂપે એ સાતેય સ્થાન સાત દ્વીપોમાં પરિવર્તિત થઈ ગયા અને આ પ્રકારે સાત મહાસાગરનું પણ નિર્માણ થયું.

એજ સમયે ભગવાન શિવ, ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્માજી ત્યાં પ્રકટ થાય છે અને ભગવાન શિવે આશીર્વાદ આપતાં કહ્યું કે, 'હે પ્રિયવર્ત અને બહિષ્મતી તમારા નામ પણ અમારા ત્રિદેવની સાથે પૃથ્વીના રચનાકાર તરીકે પ્રખ્યાત થશે.'

* * *

એક સમયે શિવભક્ત રાજા વૃષધ્વજ નૈમિષારણ્ય પર રાજ કરતાં હતાં. વૃષધ્વજ રાજા અતિ જ્ઞાની અને પરાક્રમી હતા. તે ઈન્દ્રના પરમમિત્ર હતા. અવારનવાર અસુરો દેવલોક પર આક્રમણ કરતાં ત્યારે તેઓ હંમેશાં દેવરાજ ઇન્દ્રને સહાય કરતા. ઈન્દ્રલોકમાં પણ રાજા વૃષધ્વજનું બહુ માન અને દબદબો હતો. એક સમયે રાજા વૃષધ્વજે તેમના રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો કે, આખા રાજ્યમાં ભગવાન શંકર અને પાર્વતી સિવાય કોઈ દેવદેવીની પૂજા ન કરવી.

પ્રતિબંધના આવા ઢંઢેરાને લીધે હોમ-હવન અને યજ્ઞભાગ રાજ્યમાં બંધ થઈ ગયા. આથી અન્ય દેવતાઓ નારાજ થયા. સમગ્ર દેવતાઓ પણ જાણતાં હતાં કે રાજા વૃષધ્વજ પર ભગવાન શિવની અનંત કૃપા હોવાથી તે ગર્વિષ્ઠ રાજાને શાપ પણ ન આપી શકાય.

એક દિવસ રાજા વૃષધ્વજે નદીમાં સ્નાન કર્યું. સ્નાન કરી તે સૂર્યનારાયણને અર્ઘ્ય આપતો હતો, પણ અન્ય દેવતાઓની પૂજા ન કરવી તેવો પ્રતિબંધ પોતે જ ફરમાવ્યો હોવાથી તે દિવસે રાજા વૃષધ્વજે ભગવાન સૂર્યની સામે નજર પણ ન કરી. આથી ભગવાન સૂર્ય નારાજ થઈ તેમની સામે પ્રગટ થયા.

ભગવાન સૂર્યઃ 'હે પરમ શિવભક્ત વૃષધ્વજ! દેવતાઓની મિત્રાચારીનો આ પ્રકારે લાભ લેવો ઉચિત નથી. માત્ર ભગવાન શિવ અને માતા પાર્વતી અન્ય દેવ-દેવીઓનું પૂજન અર્ચન ન કરવાની તમારી આજ્ઞા યોગ્ય નથી. જો તમે સર્વ દેવતાઓનું પૂજન કરશો અને કરાવશો તો તમારી કીર્તિમાં અભિવૃદ્ધિ થશે અને તમારા રાજ્ય પર દેવતાઓની અવિરત કૃપા વરસતી રહેશે.'

આટલી વાત સાંભળતાં જ મહારાજ વૃષધ્વજનો ક્રોધ ભભૂકી ઉઠયો.

મહારાજ વૃષધ્વજઃ 'ભગવાન શિવ અને માતા પાર્વતી મારા આરાધ્ય છે અને અન્ય દેવતાઓ મારા મિત્ર છે, માટે મિત્રોનું પૂજન કરવું મને યોગ્ય લાગતું નથી. આજે મેં તમને અર્ઘ્ય ન આપ્યો પૂજા પણ કરી નથી તેથી તમે ઉશ્કેરાઈ ગયા છો. હું તો ખૂબ પરાક્રમી અને બલિષ્ઠ છું, મને તમારો જરાય ડર નથી.'

આવી કટુ વાણી સાંભળી સૂર્ય દેવ પણ ક્રોધે ભરાયા તેમણે કહ્યું, 'તારા બળના કારણે તું અહંકારી બની ગયો છે, તું દેવતાઓનું અપમાન કરી રહ્યો છે, હું તને શાપ આપું છું કે, તારા કુળ અને તારી કીર્તિનો નાશ થાય.'

અભિશાપને લીધે રાજા વૃષધ્વજનો અહંકાર ઓગળી ગયો. એનો ઘમંડ નષ્ટ થઈ ગયો. તેને ખાતરી હતી કે દેવતાઓનો શાપ કદી મિથ્યા થતો નથી. તેણે વ્યથિત બનીને ભગવાન શિવને યાદ કર્યા. પોતાના પરમ ભક્તને શાપ મળતાં જ ભગવાન શિવ ત્યાં પ્રગટ થાય છે.

મહારાજા વૃષધ્વજઃ 'ત્રાહિમામ... પ્રભુ ત્રાહિમામ... મને ઉગારો પ્રભુ...મને ઉગારો. મને સૂર્ય દેવે શાપ આપ્યો છે કે મારું કુળ અને કીર્તિનો નાશ થાય. આ શાપથી મને ઉગારો પ્રભુ...મને ઉગારો...'

ભગવાન શિવ પોતાના પ્રાણપ્રિય ભક્ત મહારાજા વૃષધ્વજની અવસ્થા જોઈ ખૂબ રોષે ભરાયા. તેમણે ત્રિશૂળ ઉઠાવ્યો અને સૂર્યની પાછળ દોટ મૂકી. સૂર્યદેવ ભયભીત થઈ બ્રહ્મલોક તરફ દોડવા લાગ્યાં. સમગ્ર આકાશલોકમાં દેવતાઓની ભાગદોડ મચી ગઈ.

(ક્રમશ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# અહમ્ નિર્વિકલ્પો



જ્યારે વિકલ્પ વિશે વિચારવાનું શરૂ થાય ત્યારે જ સૃષ્ટિ પ્રગાઢ બનતી જાય. વિકલ્પ હોય ત્યારે પસંદગી જરૂરી બને અથવા પસંદગી કરવાનું મન થાય. આ પસંદગીની પ્રક્રિયામાં જ વ્યક્તિગત ધારણા, ઈચ્છા, માન્યતા, રસ, પરિણામ, આગળની સંભાવના તથા વ્યક્તિત્વ જેવી બાબતો પ્રવેશે. અહીંથી રાગદ્વેષ શરૂ થાય. અહીં જ ફળની અપેક્ષાથી કર્મની શરૂઆત થાય. અહીં જ સાક્ષીભાવથી વિપરીત તન્મયતા સ્થાપિત થાય. અહીં જ નિષ્કામ કર્મભાવનાથી વિપરીત કર્તાપણાનો ભાવ ઊભરે. જો વિવેક ન હોય તો, અહીંથી જ સંયમ તેમજ મર્યાદાની પાળ તૂટે.

ત્રિપુરા-રહસ્યમાં જણાવ્યા પ્રમાણે સવિકલ્પતા, અર્થાત સવિકલ્પ સંકલ્પ, સૃષ્ટિનાં પાશને, જન્મ-મરણના બંધનને, અસ્તિત્વની મર્યાદાને સૌથી વધુ નકારાત્મકતાથી પ્રભાવિત કરતી બાબત છે. તેથી જ આદિ શંકરાચાર્ય મહારાજ 'અહમ્ નિર્વિકલ્પો'ની વાત કરે છે.

જીવનમાં વિકલ્પ સ્વભાવિક પણ છે અને અનિવાર્ય પણ છે, પરંતુ આ વિકલ્પ જ્યારે જીવન પર હાવી થઈ જાય ત્યારે પ્રશ્નો ઊભા થાય. આજે આ ભોજન લેવું છે કે અન્ય, તે વિકલ્પ સામે આવીને ઊભો જ રહે. જ્યારે પસંદ કરાયેલાં વિકલ્પ સાથે તાદાત્મ્યતા ઊભી થાય ત્યારે પ્રશ્નો ઉદ્ભવે. પસંદગી સ્વાભાવિક છે પરંતુ પસંદગી જ્યારે વ્યક્તિગત કામના, અહંકાર, મમત્વ, વિષયો આધારિત, અનૈતિક તેમજ તામસી પ્રકારની હોય ત્યારે શરીર સાથેનું બંધન વધુ દૃઢ બને. આ વાત લગભગ દરેક શાસ્ત્રમાં વ્યવસ્થિત રીતે સ્પષ્ટ જણાવાઈ છે.

વ્યવહારિક ભાષામાં કહીએ તો જ્યાં પસંદગી છે ત્યાં જવાબદારી છે. સંસાર સાથે, સમાજ સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે પસંદગી કરવાનો અધિકાર વ્યક્તિ પાસે હોય, પરંતુ આ દરેક પસંદગી સાથે કોઈ ઉત્તરદાયિત્વ જોડાયેલું રહે. ઉત્તરદાયિત્વની સ્વીકૃતિ વગરની પસંદગી સમગ્ર વ્યવસ્થાને હાનિ પહોંચાડી શકે. ઊંડાણમાં વિચારતાં જણાશે કે આ ઉત્તરદાયિત્વ સાથે નૈતિકતા, સત્ય-અસત્યની સમજ, ન્યાય-અન્યાય માટેની સમજદારી, સમગ્રતા કે વ્યક્તિગતતા, સ્વાર્થ કે પરમાર્થ, તત્કાલીન પ્રાપ્ત થતું ઇન્દ્રિય-સુખ કે સમગ્ર જીવન માટેનો ધ્યેય; 'શ્રેય અને પ્રેય'ને નિર્ધારિત કરતી આ બાબતો સંકળાયેલી હોય છે. અંતે તો વ્યવહારિક વિકલ્પ પણ ધાર્મિક, નૈતિક તેમજ આધ્યાત્મિક ઘટના બની રહેવી જોઈએ.

પસંદગી માટે માત્ર 'મને ગમે છે' એ પ્રકારનો અભિગમ કે માપદંડ પૂરતો નથી. પસંદગી કરતી વખતે વિકલ્પના અંત વિશે જાગ્રતતા, લાંબા ગાળા માટેનો દ્રષ્ટિકોણ, આંતરિક શાંતિ તથા સંતોષ માટેનો આશય, સંસ્કાર સાથેનો તાલમેલ, સમગ્રતા વિશેનું ચિંતન તેમજ માનવીય સંવેદનશીલતા જરૂરી ગણાય. બુદ્ધિશાળી માણસો શ્રેયની પસંદગી કરે, તેની સાથે પણ જ્યારે અહંકાર પ્રવેશે ત્યારે પ્રશ્નો ઊભા થાય. જ્ઞાની જ્ઞાનમાર્ગની પસંદગી કરે, તેની સાથે પણ જ્યારે પરિણામની અપેક્ષા હોય ત્યારે જ્ઞાન પણ અવરોધક બની રહે.

વિકલ્પ તરીકે સાધના પણ સ્વીકાર્ય છે, તેની સાથે જ્યારે સિદ્ધિની અપેક્ષા સંકળાય ત્યારે સિદ્ધિ પણ ક્યાં તકલીફ ઊભી કરે. સૃષ્ટિનું બંધારણ જ એવું છે કે વિકલ્પ તો હોય, સંસારની પ્રકૃતિ જ એવી છે કે વિરોધાભાસીનું સહઅસ્તિત્વ હોય, અસ્તિત્વની રચના જ એવી છે કે જ્યાં પસંદગીની પસંદગી કરવી પડે. શિવ મહિમ્નમાં જણાવ્યું છે તેમ દરેક વ્યક્તિ પોતાની રુચિ અનુસાર પોતાનાં માર્ગની પસંદગી કરતો હોય છે, અર્થાત્ માર્ગની પસંદગી માટે પણ વિકલ્પો તો છે જ. અગત્યનું એ છે કે જ્યારે પણ વિકલ્પમાંથી એકની પસંદગી કરવામાં આવે ત્યારે તેની સાથે અહંકાર કે મમત્વ સંકળાયેલા ન હોય.

અસ્તિત્વ એ ધબકતી વાસ્તવિકતા છે. જો વિકલ્પ ન હોય તો જીવન યાંત્રિક બની રહે. જો વિકલ્પ ન હોય તો દરેક વ્યક્તિને પોતાની રુચિ અનુસારનું કર્મ કે પોતાનાં કર્મ અનુસારનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના ન રહે. વિકલ્પની પસંદગી દ્વારા જ વ્યક્તિનું વ્યક્તિત્વ પ્રગટ થતું હોય છે. એ પણ સમજવું જરૂરી છે કે આત્મિક વિકાસ માટે સ્વતંત્રતા જરૂરી છે.

એમ પણ કહી શકાય કે ઈશ્વરે માનવીને વિવેક આપ્યો છે 'ફરજિયાત'તા નહીં. વિકલ્પને કારણે દ્વિધા ઊભી થાય જેને કારણે વ્યક્તિએ વિચારશીલતાને કેળવવી પડે. વિકલ્પને કારણે ક્યારેય નિર્ણય લેતાં ખચકાટ થાય અને વધુ સમય જતો રહે, તે વખતે સમયની કિંમત સમજાય. પસંદ કરેલો વિકલ્પ ઇચ્છિત પરિણામ ન પણ આપે, ત્યારે પરિસ્થિતિની સ્વીકૃતિની ભાવના જાગ્રત થાય. એક વિકલ્પ પસંદ કર્યા પછી પણ અન્ય વિકલ્પ તરફ મન આકર્ષાય, તે વખતે આત્મવિશ્વાસ જરૂરી બને. એ સમજવું જરૂરી છે કે વિકલ્પની પસંદગી એ, યાત્રા દરમિયાન, એક પ્રકારની માનસિક સ્થિતિનું પરિણામ છે, તે નથી સંપૂર્ણ યાત્રા કે તે નથી અંતિમ પડાવ. વિકલ્પ તો સ્વાભાવિક રીતે સામે આવી જતી વ્યવસ્થા છે, તે સંપૂર્ણ અસ્તિત્વ નથી. વિકલ્પના અભાવે પણ અસ્તિત્વ સંભવ છે. અસ્તિત્વ તો નિર્વિકલ્પ છે. અસ્તિત્વ એવી સ્થિતિ છે જ્યાં કોઈ વિરોધી નથી, દ્વૈત નથી, સંઘર્ષ નથી, અહંકાર નથી, ભેદ નથી; અને તેથી વિકલ્પ નથી.

વિકલ્પ એટલે 'આ કે તે'ની સ્થિતિ. ગીતામાં જ્યાં કહેવાયું હોય કે 'મૃત્યુ પણ હું છું અને અમૃત પણ હું છું, સત પણ હું છું અને અસત પણ હું છું'; ત્યારે આપમેળે સમગ્ર વિરોધી જણાતાં દ્વન્દ્વ નાશ પામે છે. દ્વન્દ્વ નાશ પામતાં સૃષ્ટિનો સમગ્ર વ્યવહાર અને તે પ્રત્યેનો દ્રષ્ટિકોણ લય પામે. દરેક માનવી તે બ્રહ્મના અંશ સમાન હોવાથી તેમાં પણ વિકલ્પતાની સંભાવના નથી. દ્વૈત તો બુદ્ધિનો પ્રપંચ છે અને માનવી બુદ્ધિ નથી, અને તેથી જ માનવી સવિકલ્પ નથી. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# કર્મફળના લોભી



ગત અંકમાં તામસ કર્મના ત્યાગની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ કર્મફળના લોભને રાજસિક ગણાવે છે, તે સમજીએ.

માનવ જીવન કર્મ પર નિર્ભર છે. દરેક વ્યક્તિ પોતાના કર્મથી પોતાનું જીવન સુચારુ જીવે છે. હા, કર્મ કર્યા પછી ફળપ્રાપ્તિની ઇચ્છા સાહજિક છે. પરંતુ પ્રશ્ન તો ત્યારે થાય જયારે લોકો કર્મ કરતાં ફળની અપેક્ષા વધુ રાખે છે. તેઓ કામ કરે છે પણ તેમનું ધ્યાન કામની શુદ્ધતાથી વધુ તેના પરિણામ પર હોય છે. આ પ્રકારના લોકો કર્મ ફળના લોભી કહેવાય છે. આવા મનુષ્યને ક્યારેય અંતરશાંતિ મળતી નથી, કારણ કે તેનું મન હંમેશાં ફળની આશામાં ચિંતિત અને અશાંત રહે છે. આમાં, ગતિ અને પ્રગતિ કેવળ ભૌતિક સિદ્ધિ સુધી સીમિત રહે છે.

રાજેશ નામનો યુવાન એક મોટી કંપનીમાં કામ કરતો હતો. તે ખૂબ બુદ્ધિશાળી અને કાર્યકુશળ હતો, પરંતુ તેનું દરેક કાર્ય ફક્ત પોતાના સ્વાર્થ માટે હતું. તે જે પણ પ્રોજેક્ટ હાથ ધરતો, તેમાં તેનો એક જ ધ્યેય રહેતું  મને પ્રમોશન મળે, વધારે પગાર મળે, લોકો મારી પ્રશંસા કરે. શરૂઆતમાં તેના પ્રયત્નો સફળ થયા. તેને પ્રમોશન પણ મળ્યું, સહકર્મીઓની આગળ તેની પ્રતિષ્ઠા પણ વધી.

પણ ધીમે ધીમે તે વધુ લોભી બનતો ગયો. કાર્ય કેવળ પરિણામ લક્ષી બનતું ગયું. દેખાડો કરવાની ભાવના બલવતી બનતી ગઈ. કોઈ સહકર્મી આગળ વધે તો તેને તરત જ ઈર્ષા થતી. તે બીજાના કામમાં ખામીઓ શોધતો અને પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા માટે બીજાને નીચા દેખાડતો. તેના મનમાં સતત તણાવ રહેતો  હવે પછી શું કરું કે વધુ ફળ મળે? આ ચિંતા તેની શાંતિ છીનવી ગઈ. ઘરમાં પણ તે ચિડચિડો બનતો ગયો. અંતે એક દિવસ તેની ટીમના સભ્યો તેની વિરુદ્ધ થઈ ગયા અને બોસે તેની બદલી કરી દીધી. રાજેશ પાસે પૈસા હતા, પણ સંતોષ નહોતો. તેની સફળતા હવે ખાલીપા જેવી લાગતી હતી.

વસ્તુતઃ આવા લોકો કર્મફળના લોભી ગણાય છે. તેઓ કર્મને નિષ્ઠા કે સેવા નથી માનતા, પણ સ્વાર્થપૂર્ણ સાધન માને છે. ગીતા મુજબ આવી વૃત્તિ રાજસિક ગણાય છે કારણ કે રાજસિક કર્મ હંમેશાં ફળની આશાથી પ્રેરિત હોય છે. એમાં આત્મશાંતિ નહિ, પરંતુ અહંકાર અને લોભનો પ્રબળ પ્રભાવ હોય છે.

મહંત સ્વામી મહારાજ કહે છે કે રાજસિક કર્મનું ફળ તાત્કાલિક તો આકર્ષક લાગે છે, પણ અંતે તે દુઃખરૂપ બની જાય છે. જીવનની સાચી સફળતા તો ત્યારે મળે છે જ્યારે મનુષ્ય નિષ્કામ ભાવથી, ફરજ સમજીને અને ભગવાનને સમર્પણ કરવાની બુદ્ધિથી કર્મ કરે  એ જ કર્મને સાક્ષાત્ યોગ બનાવે છે.

જો આ ભાવના નહીં હોય તો કર્મ ફળના લોભી વ્યક્તિ માટે કર્મ એક સાધન ન રહે, પરંતુ એક સોદો બની જાય છે. તે આધ્યાત્મિક માર્ગે પણ વ્યાવહારિક દૃષ્ટિ રાખે છે. હું પૂજા કરું તો મને લાભ મળે, હું દાન આપું તો મારાં દુઃખ દૂર થાય. આ ભાવના આધ્યાત્મિકતા નહીં પરંતુ વહેવાર છે. ફળનો લોભ માનવના વિચારને સંકુચિત બનાવે છે. તે સ્વાર્થી બને છે અને પોતાના લાભ માટે બીજાને નુકસાન પહોંચાડવા તૈયાર થઈ જાય છે. આવો લોભ અંતે મનુષ્યને દુઃખ, અશાંતિ અને અસંતોષ તરફ ધકેલે છે. કારણ કે લોભનો કોઈ અંત નથી  એક ફળ મળતાં જ બીજું ફળ મેળવવાની ઇચ્છા જન્મે છે. આવા ફળના લોભી લોકો પોતાના કર્મને પોતે જ બંધનમાં ફેરવી દે છે.

અલબત, સાચું કર્મ નિષ્ઠાથી કરવામાં આવે તો તે પોતે જ ફળરૂપ બની જાય છે, ભલે તાત્કાલિક પરિણામ ન મળે. પણ અંતે તે સુખમય અને સંતોષકારક નીવડે છે. આમાં અંતે તેના કર્મમાં દૈવી શક્તિ ઉદ્ભવે છે. જીવનનું સૌંદર્ય નિષ્કામ કર્મમાં છે. જો માણસ ફળની આશા વિના કર્મ કરે, તો તેનું મન નિર્મળ રહે છે. તે જે પણ કરે છે તેમાં આનંદ અનુભવે છે, કારણ કે તેની અપેક્ષા કોઈ નથી. આ મુમુક્ષુ પ્રભુને પ્રિય બને છે, કારણ કે તે પોતાના કર્મ બ્રહ્મ અને પરબ્રહ્મને સાક્ષી સમજીને કરે છે.

આમ, સાચું સુખ તો ત્યાં છે જ્યાં કર્મમાં સમર્પણ છે અને ફળમાં વૈરાગ્ય છે. જ્યારે મનુષ્ય ફળની ચિંતા છોડીને કર્મને ભગવાન અને ગુરુને રાજી કરવા કરે છે, ત્યારે તેનાં સાધારણ કર્મ પણ ભક્તિરૂપ બની જાય છે. તે ભક્તની દરેક પલ ઉત્સવ બની જાય છે. ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

# વસંત તો પ્રેમની ઋતુ, જડચેતન બધું જીવંત થઈ જાય છે

આપણે ત્યાં એક પરંપરા છે. દરેક માસનાં ગીત રચાય. ઋતુ પ્રમાણે ગીત, નૃત્ય અને ઉત્સવ હોય છે. આ વખતે લોકપ્રિય નાયક અને નાયિકાને અનુલક્ષીને આવાં ગીત ગોઠવાઈ જાય છે. તે 'બારહમાસા' કહેવાય છે. સ્વાભાવિક રીતે જ રાધાને કેન્દ્રમાં રાખી આવાં ગીત રચાયાં છે. દા.ત. એક લોકગીતની પંક્તિઓ છે.

'માગશર શુભ માસં, ધર્મપ્રકાશં, હિયે હુલાશં, જનવાસં, સુંદર સહવાસં, સ્વામી પાસં, વિવિધ વિલાસં, રનવાસં અને નહીં અપવાસં, વૃત્તિ અકાસં નહીં વિશ્વાસં, મોરારિ કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.'

વસંત તો પ્રેમની ઋતુ જડચેતન બધું જીવંત થઈ જાય છે. મીરાંબાઈનું સુંદર પદ વસંતના આનંદવિલાસને વર્ણવે છે, 'ઝૂલત રાધે સંગ, ગિરધર ઝૂલત રાધે સંગ અબીર ગુલાલ કી ધૂમ મચાઈ, ભર પિચકારી રંગ, ગુલાલ ભઈ જમુના વૃંદાવન, કેસર ચુવત અનંગ.'

તો રાધાના વિરહનું વર્ણન પણ આ જ ઋતુમાં છે, પ્રેમની રંગભરી ઋતુમાં પ્રિયતમ સાથે ન હોય તો રાધા દુઃખી છે.

*'ફાગણ આવ્યો રે સખી, કસૂ ફૂલ રસાળ*
*હદે ન ફૂલી રાધિકા, ભમર કનૈયાલાલ...*
*વેરી વિધાતાએ લખ્યો, વ્હાલા તણો રે વિજોગ*
*રત્નાના સ્વામી રે શામળા, આવી કરો રે સંજોગ.'*

વર્ષાઋતુમાં ગવાતા મલ્હારના સૂરમાં 'બોલે ઝીણાં મોર, રાધે! તારા ડુંગરિયા પર બોલે ઝીણાં મોર' પણ એક સરસ ઋતુપદ છે. રાજેન્દ્ર શાહની થોડી સુંદર પંક્તિઓ છે.

*'હિય હરિ લિયો હરાય, છલ છલ જમુના છલકૈ,*
*મોરા બોલૈ, સો ન સહાય.*
*વરસિ વરસિ અવ સાંવર, રાધાઅંગસુ અંગ મિલાય.'*

બીજું એક વર્ષાનું વર્ણન છે. રત્નો કહે છે,

*'ભાદરવો ભરપૂરમાં, ભલું જણાયે જોર*
*ગગન વિશે કરે કાટકા, ના'વ્યા નંદકિશોર,*
*પંચરંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ,*
*ચંપકવરણી રે રાધિકા, ચીર ભીંજાયે સ્વચ્છ.'*

ચૈતન્યના અનુગામી ૬ ગોસ્વામીઓમાંના એક રઘુનાથદાસે સંસ્કૃતમાં 'હંસસંદેશ' લખેલું, જેનો બંગાલી અનુવાદ ૧૭મી સદીમાં થયો હતો તે ઉપલબ્ધ છે. તેમાં ગોપી લલિતા હંસપક્ષીને કૃષ્ણ પાસે સંદેશ લઈને મોકલે છે.

જેમાં વર્ષના બારે માસ દરમિયાન રાધા અને તેની



સખીઓ ગોપીઓએ કૃષ્ણના વિરહમાં વેઠેલી વ્યથા વર્ણવે છે. જનસાધારણમાં બારહમાસા લોકપ્રિય પરંપરામાં હતા અને તે ગેય પ્રકાર છે.

શ્રીકૃષ્ણ સાથે મોરપીંછ એટલું નિકટતાથી જોડાઈ ગયું છે કે મોરપીંછ વગર તેમની કલ્પના પણ ન થાય. એક લોકગીતની સરસ પંક્તિઓ છે, 'ઓરા આવોઃ તો વળી પૂછું વરણાગિયા, મોરલાની પીંછી શું પહેરી જી રે? અમે રે કળાધર, હો, નટવર, નટરાજ, રાધાની ટીલડી ને સેંથાનો રંગ રાજ;

ગોરી પૂછો તો કે'શું રે કે રંગો રળિયામણા.' હરીન્દ્ર દવેની રાધા કૃષ્ણને કહે છે,

*'ફૂલ જશે કરમાઈ શ્યામ, લ્યો મોરપીંછ નિત તાજું,*
*નીલરંગમાં સોનેરી મુજ વર્ણ જોઈ નહીં લાજું.'*

*સુરેશ દલાલે કહ્યું,*
*'અમે તમારી વાંસળીઓ ને તમે અમારા સૂર,*
*અમે તમારા મોરપિચ્છમાં રેશમ જેવો રંગ.'*

રાધા અને મોરપીંછનું મુલાયમ ઐક્ય કવિઓ સિવાય કોણ સમજી શકે? શ્યામને મોરપીંછ જોઈ શું થાય? મકરંદ દવે,

*'માધવ મોરપીંછ અવલોકે,*
*વારવાર કંપિત કરથી ધરતા વિરહાકુલ શોકે,*
*આતુર અપલક રાધા કેરી ઝાંખી ઉરે જગાડી,*
*મોરપિચ્છ મહીં અનુખન નીરખે આંખ ઉઘાડી,*
*ઝીણી ઝલમલ તંતુતંતુ પર સોહે સ્વર્ણિમ છાયા,*
*નયન તરે સંકોચી સરતી કોમળ કંચન-કાયા*
*પ્રાણે પૂર્ણ વણાઈ નીલિમા નિખિલ નીલમણિ કેરી*
*પાગલ નૃત્ય કરી ખરવું શ્યામ વદનઘન હેરી.*
*મોરપિચ્છ નિજ શિરે લગાવત ધારી પ્રેમ અગાધા,*
*માધવ ડોલત વનવન કુંજે બોલત રાધા! રાધા!'*

જ્યારે ભક્તિભાવનાથી સમાજ તરબોળ થતો ગયો ત્યારે પાર્થિવ પ્રેમનાં ઘોતક પ્રાચીન પદો પર વૈષ્ણવ ભાવનાની છાપ મૂકી, એ પદોને રાધાકૃષ્ણના અપાર્થિવ પ્રેમનાં પદો બનાવી લેવાયાં. એ પદ એ વખતે લોકપ્રિય હશે તેથી એ નાની નાની સરવાણીઓ બૃહત્ ભક્તિસરિતામાં સમાઈ ગઈ.

નાયક-નાયિકાનાં નામ વગરનાં પદ ત્યારથી રાધાકૃષ્ણ ગીતિકા બની ગયાં. દા.ત. એક શ્લોક છે, જેને ૧૧મી સદીના આચાર્ય મમ્મટે પોતાના પુસ્તક 'કાવ્યપ્રકાશ'માં રસશાસ્ત્રીય દૃષ્ટિએ મૂલવ્યો છે, જેમાં રાધાકૃષ્ણની કેલિક્રીડા સાથે કોઈ સંબંધ હોય તેવું લાગતું નથી. તે શ્લોક રૂપ ગોસ્વામીએ 'પદાવલી'નામના પોતાના પુસ્તકમાં રાધાની ઉક્તિરૂપે લીધો છે. શ્લોક આ પ્રમાણે છેઃ

*યઃ કૌમારહરઃ સ એવ હિ વરઃ તા એવ ચૈત્રક્ષપાઃ*
*તે ચોન્મીલિત માલતી - સુરભયઃ પ્રૌઢા કદંબનિલાઃ*
*સા ચૈવાસ્મિ તથાપિ તત્ર સુરતવ્યાપાર-લીલાવિધૌ*
*રેવા-રોધસિ વેતસીતરુતલે ચેતઃ સમુત્કંઠતે.*

નાયિકા (હવે રાધા) સખીને કહે છે. જેણે મારું કૌમાર્ય હર્યું છે તે જ મારો વર છે. ચૈત્રની એ જ રાતો છે. ખીલેલાં માલતીનાં ફૂલોથી સુરભિત કદંબ વનમાં એ જ પવન છે. હું પણ એ જ છું. છતાં કામક્રીડાલીલા માટે નર્મદાને કિનારે વાંસના તરુની નીચે મારું મન ઉત્કંઠિત છે.

'ચૈતન્ય ચરિતામૃત'માં સમજાવવામાં આવ્યું છે કે કુરુક્ષેત્રમાં રાધા અને ગોપીઓ કૃષ્ણને મળ્યા તે વખતનો આ ભાવ છે. (ક્રમશઃ)■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# વર્તમાન સમયના બેહાલ જીવનમાં ગીતા દીવાદાંડી

ઘણી જ નાની વયે જેમની વિરાટ પ્રતિભાના વિશ્વે દર્શન કર્યાં તે સ્વામી વિવેકાનંદના જીવનનો એક યાદગાર પ્રસંગ પ્રેરણાદાયી બની રહેવા પામશે.

વાત છે ઈસ્વીસન ૧૮૯૩ની. અમેરિકાના શિકાગો રાજ્યમાં વિશ્વધર્મ પરિષદનું આયોજન થયું હતું. દેશદેશાવરથી વિવિધ ધર્મના પ્રતિનિધિઓ આ પરિષદમાં પધાર્યા હતા. વૈદિક ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદે પણ હાજરી આપી હતી. આ સંન્યાસી ઉપસ્થિત ધર્મગુરુઓનો ઉપહાસ સહન કરી રહ્યો હતો. વૈદિક સંસ્કૃતિ માટે આ લોકો ભારે અણગમો ધરાવતા હતા. તેમના મતે દંભી, વહેમી અને બાહ્ય ક્રિયાકાંડો પૂરતી જ વૈદિક સંસ્કૃતિ સીમિત છે.

જોકે તેમની વાતને ના પાડી શકાય તેમ નહોતું. કેમકે બુદ્ધિતત્ત્વને અભરાઈ પર મૂકી તત્કાલીન ધર્મપંડિતો દ્વારા વૈદિક સંસ્કૃતિને ખૂબ હીન કક્ષાએ લઈ જવાઈ હતી.

સ્વામી વિવેકાનંદની વિનંતીથી તેમને બે મિનિટનો સમય બોલવા માટે અપાયો હતો. સ્વામીજી મંચ પર પધાર્યા ત્યારે એક બાજુ પર વિવિધ ધર્મગ્રંથોને એક ઉપર એક મૂકવામાં આવ્યા હતા. તેમાં ગીતાનું સ્થાન સૌથી છેલ્લે હતું.

કોઈએ સ્વામીજીનો ઉપહાસ કરતા કહ્યું - 'જુઓ તમારી ગીતાનું સ્થાન સૌથી નીચે છે.' અર્થાત્ તેની યોગ્યતા અત્યંત કનિષ્ક પ્રકારની છે.

સ્વામીજીએ કંઈ બોલ્યા વગર ગીતા ગ્રંથ ખસેડયો તો ઉપરના બધા ગ્રંથ પડી ગયા. સ્વામીજીએ કહ્યું- 'ગીતા બધા જ ગ્રંથોનો



પાયો છે. તેના પર બીજા ગ્રંથો અડીખમ ઊભા છે. એ જો નહીં રહે તો આ બધા ગ્રંથો પણ પડી જશે.'

...અને એ પછી સ્વામીજીનું જે યાદગાર પ્રવચન થયું તેણે તો બીજા બધા ધર્મ - ધુરંધરોને ઝાંખા પાડી દીધા. પોતાને નખશિખ વિદ્વાન સમજતા ધર્મગુરુઓ ભોઠા પડી ગયા.

* નરમાંથી નારાયણ બનાવતા આ ગ્રંથમાંથી માનવજીવનને સ્પર્શથી દરેક સમસ્યાઓનો ઉકેલ વાંચવા મળે છે.

* ગીતા વાંચો. કોઈપણ ધર્મનો સાર તેમાં સમાયેલો જોવા મળશે.

* ગીતા એ કેવળ ભારતીય ગ્રંથ નથી પણ વૈશ્વિક ગ્રંથ છે.

* મોટા મોટા તત્ત્વજ્ઞાનીઓ ભાવિ વિશ્વ ધર્મનાં સર્વોત્કૃષ્ટ ગ્રંથ તરીકે ગીતાને માને છે.

- મનુષ્યના જીવનને માનસિક - શારીરિક રીતે છિન્નભિન્ન કરી, બેહાલ કરી મૂકેલા વર્તમાન સમયમાં ગીતા દીવાદાંડી છે. ધાર્મિક ધર્મગુરુઓ, અનુયાયીને વાચવા જેવો, બોધરૂપ એટલે ગીતા...

* * *

## સતસંગ

- સાચો ધર્મ શીખવો હોય કે ધર્મ વિષે

* ઊંડી માહિતી

* જ્ઞાન મેળવવા કે પછી

* કોઈપણ દેશનો વહીવટ સુપેરે ચલાવવા માટે માર્ગદર્શન મેળવવું હોય તો તે વખતે ચર્ચા કે વાતચીતનું મહત્ત્વ આપણાં શાસ્ત્રોમાં ઘણું ઊંચું આકવામાં આવ્યું છે.

- આજે એક જ ઘર અને

- એક જ પરિવારમાં રહેતા માણસો એક બીજા સાથે વાતચીત દ્વારા વિચારો અને લાગણીઓનો વિનિમય કરતા બંધ થઈ રહ્યા છે.

- તે પાછળનાં કારણો શોધવાનો સમય દસ્તક દઈ રહ્યો છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# ગાથાઓની અમૃત સરવાણી



હેમચંન્દ્રાચાર્ય દ્વારા તૈયાર કરાયેલા અપભ્રંશ વ્યાકરણનો ભાયાણી સાહેબ દ્વારા થયેલા અનુવાદનો સ્વાધ્યાય કરતાં-કરતાં વ્યાકરણના રૂપોના ઉદાહરણ માટે મુકાયેલી કેટલીક ગાથાઓ પણ નજરમાં ખાસ વસી ગઈ છે. એમાંની વિષયસામગ્રી અને અભિવ્યક્તિનું સ્વરૂપ એવું છે કે ગાથાઓ અમૃતરસવાણીના વહેણ સમાન લાગી. ગાથાને આજ સુધી ચિરંજીવ અપાવનારું તવ એમાંનો ભાવ છે, એમાંની અભિવ્યક્તિ છે. આ બધી ગાથાઓ અભિવ્યક્તિના ઉત્તમ નમૂનારૂપ લાગી છે. એમાં જે કંઈ કહેવાયું છે એ એટલું બધું હૃદયસ્પર્શી બની રહે છે કે એને કારણે કહેવાની રીતના કૌશલ્યની પ્રભાવક્તાનો ખ્યાલ આવે છે.

કવિ અહીં પ્રિય પાત્રની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિને વિષય બનાવીને જે કહે છે તે ભારે બળુકુ ઉદાહરણ છે.

*પ્રિય-સંગમી કઉ નિદડી પિઅહો પરોકખહો કર્વે;*
*મઈ વિન્નિ-વિ વિન્નાસિઆ નિંદ ન એમ્બ ન તેર્વે.*

નાયિકા ચમત્કૃતિભરી બાનીમાં કહે છે તે ભારે આસ્વાદ્ય છે. તે કહે છે કે, પ્રિયના સંગમાં એની સાથે વળી નિદ્રા ક્યાંથી? અને પ્રિયપાત્ર આંખથી દૂર હોય ત્યારે પણ નિદ્રા તે વળી કેવી? મેં તો બંને પરિસ્થિતિમાં નિદ્રા ગુમાવી, એની સંગતમાં એના સહવાસને કારણે વાતોથી અને એની અનુપસ્થિતિમાં વિરહને કારણે ઊંઘ જ ન આવી.

નિદ્રા તો છે જ નહીં. પ્રિયપાત્ર હોય ત્યારે અને ન હોય ત્યારે પણ. આવી વાતને જે કાર્ય-કારણ સાથે સાંકળીને મૂકી છે તે આપણને રસાનુભૂતિનો અનુભવ કરાવે છે. આવી જ એક બીજી ગાથા છે તેને આસ્વાદીએ :

*ઓહે મેહ પિઅંતી જલુ તોહે વડવાણલું આવટ્ટઈ ;*
*પેકખુ ગહીરિમ સાયરહો એક-વિ કણિઅ નાહિ ઓહટ્ટઈ.*

જે સાગરપેટા મહામાન છે, સ્થિર, સ્વસ્થ અને સ્થિતપ્રજ્ઞ છે એનો મહિમા ગાતા અહીં સાગરને ઉદાહરણ તરીકે ખપમાં લઈને આખી વાત કહેવાઈ છે. નાયિકા કહે છે કે, અહીં મેઘ સાગરનું જળ પીએ છે, અને સાગરમાં ઉદ્ભવેલ વડવાનળ જળનો વિનાશ કરે છે. પણ તેમ છતાં સાગરની ગંભીરતા(તો) જુઓ. એક કણી પણ ઓછી થતી નથી સાગરની અફાટ જળરાશિમાં જરા પણ વધઘટ થતી નથી તેમને કોઈ ચૂસી લે, કે શોષણ કરે, તેમને કોઈ પરેશાન કરે પણ તમારે તો સાગરની માફક ધીર-ગંભીર જ રહેવાનું છે. માનવ વ્યક્તિત્વની આદર્શપ્રતિમા અહીં દૃષ્ટિગોચર થાય છે.

*કહિં સસહરુ કહિં મયરહરુ કહિં વરિહિણું કહિં મેહુ;*
*દૂર - ઠિયાહં - વિ સજ્જણહં કોઈ અસડ્ઢલુ નેહુ .*

પ્રેમના-સ્નેહના સંદર્ભમાં ઉદાહરણ રજૂ કરીને એમાં સમીપતાની-નીકટતાની આવશ્યક્તા નથી તે સમજાવવા માટે કવિએ અહીં જે રૂપકો-દૃષ્ટાંતો પ્રયોજયા છે તે ભારે કાવ્યાત્મક છે, કવિ કહે છે કે આકાશમાં તો ક્યાં ચંદ્ર ને વળી ધરતી ઉપરનો ક્યાં સાગર? ક્યાં મોર ને ક્યાં મેઘ? સજ્જનો-પ્રેમીઓ દૂર રહેલા હોય તો પણ તેમના વચ્ચે અસાધારણ સ્નેહ તો હોય જ છે.

અહીં સાગરમાં પૂર્ણિમાના અંકથી જે ભરતી ચઢે છે અને આકાશમાં વાદળા ચઢે-મેઘાડંબર રચાય અને મયર-મોર-મા બને ને કેકારવ કરી મૂકે. આમ જોઈએ તો કેટલી દૂરતા છે પણ આ સ્થૂળ પ્રકારની દુરત્વ સ્નેહીઓને-સજ્જનોને-પ્રેમીઓને નડતું નથી. અવરોધરૂપ બનતું નથી. બીજી એક ગાથામાં પ્રેમીની પીડા જોઈએ :

*સંદેસેં કાંઈ તુહારેણ જં સંગહો ન મિલિજ્જઈ;*
*સઈણંતરિ પિઅં પાણિએણ પિઅ પિઆસ કિં છિજ્જઈ.*

પ્રિયતમાની સાથેના મિલનના સંદર્ભે ભારે આકર્ષક ઉક્તિ પ્રસ્તુત ગાથામાં છે. મૂળભૂત વસ્તુ તો પ્રિયપાત્ર સાથેના પ્રત્યક્ષ મિલનની હોય છે અને એટલે નાયિકા કહે છે કે, જો સંગે-પ્રત્યક્ષ-ન મળાય તો તારા સંદેશાથી શું (વળે)? હે પ્રિયતમ, સ્વપ્નામાં પાણી પીએ પ્યાસ છીપે ખરી? જે રીતે સ્વપ્નમાં પાણી પીવાથી તરસ છીપાતી નથી, મટતી નથી એ જ પ્રકારનું કોઈ સાથે મોકલેલા સંદેશાનું છે. અહીં જે કહેવા માટે છે તે તો સંદેશો નહીં તું જ માત્ર તું જ સાક્ષાત મને સદેહે મળવા આવ. તો જ મારા હૃદયની તરસ છીપશે. સાહિત્યમાં ગોપનનો મહિમા વિશેષ છે. અહીં પણ કવિને જે કહેવાનું છે એ ગોપિત રહ્યું છે અને તેમ છતાં તે પ્રગટ તો થાય જ છે.

*સિરિ ચડિઆ ખંતિ ફલઈ પુણુ ડાલઈ મોડંતિ;*
*તો - વિ મહદમ સઉણાહં અવરાહિઉ ન કરંતિ.*

જે મહાન છે, મોટેરા છે તેઓ કેવા સહનશીલ અને મોટામનવાળા હોય છે તેની વાત અહીં ગાથામાં કહી છે. વિશાળ હૃદયભાવવાળા બનવાનું સૂચવતી આ ગાથા આવા કારણે અત્યંત મહત્ત્વની છે. આ કહેવા માટે જે માધ્યમ પસંદ કર્યું છે એ ભારે કલાત્મક છે. કવિ વૃક્ષના ઉદાહરણથી કહે છે કે, પક્ષીઓ માથે ચડીને ફળ ખાય છે, (ને) ડાળીઓ તોડે છે - તોયે મહાન વૃક્ષો પક્ષીઓને શિક્ષા કરતા નથી.

પક્ષીવૃંદ વૃક્ષની ઉપર બેસે છે, હગાર કરે છે, એના ફળ ખાય છે, ફેંકે છે, ડાળીઓ-પાંદડા-કૂપળો બધું તોડે-ફોડે છે તો પણ વિશાળ હૃદયભાવનાં વૃક્ષો આ પક્ષીઓને કંઈ પણ શિક્ષા કરતા નથી. પ્રેમથી પોતાના ઉપર સવાર થવા દે છે.

આપણે પણ આપણી સમકક્ષ ન હોય અને સાવ નાના હોય, અકારણ, સહજ રીતે ટિખળ-તોફાન કરતા હોય એના પ્રત્યે દ્વેષભાવ ન રાખવો. જેમ પક્ષીપ્રકૃતિ છે એમ માનવપ્રકૃતિ પણ હોય છે અને એ પ્રકૃતિ અનુસાર એ ભલે વ્યવહાર કરે પણ આપણે તો વૃક્ષ જેવાં થઈને હંમેશા પ્રેમભાવ-સહનશીલતાનો ભાવ જ પ્રદર્શિત કરવાનો હોય.

આ બધી પ્રાકૃત-અપભ્રંશ ગાથાઓમાં ભારોભાર કલાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે. ઊંચી કવિતા અહીં સિદ્ધ થઈ છે. કવિ જીવનવાદી હોય તો પણ કલાનું માધ્યમ એને કેવું મદદમાં આવે એનું ઉદાહરણ આ બધી ગાથાઓ છે. જીવનબોધ, મૂલ્યબોધ અને સૌંદર્ય કલાબોધનો એક સાથે અનુભવ કરાવતી આ ગાથાઓને આવા કારણે અમૃતધારા સાથે સરખાવવામાં આવી છે. એમાંથી વહે છે અમૃત્વ, મૈત્રેયીએ કહ્યું હતું કે, યેન અહં ન અમૃતસ્યામ્ તેન અહં કિમ્ કૂર્યામ્ જેમાંથી મને અમૃતવ ન મળતું હોય એને લઈને હું શું કરું ? મહિમા આવા અમૃતત્વબોધનો છે. જે અહીં ઉદાહૃત ગાથાઓમાં છલકાતો દૃષ્ટિગોચર થાય છે અને એટલે એનું મૂલ્ય આજ સુધી અકબંધ રીતે જળવાઈ રહ્યું છે.

ભારે લાઘવથી, ચોટદાર રીતે અસકારક રીતે કથનની ત્રેવડના આ બધાં ઉદાહરણો આપણી બળકટ સાહિત્ય પરંપરાનો ઉજળો પુરાવો છે. પરંપરાનું રસપાન કરીને સમૃદ્ધ કવિ પોતીકી સજ્જતા પ્રગટ કરવા ઉદ્યુક્ત હોય છે. આ પરંપરાને આવી રીતે જો સુલભ બનાવીએ તો કોઈ સમાનધર્મા પરંપરામાં ઉમેરણરૂપ સર્જન માટે સમર્થ બને. ભારતીય સાહિત્યના ભવ્ય અને તેજોધવલ વીજળી જેવા લીસોટા રૂપ આવી ગાથાઓને ભંડાર-ખજાનો છે એને કોઈ ખોલે, જુએ તો અવશ્ય એના મુખની ક્રાંતિ પણ આવી તેજોધવલ ગાથાથી ઝળકી ઊઠે.

# બ્રહ્મ સંસ્કૃતિના જ્યોતિર્ધર કવિશ્રી માવજી ઠાકર

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



ઉના તાલુકાના કાજરડી ગામે યજમાનવૃત્તિ કરનારા ભક્તકવિ માવજીદાદા કૃત ૯૫ જેટલી પદ્ય રચનાઓનો સંગ્રહ એમના પ્રપૌત્ર હરીશ વલ્લભજી ઠાકર તથા એમના ત્રણ ભાઈઓ- દિનેશભાઈ, ભરતભાઈ અને શરદભાઈ દ્વારા ૧ જુલાઈ ૨૦૦૨ના રોજ 'શ્રદ્ધા શતક' નામથી પ્રકાશિત થયેલ છે.

જેમાં માવજી દાદાના પૂર્વજોની પરંપરા દર્શાવીને કરતાલ સાથે કીર્તનો ગાનારા સંગીતપ્રિય કીર્તનકાર અને પદ-ભજન સર્જક માવજી દાદાની વંશ પરંપરા પણ આપી છે. માવજી દાદાએ બદ્રિનાથ, જગન્નાથપુરી, રામેશ્વર અને દ્વારકાનાં ચાર ધામની યાત્રા પણ કરેલી, એ અંગેનાં પદ્યો પણ એમણે રચેલાં છે.

ઉપરાંત વિ.સં.૧૯૬૫થી શરૂ કરીને વિ.સં.૧૯૮૬ સુધીના સમયગાળામાં ગુજરાતી ભાષામાં જુદાજુદા રાગોમાં રચાયેલાં શ્રીકૃષ્ણકીર્તન, અધ્યાત્મ સંબંધી ઉપદેશાત્મક ભજન રચનાઓ, પ્રભાત-પ્રભાતી રચનાઓ, સ્તુતિ, સાખી, દોહરા જેવાં સ્વરૂપોમાં વિ.સં.૧૯૮૩માં અતિશય થયેલી વર્ષાને કુદરતના કહેર,અનાજની તંગી, તીડનું આક્રમણ જેવી ઘટનાઓનું વર્ણન કરતી વિવિધ પદ્ય કૃતિઓનું સંકલન એમાં કરવામાં આવ્યું છે.

*વંદું વ્રજરાજ રાજ નંદ કે નંદા,*
*નંદ કે નંદા રે બાળ મુકુન્દા,*
*મેં તો બલિહારી વારી ગોકુળ ચંદા,*
*કર ગ્રહી લીજો પ્રભુ છોડજો ફંદા..*
*-વંદું વ્રજરાજ રાજ નંદ કે નંદા...૦*
*માયામેં રાજી, મન ભયે પાજી,*
*કરત કુબુદ્ધિ અધરમ ધંધા,*
*વિષય વિકાર ભયે નિશિવાસર,*
*કામિની સંગ કરત હે આનંદા..*
*-વંદું વ્રજરાજ રાજ નંદ કે નંદા...૦*
*બડે ભયે પર બિગરે ડહાપનમેં,*
*કરત અનીતિ આપે અંધા,*
*માળા ફેરવતાં મૂરખા લાજે,*
*ખૂંચી રહત ખુશાલીમેં ખંધા..*
*-વંદું વ્રજરાજ રાજ નંદ કે નંદા...૦*
*મિથ્યા મિથ્યા કરત ગુમાના,*
*કરત કુસંગ અરૂ રહત હે ગંદા,*
*માવજી કહે મન રાખો હરિમાં,*
*તો છૂટો જમ કિંકર ફંદા..*
*-વંદું વ્રજરાજ રાજ નંદ કે નંદા...૦*

૦ ૦ ૦ ૦ ૦

*જ્ઞાને કરીને ગોતીયું, બહુનામીની બીક,*
*માવજી કે મુજને મળ્યો, ઠાકર મારો ઠીક.*
*જ્યાં જોઉં ત્યાં તુંજ છે, ઝળહળ જ્યોત પ્રકાશ,*
*ગુરુ ગમથી તું ગોતજે, તું તો તારી પાસ..*
*જે કરવું તે તાહરે, કોઈનું નાવે કામ,*
*માવજી કે મન ભટકમાં, સાચે રાચે રામ.*

૦ ૦ ૦ ૦

*હરિ અમારો ઝાલો હાથ,*
*હવે હદ થાય છે રે,*
*આ કળિયુગે કરિયો કેર,*
*દિલડું દુઃભાય છે રે...*
*- હરજી ઝાલો અમારો હાથ,*
*હવે હદ થાય છે રે..૦*
*કૃષ્ણ કૃપાળુ ઝાઝું શું કહીએ ?*
*તમે રાખો તેમ ત્રિકમ રહીએ,*
*મૂળે તમારાં છઈએ, દાસ દુઃખાય છે રે...*
*માત પિતા મહારાજ છો આપે,*
*સગા સહોદર બાંધવ જ્ઞાતે,*
*લાજ તમારે હાથે જીવન જાય છે રે...*
*- હરજી ઝાલો અમારો હાથ,*
*હવે હદ થાય છે રે..૦*
*અંતરજામી નથી અજાણ્યું,*
*કઠણ આવ્યું આ ત્રિકમ ટાણું,*
*હરિ ધરમની હાણ્યું, ગરજી ગણાય છે રે..*
*શંખ ફૂંક્યો કેમ ચક જ પાણિ,*
*આગે તાર્યા ઈ એંધાણી,*
*માવજી કહે મહારાજ અમારું અધવચ વ્હાણ તણાય છે રે..*
*- હરજી ઝાલો અમારો હાથ,*
*હવે હદ થાય છે રે..૦*

# કેવી રીતે હનુમાનજી થયા અમર?

ફોકસ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com



ધરતી પર આઠ ચિરંજીવ છે, જેમને અમરત્વનું વરદાન પ્રાપ્ત છે અને એમાંથી જ એક છે હનુમાન દાદા. તેમને અષ્ટ સિદ્ધિ નવ નિધિના દાતા કહેવામાં આવે છે. ભગવાન રામ અને લક્ષ્મણ મૂર્છિત અવસ્થામાં હતા ત્યારે તેમના માટે સંજીવની બુટ્ટીની જરૂર હતી અને હનુમાનજી આખો પહાડ ઊંચકી લાવ્યા હતા. એથી જ તેમને મહાબલી કહેવાય છે.

રામ ચરિત માનસમાં ઉલ્લેખ છે કે સીતા માતા પાસે પ્રભુ શ્રીરામના સમાચાર લઈને હનુમાનજી પહોંચે છે ત્યારે તેમને અનેક આશીર્વાદ આપે છે. શ્રીરામના સમાચાર સાંભળીને સીતા માતાને અસીમ આનંદ થાય છે. તેમને જોઈને સીતા માતાનું તમામ કષ્ટ અને દુઃખ દૂર થઈ જાય છે. ભક્તિ, પ્રતાપ, તેજ અને બળ મિશ્રિત હનુમાનજીની વાણી સાંભળીને સીતાજીને મનમાં સંતોષ થાય છે. ભગવાન શ્રીરામના પ્રિય જાણીને હનુમાનજીને આશીર્વાદ આપતાં સીતા માતા કહે છે કે 'તમે બળ અને શીલના નિધાન બની જાઓ. હે પુત્ર! તમે અજર, અમર અને ગુણોથી સંપન્ન બની જાઓ. શ્રી રઘુનાથજી તમારા પર અપાર કૃપા વરસાવે.'

સીતા માતા હનુમાનજીને આઠ સિદ્ધિઓના વરદાન આપે છે. આ અષ્ટ સિદ્ધિઓ એટલે અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વશિત્વ. એને પ્રાપ્ત કરીને વ્યક્તિ કોઈપણ રૂપ અને દેહમાં વાસ કરવાની શક્તિ ધરાવે છે. તે સૂક્ષ્મતાની સીમા પાર કરીને સૂક્ષ્મથી સૂક્ષ્મ અને વિરાટથી વિરાટકાય બનવાનું સામર્થ્ય ધરાવે છે.

સીતાજી માતા લક્ષ્મીનું રૂપ છે. તેમણે જ હનુમાનજીને અમરતાનું વરદાન આપ્યું છે.

સીતા માતાને રાવણની કેદમાંથી મુક્ત કરાવવા માટે હનુમાનજીએ લંકામાં આગ લગાડી દીધી હતી. આટલું જ નહીં આખી વાનરસેના સાથે મળીને દરિયો પાર કર્યો હતો અને રામ નામના પથ્થરો વડે સેતુ બાંધ્યો હતો. રાવણ સાથે યુદ્ધ બાદ ભગવાન રામ, લક્ષ્મણ અને માતા સીતા અયોધ્યા પાછા ફરે છે.

હનુમાનજી તેમની સેવામાં મગન થઈ જાય છે. ભગવાનની સેવા કરવામાં તેમને પરમ આનંદ મળે છે. તેમના જીવનનું લક્ષ જ પ્રભુ રામની સેવા હતું. રામ નામ જાપમાં જ તેઓ તલ્લીન રહેતા હતા.

પ્રભુ પ્રત્યેના તેમના અપાર પ્રેમનું ઉદાહરણ એક પ્રસંગમાં મળે છે. એક વખત માતા સીતા સેથામાં સિંદૂર પૂરી રહ્યાં હતાં. એ વખતે હનુમાનજી પૂછે છે કે સિંદૂર શું કામ લગાડવામાં આવે છે? તો માતા સીતાએ ઉત્તર આપ્યો કે પ્રભુ શ્રીરામને દિર્ઘાયુ મળે એ માટે. આટલું સાંભળતા જ હનુમાનજીએ તો આખા શરીરને સિંદૂરમાં ઓળઘોળ કરી દીધું હતું. આટલી હદે હનુમાનજી ભગવાન રામની ભક્તિ અને પ્રેમ કરતા હતા.

હવે વાત કરીએ કે હનુમાનજી ધરતી પર કેમ અજરામર થઈ ગયા?

જ્યારે ભગવાન શ્રી રામનો યુગ સમાપ્ત થવાનો હતો ત્યારે તેઓ સ્વર્ગ જવાની યાત્રા શરૂ કરવાના હતા. એ દરમિયાન અયોધ્યાના લોકો, વાનરસેના, તેમના અનેક મિત્રો અને સખા આદિ પણ સ્વર્ગ જવા તૈયાર થયા હતા. જોકે હનુમાનજી જઈ શક્યા નહીં. તેઓ ભગવાન રામના અસીમ ભક્ત હતા અને તેમની પણ ઇચ્છા સ્વર્ગ જવાની હતી. જોકે પ્રભુ શ્રીરામે હનુમાનજીને આદેશ આપી દીધો કે તેઓ કળિયુગના અંત સુધી ધરતી પર રહે અને રામભક્તોની રક્ષા કરે.

આ જ કારણ છે કે હનુમાનજી આજે પણ ધરતી પર હાજરાહજૂર વસે છે અને રામભક્તોની પોકાર સાંભળીને તેમના મનોરથ પણ પૂરા કરે છે.

એ અષ્ટસિદ્ધિઓનો અર્થ

અણિમાઃ સૌથી પહેલા સિદ્ધિ એટલે અણિમા. એનો અર્થ થાય છે પોતાના શરીરને એક અણુ સમાન સૂક્ષ્મ કરી શકવાની શક્તિ ધરાવનાર.

મહિમાઃ આ અણિમાની વિપરીત સિદ્ધિ છે. સાધક જ્યારે ઇચ્છે ત્યારે પોતાના શરીરને વિશાળ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તે પોતાના શરીરને કોઈપણ સીમા સુધી ફેલાવી શકે છે.

ગરિમા : આ સિદ્ધિને પ્રાપ્ત કરનાર સાધક શરીરના ભારને અસિમીત રીતે વધારી શકે છે. એટલે કે એના શરીરનો વજન વધી જાય છે અને એને કોઈ શક્તિ હલાવી ન શકે.

લઘિમા : સાધકનું શરીર એટલું હલકું થઈ જાય છે કે તે પવન કરતા પણ વધુ તેજ ગતીથી દોડી શકે છે.

પ્રાપ્તિ : આ સિદ્ધિથી સાધક કોઈપણ સ્થળે અડચણ વગર જઈ શકે છે. અદૃશ્ય પણ થઈ શકે છે.

પ્રાકામ્ય : કોઈના પણ મનની વાત સરળતાથી સમજી શકે છે.

ઇશિત્વ : આ ભગવાનની પદવી છે. આ સિદ્ધિ મળતા જ સાધક પોતે ભગવાન સમાન બની જાય છે.

વશિત્વ : વશિત્વ પ્રાપ્ત કરનાર સાધક કોઈપણને પોતાનો દાસ બનાવી શકે છે. કોઈને પણ પોતાના વશમાં કરી શકે છે.

# લૂની નદીઃ સમુદ્રમાં નથી ભળતી, પણ કચ્છના રણમાં વિલીન થાય છે

વિશેષ

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com



અરવલ્લી પર્વતમાળામાં અજમેરની પાસેથી નાગ પર્વતમાંથી નીકળનારી લૂની નદી એક માત્ર નદી છે જે થારના મરુસ્થલમાંથી પસાર થાય છે. આ ભારતની એવી સૌથી મોટી નદી છે જે સમુદ્ર સુધી પહોંચતી નથી, પરંતુ કચ્છના રણમાં વિલીન થઈ જાય છે. રણની પાસે વહેનારી એક માત્ર નદી છે. એની આસપાસની પરિસ્થિતિક તંત્ર અતિશય સંવેદનશીલ અને અનોખી છે.

લૂની નદીનું ઉદ્ગમ સ્થાન અરવલ્લી પર્વતમાળાના અજમેરની પાસે છે. એની લંબાઈ કુલ ૪૯૫ કિલોમીટર છે અને આ મોસમી નદી છે.

લૂની નદીની સૌથી વિશેષ વાત એ છે કે નદીની શરૂઆત મીઠા પાણીથી થાય છે અને અંત ખારા પાણીનો હોય છે. એથી એ દુનિયાની ખાસ નદી છે. જે મીઠી અને ખારી પણ છે. આ નદીનો મુખ્ય વહેણ રાજસ્થાનમાં છે અને અંતિમ ભાગ ગુજરાતમાં છે. મુખ્યત્વે વરસાદ પર આધાર રાખનારી આ નદીમાં જુલાઈથી સપ્ટેમ્બર સુધી પાણીનો પ્રવાહ રહે છે. શરૂઆતનો પ્રવાહ તેજ હોય છે એને કારણે અનેક વખત પૂર પણ આવે છે. જોધપુર અને બાડમેરની વચ્ચે આ નદીનો પ્રવાહ ધીમો પડે છે. ખેતી માટે આ નદી ખૂબ અગત્યની છે.

જાલોરથી કચ્છની વચ્ચે એનું પાણી ખારું બની જાય છે, કેમ કે આ નદી મેદાન અને દલદલવાળા પ્રદેશોમાંથી પસાર થાય છે.

આ નદી ભલે ગંગા અને યમુનાની જેવી સાંસ્કૃતિક અને સભ્યતાનું મૂલ્ય ન ધરાવતી હોય, પરંતુ એના કિનારે કેટલીક માનવીય સભ્યતાનો વિકાસ થયો છે. અજમેર, પાલી, જોધપુર, બાડમેર અને જાલોરની નજીકથી આ નદી પસાર થાય છે.

લૂની નદી ૩૫ હજારથી ૩૮ હજાર વર્ગ કિલોમીટરમાં ફેલાયેલી છે. એની સહાયક નદીઓમાં જવાઈ, બાંડી અને સૂકડીનો સમાવેશ થાય છે. ચોમાસામાં જ આ નદીમાં પાણી ભરેલું રહે છે. બાકીના સમયમાં એ સૂકી જ હોય છે.

છેલ્લા થોડા દાયકાઓથી દેશની અન્ય મહત્ત્વપૂર્ણ નદીઓમાં માનવીય હસ્તક્ષેપ જોવા મળ્યું છે. ઠીક એ રીતે જ લૂની નદી પર પણ માનવીય હસ્તક્ષેપ થયું છે. લોકોએ ભૂ-જળનો વધારે પડતો ઉપયોગ કર્યો, ખનન તથા ઔદ્યોગિક પ્રવૃત્તિઓ માટે આ નદીને મૃતઃપ્રાય અવસ્થામાં પહોંચાડી દીધી છે.

આ જ કારણ છે કે લૂની નદીની આસપાસ મરુસ્થલીય વિસ્તાર વધ્યો છે.

રણ પ્રદેશની સૌથી અગત્યની નદી છે. એથી જ એને થારની જીવનરેખા કહેવામાં આવે છે. આ નદી પર વન્યજીવો જેવા કે ચિંકારા, ડેઝર્ટ ફોક્સ અને ડેઝર્ટ નીલ ગાય પણ અવલંબે છે.

ચોમાસાની ઋતુમાં આ નદીની આસપાસ ભારે સંખ્યામાં પ્રવાસી પંખીઓ આવે છે.

સાથે જ લૂની નદી મોટા પાયે ઘાસના મેદાનોનું પણ નિર્માણ કરે છે. વરસાદ દરમિયાન અસ્થાયી જળાશય પણ બને છે. એથી જ લૂની નદી જૈવ વિવિધતાની સાથે ખેતીની પેદાશ માટે પણ મહત્ત્વની છે.

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

# પનીર ઓરિજિનલ છે કે એનાલોગ, ગ્રાહકોને જણાવવાનો હૉટેલમાલિકોને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં નકલી પનીર પિરસાતું હોવાના ઘણા અહેવાલો બાદ હવે ફૂડ ઍન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડ્‌મિનિસ્ટ્રેશન (એફડીસીએ) દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે રેસ્ટૉરાં અને હૉટેલમાલિકો કે રેડી ટુ ઈટ સાથે જોડાયેલા દરેક એકમોએ ગ્રાહકોને ઓરિજિનલ અને એનાલોગ પનીર મામલે સ્પષ્ટપણે જણાવવું પડશે. તેઓ જે પણ પનીરની વાનગીઓ પિરસે છે તેમાં કયા પનીરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે અંગે સ્પષ્ટપણે જણાવવું પડશે.

એફડીસીએ અનુસાર પરંપરાગત ડેરી પનીરના સ્થાને વનસ્પતિ-ચરબીવાળા પનીર વિકલ્પો એટલે કે એનાલોગ પનીરનો ઉપયોગ કરવાનું વલણ વધતું જોયું છે. ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાથી બચાવવા માટે, અધિકારીઓએ ફૂડ બિઝનેસ ઓપરેટરો માટે તેમના મેનુ કાર્ડ અથવા નોટિસ બોર્ડ પર આ માહિતી સ્પષ્ટપણે દર્શાવવાનું ફરજિયાત બનાવ્યું છે.

એફડીસીએએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ આદેશો ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ, ૨૦૦૬ હેઠળ જારી કરવામાં આવ્યા છે, જેમાં ફૂડ સ્ટાન્ડર્ડ્સ, એડિટિવ્સ અને લેબલિંગ સંબંધિત ચોક્કસ નિયમોનો સમાવેશ થાય છે. ફૂડ સેફ્ટી અધિકારીઓને રાજ્યભરમાં નિયમિત નિરીક્ષણ, ચકાસણી તપાસ અને નમૂના લેવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ સ્થાપના આ ધોરણોનું ઉલ્લંઘન કરતી અથવા ખોટી માહિતી આપતી જોવા મળશે તો તેને કાયદાની વિવિધ કલમો હેઠળ કડક કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

વહીવટીતંત્રે જનતાને પણ સતર્ક રહેવા વિનંતી કરી છે. ગ્રાહકોને ખાતા પહેલા કે ખરીદતા પહેલા લેબલ કાળજીપૂર્વક વાંચવા અને કોઈપણ શંકાસ્પદ અથવા ગેરમાર્ગે દોરતી ગતિવિધિઓની જાણ નજીકના ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગને કરવા પણ અપીલ કરી છે.

દરમિયાન ડિપાર્ટમેન્ટે વિવિધ ફૂડ સર્વિંગ યુનિટ્સમાં રેડ પાડવાની શરૂઆત કરી દીધી હતી. રાજ્યના લગભગ ૩૪૭ યુનિટ્સમાં ચેકિંગ થયું હતું અને ૬૧૫ જેટલો ખોરાકનો જથ્થો મળ્યો હતો, જેમાં નિયમોનો ભંગ થયો હોવાની શક્યતા હોવાનું ઑથોરિટીએ જણાવ્યું હતું. અમદાવાદના ૧૭ જેટલા ફૂડ પાર્લર્સને પનીર અને એનાલોગ પનીરની વપરાશ અંગે ડિસ્પ્લે ન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. ■

# સુરત ડાયમન્ડ બુર્સમાં બે વર્ષમાં અઢીસો ઑફિસ ખૂલી: હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ રવિવારે સુરત ડાયમન્ડ બુર્સ (એસડીબી)ના એક કાર્યક્રમાં હાજરી આપી હતી અને જણાવ્યું હતું કે બે વર્ષમાં ૨૫૦ ઑફિસ ખૂલી છે અને આવતા વર્ષ સુધીમાં આ આંકડો ૧૦૦૦ સુધી પહોંચી જશે.

સંઘવીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે મુંબઈના ભારત ડાયમંડ બુર્સમાં ૧૫ વર્ષમાં ફક્ત પાંચ ઑફિસો કાર્યરત થઈ છે, પરંતુ એસડીબીમાં ફક્ત બે વર્ષમાં ૨૫૦ થી વધુ ઑફિસો કાર્યરત થઈ ગઈ છે. તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે આગામી એક વર્ષમાં આ સંખ્યા ૧,૦૦૦ સુધી પહોંચવાની અપેક્ષા છે.

સંઘવીએ જણાવ્યું હતું કે સુરત સતત વૈશ્વિક હીરા વેપાર કેન્દ્ર તરીકે પોતાનું સ્થાન બનાવી રહ્યું છે, ખાસ કરીને લેબ ગ્રોઅન ડાયમન્ડ માટે મોટી સંખ્યામાં ઉત્પાદકો એસડીબીમાં પોતાનું કામકાજ ખસેડી રહ્યા છે.

તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે વિશ્વના ૯૦% થી વધુ રફ હીરા હવે સીધા આવે છે અને મોટા આંતરરાષ્ટ્રીય ટેન્ડર – જે અગાઉ દુબઈ, રશિયા, ઇઝરાયલ અને બેલ્જિયમમાં થતા હતા, તે સુરતમાં થઈ રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં જ, ત્રણ મોટા ટેન્ડરની પ્રક્રિયા અહીં થઈ રહી છે.

આ કાર્યક્રમ દરમિયાન, સંઘવીએ વેપારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે વેપારીઓને એક રહેવા જણાવ્યું હતું. આ સાથે નવસારીના વેપારીઓ અને દલાલો માટે સમર્પિત બસ સેવાની પણ જાહેરાત કરી હતી અને અધિકારીઓને નાના વેપારીઓ અને દલાલો માટે એસડીબી ખાતે સસ્તું સાત્ત્વિક ભોજન મળી રહે તેવી સુવિધાઓ ઊભી કરવા જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં રિયલ એસ્ટેટમાં બ્રેક: નવા પ્રોજેક્ટ્સના રજિસ્ટ્રેશનમાં કોરોના કાળ પછીનો સૌથી મોટો ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં નવા પ્રોજેક્ટ્સના રજિસ્ટ્રેશનમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ગુજરેરાના ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬માં નવા પ્રોજેક્ટ્સની સંખ્યા ઘટીને ૧,૬૧૦ થઈ ગઈ છે, જે કોરોના પ્રભાવિત વર્ષ ૨૦૨૧ પછીનો સૌથી નીચો આંકડો હોવાનું નિષ્ણાતો જણાવે છે. ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે, મહામારી પછીના સતત ચાર વર્ષની મજબૂત માગ બાદ હવે બજાર ઠંડી પડી ગઈ છે. નવા લોન્ચિંગમાં આવેલો આ ઘટાડો માર્કેટમાં વધુ પડતા સપ્લાય અને ડેવલપર્સ દ્વારા અપનાવવામાં આવેલી સાવચેતીભરી નીતિઓ પણ દર્શાવતો હોવાનું અમુક જાણકારો જણાવે છે.

એક અહેવાલ અનુસાર ગુજરાતના કુલ રજિસ્ટ્રેશનમાં અમદાવાદ ૫૦૬ પ્રોજેક્ટ્સ સાથે મોખરે રહ્યું છે. વર્ષ ૨૦૨૧થી રાજ્યમાં વાર્ષિક પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન સતત ૧,૭૦૦થી ઉપર રહ્યું હતું. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં અગાઉના વર્ષની સરખામણીએ લગભગ ૨૧૧ પ્રોજેક્ટ્સનો ઘટાડો નોંધાયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લાં ચાર વર્ષમાં મોટી સંખ્યામાં પ્રોજેક્ટ્સ લોન્ચ થયા છે, જેમાંથી ઘણા હજુ નિર્માણ હેઠળ છે. સામાન્ય રીતે પ્રોજેક્ટ પૂરો થતા ત્રણ વર્ષનો સમય લાગે છે, તેથી ડેવલપર્સ હવે નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં ઉતાવળ કરવાના બદલે સાવચેતી રાખી રહ્યા છે. જોકે, અમદાવાદ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાનું હોવાથી, નાણાકીય વર્ષ ૨૦૨૭માં નવા લોન્ચિંગમાં ઉછાળો આવવાની આશા છે.

શહેરમાં નવા પ્રોજેક્ટ્સની સંખ્યામાં અમદાવાદ ૫૦૬ પ્રોજેક્ટ્સ સાથે મોખરે છે. સુરતમાં ૩૨૮, વડોદરામાં ૨૦૯, ગાંધીનગરમાં ૧૬૯ રાજકોટમાં ૧૦૯, ભાવનગરમાં ૮૭ પ્રોજેક્ટ્સ છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ૬૬૩ પ્રોજેક્ટ્સ રહેણાક ક્ષેત્રે નોંધાયા છે. બીજા ક્રમે મિક્સ યુઝ કેટેગરી હતી. તેમાં ૫૧૮ પ્રોજેક્ટ છે. જ્યારે ૨૩૩ કોમર્શિયલ પ્રોજેક્ટ્સ નોંધાયા છે. પ્લોટેડ ડેવલપમેન્ટમાં સુરત ૧૨૪ પ્લોટેડ પ્રોજેક્ટ્સ સાથે રાજ્યમાં સૌથી આગળ રહ્યું છે. ■

# મોરબીના રાજવી પેલેસમાં આગ, ભરૂચની બૅન્કમાં રજાના દિવસે લાગી આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના ઐતિહાસિક નવા મહેલ (ન્યૂ પેલેસ)માં આગ ફાટી નીકળી હતી. મહેલના પરિસરમાં લાગેલી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી, જેના કારણે રાજવી પરિવાર દ્વારા સાચવવામાં આવેલી અનેક ઐતિહાસિક કલાકૃતિઓ બળી ગઈ હોવાનું અહેવાલો જણાવે છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

દરમિયાન મહેલની અંદર કામ કરતી એક વ્યક્તિ ફસાઈ ગઈ હતી. મોરબી ફાયર વિભાગની ટીમે તેને સફળતાપૂર્વક બચાવી લીધી હતી. મોરબી પાલિકાના વરિષ્ઠ અધિકારીએ સ્થળની મુલાકાત લઈ આગ બુઝાવવાના કામનું નિરિક્ષણ કર્યું હતું. આગ સંપૂર્ણપણે ઓલવાઈ ગયા પછી અને સ્થળને સુરક્ષિત કર્યા પછી આગ લાગવાના કારણ અને નાશ પામેલી મિલકતના ઔપચારિક મૂલ્યાંકન અંગે સત્તાવાર નિવેદનો બહાર પાડવામાં આવશે તેવી અપેક્ષા છે. આ અંગે તંત્ર સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી.

ભરૂચના શાલીમાર કોમ્પ્લેક્સમાં આવેલી યુકો બેંકની શાખામાં રવિવારે રજાના દિવસે વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. રજાના દિવસે બનેલી આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

આ કોમ્પ્લેક્સમાં બીજી ઘણી દુકાનો આવી છે, બેંક ઉપરના માળે છે. આગ લાગતા બેંક પરિસરમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા, જ્યારે ફાયર બ્રિગેડની ટીમો આગને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવી રહી હતી. ઇમરજન્સી રિસ્પોન્ડર્સ સ્થળ પર હતા, આગને કાબૂમાં લેવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

બેંક બંધ હોવાથી જાનહાનિના કોઈ અહેવાલો નથી. આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. ઘટનાની વિશેષ તપાસ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# બનાસકાંઠાના ડીસામાંથી પાકિસ્તાની આઈએસઆઈ સાથે સંબંધ ધરાવતો વૉન્ટેડ આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત એન્ટી ટેર્‌રિસ્ટ સ્ક્વૉડ (એટીએસ) અને બનાસકાંઠા એસઓજીએ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને બિક્રમજીત સિંઘ ઉર્ફે વિક્કી નામના મોસ્ટ વૉન્ટેડ અપરાધીને ઝડપી પાડ્યો હતો. એટીએસ અને એસઓજીની ટીમોએ બાતમીના આધારે વોચ ગોઠવી આ ખતરનાક શખસને ડીસાના એક હાઈવે પર આવેલા ઢાબા પરથી તેને દબોચ્યો હતો. તે પાકિસ્તાની ગૅંગસ્ટર સહજાદ ભટ્ટી અને આબિદ જટ્ટ સાથે સીધો સંપર્કમાં હતો. તપાસમાં ખૂલ્યું છે કે આ બંને ગૅંગસ્ટર પાકિસ્તાનની ઇન્ટેલિજન્સ એજન્સી આઈએસઆઈ માટે કામ કરે છે અને ભારતના પંજાબ રાજ્યમાં આતંકી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે નેટવર્ક ચલાવે છે.

તે ઉપરાંત આ આરોપી પંજાબમાં થયેલા ગ્રેનેડ સ્મગલિંગના ગંભીર ગુનામાં લાંબા સમયથી વૉન્ટેડ હતો. પોલીસની આ કાર્યવાહીથી આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્કનો પર્દાફાશ થશે. દેશની સુરક્ષા એજન્સીઓ બિક્રમજીત સિંઘ ઉર્ફે વિક્કીની લાંબા સમયથી શોધમાં હતી.

આરોપી સ્થાનિક યુવકોને ગૅંગમાં ભરતી કરાવીને ગેરકાયદે પ્રવૃત્તિઓમાં જોડતો હતો, જે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો બની શકે તેમ હતું. સુરક્ષા એજન્સીઓ હવે તેના સંપર્કો અને નેટવર્ક વિશે વધુ માહિતી મેળવવા માટે તપાસ આગળ ધપાવી રહી છે. સુરક્ષા એજન્સીઓ હાલ આરોપીના અન્ય સંપર્કો અને ગુજરાતમાં તેના રોકાણના હેતુ વિશે ઊંડી તપાસ કરી રહી છે. પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ થયા બાદ બિક્રમજીતને આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે પંજાબ પોલીસને સોંપવામાં આવશે. ■

# અમદાવાદ કૉંગ્રેસને મોટો ઝટકો : પાંચ ટર્મથી કોર્પોરેટર રહેલા ઈકબાલ શેખે રાજીનામું આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકારણમાં ભારે ઊથલપાથલ જોવા મળી રહી છે, પક્ષપલટાની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે. આ દરમિયાન કૉંગ્રેસમાં મોટું ભંગાણ સર્જાયું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લી પાંચ ટર્મથી કોર્પોરેટર તરીકે સેવા આપતા સિનિયર નેતા ઈકબાલ શેખે કૉંગ્રેસમાંથી રાજીનામું આપી દેતા પક્ષને મોટો ઝટકો લાગ્યો છે. તેઓ હવે ગોમતીપુર વૉર્ડથી એઆઈએમઆઈએમની ટિકિટ પર ચૂંટણી લડશે તેવી શક્યતા છે. અમદાવાદના ગોમતીપુર વૉર્ડના પૂર્વ મ્યુ. કાઉન્સિલર ઇકબાલ કાસમભાઇ શેખે કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપ્યા બાદ તેમણે કૉંગ્રેસ પર ગંભીર આરોપો લગાવતા જણાવ્યું હતું કે, તેઓ છેલ્લી ટર્મ સુધી પક્ષને વફાદાર રહ્યા હોવા છતાં મનપામાં વિપક્ષના નેતાના પદને લઈને તેમની સાથે અન્યાય થયો છે. વચન આપ્યા બાદ પણ તેમને આ પદ સોંપવામાં આવ્યું નથી. છેલ્લા ૩૫ વર્ષથી કૉંગ્રેસનો વફાદાર સૈનિક રહ્યો છું. હવે મેં પાર્ટીના પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

ઇકબાલ શેખે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તેઓ હવે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એમઆઈએમ સાથે જોડાઈ શકે છે. તેમણે સ્વીકાર્યું હતું કે તેમણે એઆઈએમઆઈએમ પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરી છે અને પક્ષ તેમને જે પણ જવાબદારી સોંપશે તે દિલથી નિભાવશે. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૯૩૬-બી)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
જે. પી. રોડ, ભરડાવાડી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/ 3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ- 9324512690. (બી-૧૭૩૪૧)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**VASAI EAST**
Available NA Plots for Industrial Purpose. Rs. 11 Lakhs for 1000 sqft. for more details Call - 9869873769. (B-17357)

### ૩૧. નાણાંકીય

**લોન ઉપલબ્ધ**
ફોર પ્રોપર્ટી, બિઝનેસ, પર્સનલ - કોલ - અંકુશ : 98198 73769. (બી-૧૭૩૪૪)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૩૨૬)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઊધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯-બી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી : 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૯૫૯/ડી)

### ૧૭. જગ્યા આપવી છે



(બી-૧૭૩૦૮)


# અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં પણ દેખાઈ યુદ્ધની અસર, માર્ચમાં માત્ર સાત શિપ આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર નજીકના વિશ્વ પ્રસિદ્ધ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે માર્ચ મહિનામાં રિસાઈક્લ થવા માટે આવતા શિપની સંખ્યા અંદાજ કરતા ઓછી થઈ છે. શિપ બ્રેકિંગ વ્યવસાય સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે માર્ચમાં અલંગમાં ૨૦થી ૨૫ શિપ આવવાનો અંદાજ હતો, પરંતુ ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના તણાવની સ્થિતિના કારણે માર્ચ મહિનામાં માત્ર સાત જ શિપ આવ્યા છે. બીજી તરફ અલંગમાં ગૅસની જરૂરિયાતના માત્ર ૨૫ ટકા જ પુરવઠો મળતો હોવાથી શિપ રિસાઈકલિંગ પ્રવૃત્તિ ધીમી પડી છે.

અલંગમાં ફેબ્રુઆરી મહિનામાં ૧૬ શિપ રિસાઈકલ થવા માટે આવ્યા હતા અને તે બાદથી આંતરરાષ્ટ્રીય પરિબળો જોતા અલંગમાં માર્ચ મહિનામાં ૨૦થી ૨૫ શિપ આવે તેવું અનુમાન શિપ બ્રેકિંગ વ્યવસાય સાથે જોડાયેલા સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યું હતું, પરંતુ ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે સર્જાયેલા તણાવની સીધી અસર શિપ રિસાઈકલિંગ ઉદ્યોગમાં પણ જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના છેલ્લા મહિનાના માર્ચમાં અલંગમાં માત્ર સાત શિપ જ રિસાઈકલ થવા માટે આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

બીજી તરફ અલંગમાં જરૂરિયાતના માત્ર ૨૫ ટકા ગૅસનો પુરવઠો મળતો હોવાથી રિસાઈકલિંગ પ્રવૃત્તિ પણ ધીમી પડી છે. અત્યાર સુધી શિપ બ્રેકરો પાસે ગૅસનો સ્ટોક હોવાથી શિપ બ્રેકિંગ કામગીરી ચાલી રહી છે પરંતુ આગામી દિવસોમાં સ્થિતિ ચિંતાજનક થાય તેવા આસાર જોવા મળી રહ્યાં છે. બીજી તરફ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અલંગમાં આવતા શિપની સંખ્યામાં ગત નાણાકીય વર્ષની સરખામણીએ સામાન્ય વૃદ્ધિ જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અલંગમાં ૧૧૩ શિપ આવ્યા હતા, જ્યારે ૨૦૨૫-૨૬માં ૧૧૯ શિપ આવ્યા છે અને સાથે ટનેજની દૃષ્ટિએ પણ સામાન્ય વૃદ્ધિ જોવા મળી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કોઈ ચોક્કસ સમયગાળામાં શિપની સંખ્યા ૧૫થી ૧૬ સુધી પહોંચી જાય છે અને ક્યારે ૩થી ૪ પર આવી જાય છે, જેની પાછળનું કારણ ડોલરના ભાવ અને આંતરરાષ્ટ્રીય અસ્થિરતા કારણભૂત છે. ■

# અમદાવાદમાં દર વર્ષે સરેરાશ ૭૦૦ જેટલી લેન્ડ ગ્રેબિંગની ફરિયાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાની ફરિયાદો વધતા રાજ્ય સરકારે ભૂમાફિયાઓ પર લગામ કસવા માટે 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન ઍક્ટ' અમલી બનાવ્યો છે. જો કે આ કડક કાયદો પણ જમીન માલિકોના હિતોની સુરક્ષામાં નિષ્ફળ રહ્યો છે. જેમ કે અમદાવાદમાં જમીન પચાવી પાડવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીના સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, અમદાવાદમાં દર વર્ષે સરેરાશ ૭૦૦ જેટલી લેન્ડ ગ્રેબિંગની ફરિયાદો નોંધાય છે, પરંતુ કાયદાકીય ગૂંચવણો અને તપાસની ધીમી ગતિને કારણે તેમાંથી ૬૦ ટકા જેટલા કેસ દફતરે (ક્લોઝ) કરી દેવામાં આવે છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, છેલ્લા પાંચ વર્ષના લાંબા સમયગાળામાં હજારો અરજીઓ સામે માત્ર ૧૮૩ કિસ્સાઓમાં જ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. છેતરપિંડીના કિસ્સા પૈકીની ૨૫૦ થી ૩૦૦ ફરિયાદમાં બોગસ સહી કરીને જમીન પચાવવાનો ખેલ જોવા મળ્યો છે. તેમાં પણ ખાસ કરીને પૂર્વ અમદાવાદ, દસક્રોઈ અને સાણંદ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતતાના અભાવે આવા કેસોનું પ્રમાણ વધુ છે, તેવી માહિતી પણ સૂત્રો દ્વારા મળી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જમીન હડક કરવાના ૨૫ ટકા કિસ્સાઓમાં વગદાર ભૂમાફિયાઓ સામાન્ય માણસોની જમીન બળજબરીથી હડપી લે છે. બાકીના કિસ્સાઓમાં વારસાઈ મિલકતમાં હક જમાવવો, ભાડૂઆત દ્વારા કબજો ન છોડવો કે બંધ મકાન પર પાડોશીઓએ કરેલા અતિક્રમણ જેવી ફરિયાદો વધુ જોવા મળે છે. ■

# વડોદરાના સાવલીમાં ભાજપને મોટો ફટકો, ૧૦૦થી વધુ કાર્યકરોએ કૉંગ્રેસનો હાથ પકડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા આયારામ ગયારામની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં કૉંગ્રેસ, આપ અને ભાજપ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાવાનો છે. જો કે ચૂંટણી અગાઉ આ ત્રણેય રાજકીય પક્ષોએ એકબીજાના કાર્યકરોને આકર્ષવાના પ્રયાસો શરૂ કર્યા છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સત્તાધારી પક્ષ ભાજપને મોટો ફટકો પડ્યો હતો. સાવલીના મંજુસર પંથકના અગ્રણી કેતન પંચાલની આગેવાની હેઠળ ૧૦૦ થી વધુ સક્રિય કાર્યકરોએ એક સાથે ભાજપ સાથેનો છેડો ફાડ્યો હતો. આ પૂર્વ ભાજપી કાર્યકરોએ કૉંગ્રેસનો ખેસ પહેરતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે.

આ તમામ કાર્યકરોએ સાવલીના ગોઠડા જિલ્લા પંચાયત વિસ્તારમાં કૉંગ્રેસનો ખેસ ધારણ કરીને પક્ષપલટો કર્યો હતો. સાવલી તાલુકા કૉંગ્રેસ પ્રમુખ અને જિલ્લા પંચાયતના સદસ્ય સહિતના અન્ય કોંગી અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યકરોને પક્ષમાં આવકાર્યા હતા. આ પ્રસંગે કૉંગ્રેસના નેતાઓએ જણાવ્યું કે, ભાજપના શાસનથી કંટાળેલી જનતા હવે પરિવર્તન ઈચ્છે છે અને આ મોટી સંખ્યામાં થયેલો પક્ષપલટો આગામી ચૂંટણીના પરિણામોનો સ્પષ્ટ સંકેત આપે છે.

મળતી વિગત મુજબ ભાજપની નીતિઓના કારણે કાર્યકરોમાં ભારે અસંતોષ હતો. લાંબા સમયથી ચાલી રહેલી આંતરિક નારાજગી બાદ થયેલા આ સામૂહિક પક્ષપલટાથી સ્થાનિક રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કાર્યકરોએ સ્થાનિક ભાજપની નેતાગીરી પર આક્ષેપ લગાવ્યો હતો કે, સાવલી વિસ્તારમાં ભાજપના શાસન હેઠળ ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો છે. ■

# નસીબની બલિહારી: પુત્રના મરણનો દાખલો લેવા ગયેલા પિતાનું અકસ્માતમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નસીબની બલિહારી કેવી હોય છે તેનો જીવંત અને હૃદયદ્રાવક કિસ્સો પૂર્વ કચ્છના ભચાઉમાં જોવા મળ્યો છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા પુત્રનો મરણનો દાખલો મેળવવા આવેલા પિતાનું પણ માર્ગ અકસ્માતમાં કરુણ મૃત્યુ નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પનારામ શંકરરામ ભીલ નામના આધેડ તેમના અગાઉ અકસ્માતમાં મૃત્યુ પામેલા પુત્રનો મરણનો દાખલો લેવા માટે ભચાઉ નગરપાલિકામાં આવ્યા હતા. જોકે, ત્યાંથી અઠવાડિયા પછી આવવાનું કહેવામાં આવતા, તેઓ કેશારામ ઉર્ફે કિશોર સોલંકી સાથે પોસ્ટમોર્ટમ રિપોર્ટ લેવા સરકારી હૉસ્પિટલ અને ત્યારબાદ પોલીસ મથકે ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે અણુશક્તિ કંપની સામે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માટીના ઢગલાને કારણે છકડો રિક્ષા (નંબર જીજે-૦૭-વાયઝેડ-૦૧૨૬) પલટી મારી ગઈ હતી. રિક્ષાચાલકની બેદરકારીને કારણે સર્જાયેલા આ અકસ્માતમાં પનારામ ભીલને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે કેશારામને ઈજા થતા હૉસ્પિટલ ખસેડાયા હતા. ભચાઉ પોલીસે રિક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, બંદરીય માંડવી તાલુકાના મોઢવા ગામે ગત મોડી રાત્રે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં ૧૫ વર્ષીય આશાસ્પદ સગીરનું મોત નીપજતાં અરેરાટી પ્રસરી છે. રસ્તા પર અચાનક નીલગાય આડી ઊતરતા મોટરસાઇકલ પરથી કાબૂ ગુમાવવાને કારણે સર્જાયેલી આ દુર્ઘટનામાં તેનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ■

# વાવ-થરાદમાં મૈત્રી કરાર કરનારા યુવક સાથે અમદાવાદમાં અમાનુષી અત્યાચાર

અમદાવાદ: લિવ ઈન રિલેશનશિપમાં રહેતા વાવ-થરાદના એક યુવક સાથે અમદાવાદમાં અમાનુષી અત્યાચાર થયાની ઘટના પ્રકાશમાં આવી હતી. યુવકને ત્રણ વર્ષથી એક યુવતી સાથે પ્રેમ હતો, પરંતુ યુવતીનાં લગ્ન અન્યત્ર થઈ ગયા હતા. જોકે યુવતી યુવક સાથે રહેવા માગતી હોવાથી તે બન્ને અમદાવાદના વટવામાં રહેવા આવી ગયા હતા અને તેમણે મૈત્રી કરાર કર્યો હતો.

બે દિવસ પહેલા તેમના ઘરે આરોપીઓ રૂમનો દરવાજો ખોલીને ધસી આવ્યા હતા અને રોકડા ૩૨ હજાર, સોનાના દાગીના તેમ જ મોબાઈલ તથા અગત્યના ડોક્યુમેંટ લૂંટી લીધા હતા. ત્યારબાદ બંનેને ગાડીમાં બેસાડી અપહરણ કરીને લઈ ગયા હતા. યુવકને અવાવરુ જગ્યાએ લઈને ફટકારવામાં આવ્યો હતો. આ આરોપીઓ યુવતીના સંબંધીઓ હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. તેમણે યુવક પર અમાનુષી અત્યાચાર ગુજાર્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું, જેમાં તેને નિર્વસ્ત્ર કરી ગુપ્ત ભાગે ટ્યૂબ નાખી ઈંજેક્શનની સોય ભોંકી પ્રવાહીનો ફુવારો મારવામાં આવ્યો હતો. ઉપરાંત મોઢા તથા આંખના ભાગે ફુવારો મારી ઈજા પહોંચાડી હતી. તેને મહિલાના કપડાં પહેરાવી ડાન્સ કરાવ્યો હતો અને વીડિયો પણ શૂટ કર્યો હતો. તેને તરસ લાગતાં પીવા માટે પાણી માગતા ટોઈલેટનું પાણી પીવડાવ્યું હતું. ઉપરાંત પટ્ટાથી ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવકને નિર્દયતાથી ફટકારીને અધમૂઓ કર્યા બાદ ખેતરમાં ફેંકી દીધો હતો. યુવક ખેતરમાં પડ્યો હોવાની જાણ થતાં સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ■

# યુદ્ધને કારણે રોકાણકારોની સંપત્તિના ધોવાણ છતાં પ્રાઈમરી માર્કેટની ગતિવિધિમાં વધારો

કરંટ ટોપિક

નિલેશ વાઘેલા

વર્તમાન નાણાંકીય વર્ષમાં રોકાણકારોને ભારે નુકસાની થઇ છે. સેકન્ડરી માર્કેટમાં અખાતી યુદધની સીધી અસરને કારણે ધોવાણ થયું છે, તો સાથે પ્રાઇમીર માર્કેટમાં પણ ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ મારફત વિક્રમી નાણાં ઊભા કરાયા હોવા છતાં વળતર પેટે રોકાણકારોએ માર ખાવાનો વારો આવ્યો છે.

વર્તમાન નાણાં વર્ષમાં આવેલા આઈપીઓમાંથી ૭૫ ટકા કંપનીના શેર ભાવ તેના લિસ્ટિંગ ભાવથી હાલમાં ડિસ્કાઉન્ટે બોલાઈ રહ્યા છે. મોટાભાગના આઇપીઓ ઊંચા પ્રીમિયમ સાથે આવે છે, ભરાઇ પણ જાય છે અને ક્યાં તો ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થાય છે અથવા તો ઇશ્યૂ ભાવ સામે એટલા નીચા ઉતરી જાય છે કે તેમાં ક્રિકવરી માટે ચાન્સ જ રહેતો નથી.

મોટાભાગના ભરણાંમાં, ઊંચા મૂલ્યાંકનો તથા સેકન્ડરી બજારમાં ભારે વોલેટિલિટીને પરિણામે આ કરેક્શન જોવા મળી રહ્યા હોવાના બજારના નિષ્ણાતો દાવો કરી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે વર્તમાન નાણાં વર્ષમાં અત્યારસુધી લિસ્ટ થયેલા ૧૦૭ મેઈનબોર્ડ આઈપીઓમાંથી માત્ર ૨૬ જ તેના લિસ્ટિંગ ભાવથી ઉપર ટ્રેડ થઈ રહ્યા છે જ્યારે ૮૧ અથવા તો ૭૫ ટકા ભરણાંના ભાવ લિસ્ટિંગ ભાવથી નીચે સરકી ગયા છે.

પાછલા સપ્તાહની જ વાત કરીએ તો પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે પાવરિકા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવથી સાત ટકા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. અમીરચંદ જગદીશ કુમાર એક્સપોર્ટના શેર તેના ઇશ્યૂ ભાવ સામે આઠ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. એકમાત્ર સાઇ પેરેન્ટરલ્સના શેરમાં ત્રણ ટકા પ્રીમિયમ જોવા મળ્યું હતું, જે ક્યાં સુધી ટકશે એ કહી ના શકાય!

આશ્ચર્ય એ બાબતનું છે કે, એક બાજુ યુદ્ધ સાચુ છે, બીજી તરફ નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગ મેળવી રહ્યા છે, એવા માહોલમાં પણ માર્ચ ૨૦૨૬માં ૩૮ જેટલી કંપનીઓએ સેબી સમક્ષ પ્રારંભિક આઇપીઓના દસ્તાવેજ સેબી પાસે ફાઇલ કરાવ્યા છે. નિષ્ણાતો માને છે કે, એક કારણમાં નિયમનકારી સમય મર્યાદાને કારણે વધારો થયો હોવા છતાં, ફાઇલિંગનો વધારો ઇશ્યુઅર સેન્ટિમેન્ટમાં સુધારો પણ દર્શાવે છે.

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના ડેટા દર્શાવે છે કે માર્ચ ૨૦૨૫માં ૨૨ આઇપીઓ માટે ફાઇલિંગ થયું હતું જ્યારે માર્ચ ૨૦૨૪માં આ આંકડો ૧૬ ફાઇલિંગનો હતો, તેની સામે આ એક તીવ્ર ઉછાળો દર્શાવે છે, જે જાહેર ઇશ્યુની મજબૂત પાઇપલાઇન સૂચવે છે. મર્ચન્ટ બેંકિંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ટેલિકોમ આર્મ જિયો સહિત ઘણી હાઇ-પ્રોફાઇલ કંપનીઓ આ અઠવાડિયામાં તેમના ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કરવાની તૈયારી કરી રહી છે, જેમાં ગતિ ચાલુ રહેવાની અપેક્ષા છે.

વધુમાં, સિંગાપોર સ્થિત સેમ્બકોર્પ ઇન્ડસ્ટ્રીઝની ભારતીય નવીનીકરણીય ઉર્જા આર્મ, સ્વીડન સ્થિત મોર્ડન ટાઇમ્સ ગ્રુપની પેટાકંપની પ્લેસિમ્પલ, ટીપીજી સમર્થિત ઓનલાઇન ધિરાણ પ્લેટફોર્મ ફાઇબ અને ટાઇગર ગ્લોબલ સમર્થિત બેટરીસ્માર્ટ પણ ટૂંક સમયમાં ડીઆરએચપી ફાઇલ કરે તેવી શક્યતા છે, એમ બજારના સાધનો જણાવે છે. સેબી સમક્ષ ડ્રાફ્ટ પેપર્સ ફાઇલ કરનાર ૩૮ કંપનીઓમાંથી, ઝેટવર્ક, એસએનવીએ ટ્રાવેલટેક, રેડિફ ડોટ કોમ ઇન્ડિયા, ટોરેન્ટ ગેસ, સિનર્જી એડવાન્સ્ડ મેટલ્સ, ગરૂડ એરોસ્પેસ અને સોહન લાલ કોમોડિટી મેનેજમેન્ટ સહિત કુલ નવ કંપનીઓએ કોન્ફિડેન્શિઅલ ફાઇલિંગ રૂટ પસંદ કર્યો છે.

એક અહેવાલ મુજબ, કુલ ૬૪ જેટલી કંપનીઓએ સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) ફાઇલ કર્યા છે અને મંજૂરીની રાહ જોઈ રહી છે, જ્યારે ૧૨૪ કંપનીઓને પહેલાથી જ નિયમનકારી મંજૂરી મળી ગઈ છે, પરંતુ હજુ સુધી બજારમાં આવી નથી. માર્ચ ૨૦૨૫થી વધુ વીસ કંપનીઓએ કોન્ફિડેન્શિઅલ ડીઆરએચપી ફાઇલ કર્યા છે.

અહેવાલમાં વધુમાં નોંધાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (માર્ચના અંત સુધી)માં ૧૦૯ મેઇન બોર્ડ આઇપીઓ જોવા મળ્યા હતા, જેમાંથી ૬૯ તેમના ઇશ્યૂ ભાવથી ઉપર લિસ્ટેડ થયા હતા, જ્યારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ત્રણ કંપનીઓ હજુ સુધી એક્સચેન્જમાં ડેબ્યૂ કરી શકી નહોતી. વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આઇપીઓ બજાર વધુ વેગ પકડે એવી અપેક્ષા છે, જે મજબૂત પાઇપલાઇન દ્વારા સમર્થિત છે, જેમાં મોટી સંખ્યામાં કંપનીઓ સેબીની મંજૂરીની રાહ જોઈ રહી છે અને લોન્ચ માટે માન્ય મંજૂરીઓ ધરાવે છે, એમ તેમાં ઉમેર્યું હતું. જોકે, શેરબજારની અસ્થિરતા છતાં આઇપીઓની વધતી સંખ્યા આશ્ચર્ય ઉપજાવે છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધી, ૧૮ કંપનીઓએ આઇપીઓ લોન્ચ કર્યા છે, જેમાં અસ્થિર બજાર પરિસ્થિતિઓ અને ભૂ-રાજકીય તણાવ છતાં માર્ચ મહિનામાં જ આઠ ઇશ્યૂ બજારમાં આવ્યા છે. બીજી બાજુ, ડિજિટલ પેમેન્ટ કંપની પેટીએમએ વર્તમાન ભૂ-રાજકીય સંઘર્ષો અને બજારની અસ્થિરતાને કારણે તેની જાહેર બજાર સૂચિ પ્રક્રિયાને અસ્થાયી રૂપે મુલતવી રાખી હતી.

નિષ્ણાતો નોંધે છે કે વર્તમાન વાતાવરણમાં આઇપીઓ યોજનાઓ સાથે આગળ વધી રહેલી કંપનીઓ મોટાભાગે બે શ્રેણીઓમાં આવે છે. પહેલી શ્રેણીમાં મજબૂત સંસ્થાકીય સમર્થન અને માગ દશ્યતા ધરાવતી કંપનીઓ છે, જ્યારે બીજી શ્રેણીમાં તાત્કાલિક મૂડી આવશ્યકતા ધરાવતી કંપનીઓ આવે છે. અન્ય કંપનીઓ વધુ સારી કિંમત શોધ અને સુધારેલ બજાર સ્થિરતાની રાહ જોઈ શકે છે.

દરમિયાન, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું ઇરાન યુદ્ધ લાંબો સમય ચાલુ રહેવાની ચિંતા ફરી સપાટી પર આવવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં આવી રહેલા ઉછળા સેકન્ડરી માર્કેટમાં ઊથલપાથલ ચાલુ રહેવાના સંકેત આપે છે અને એવા સંજોગોમાં આઇપીઓને રોકાણકારોનો કેવો ટેકો કે પ્રતિસાદ મળશે એ મોટો સવાલ છે!

અમેરિકા અને ઇરાક વચ્ચે સંઘર્ષ વધતો જાય છે અને હાલ તો તેમાં કોઇ બ્રેક લાગે એવી શક્યતાને સ્થાને મગજ વગરનો માણસ ટ્રમ્પ કોઇ અણધાર્યુ પગલું ના ઉપાડે એવી ચિંતા નિરીક્ષકોને સતાવી રહી છે. અખાતી દેશ અને અમેરિકાના પરસ્પર હુમલા હજુ ચાલુ છે અને ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધી રહ્યા છે, તે જોતાં શેરબજારમાં અસ્થિરતા ચાલુ રહેવાની ધારણાં છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછીના તેમના પ્રથમ રાષ્ટ્રીય સંબોધનમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુએસ ઈરાનને ખૂબ જ સખત પ્રહાર કરવાનું ચાલુ રાખશે. ટ્રમ્પે બુધવારે રાત્રિના ભાષણમાં જણાવ્યું હતું કે મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાના આરે છે અને લશ્કરી કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ થઈ શકે છે તે જોતાં યુનાઇટેડ સ્ટેટ્સ ઈરાનમાં પોતાનું કામ પૂરું કરશે.

# પશ્ચિમ સંકટ વચ્ચે ફુગાવો વકરવાનો ભય જોતા આરબીઆઇ વ્યાજદર યથાવત્ રાખશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે ફુગાવાના ભયને ધ્યાનમાં રાખીને એપ્રિલ પોલિસી સમીક્ષામાં ચાવીરૂપ વ્યાજ દર યથાવત્ત જાળવી રાખે તેવી શક્યતા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યાં છે. યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલ અને અન્ય આયાતી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થવાની અને તેને કારણે ફુગાવો વધતો રહેવાની ભીતિ છે.

અર્થશાસ્ત્રીઓના મતે, રિઝર્વ બેંક એપ્રિલ નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં બેન્ચમાર્ક પોલિસી રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત રાખે તેવી શક્યતા છે, કારણ કે પશ્ચિમ એશિયામાં સતત ભૂ-રાજકીય તણાવ, કોમોડિટીના ભાવમાં અસ્થિરતા અને ચલણની તીવ્ર હિલચાલને કારણે રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો છે, જેના કારણે નીતિ દૃષ્ટિકોણ જટિલ બન્યો છે અને વૃદ્ધિ, ફુગાવા અને નીતિના વલણ પર તેના અંદાજો પર નજીકથી નજર રાખવામાં આવશે. ક્રૂડ ઓઇલના ભાવ અને ભૂ-રાજકીય ઘટનાક્રમની આસપાસની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને, આરબીઆઇ એપ્રિલ પોલિસીમાં થોભવાની અને આગળ કોઈ પગલાં લેતા પહેલા આવતા ફુગાવાના ડેટા પર નજીકથી નજર રાખે એવી શક્યતા હોવાનું ઇકરાના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતી નાયરે જણાવ્યું હતું. ભારત વર્તમાન કટોકટીથી અબાધિત નથી અને યુદ્ધની ઝાળ અનુભવાઇ રહી છે. રૂપિયો પહેલેથી જ ૯૩ પ્રતિ ડોલરની ઉપર છે અને ક્રૂડ ઓઇલ ૧૦૦ પ્રતિ બેરલની ઉપર છે, જેના પરિણામે રાજ્યોમાં આયાતી ફુગાવા (ઇમ્પોર્ટેડ ઇન્ફલેશન)માં ઉછાળો આવ્યો છે, એમ જણાવતાં એસબીઆઇના મુખ્ય અર્થશાસ્ત્રી સૌમ્ય કાંતિ ઘોષે કહ્યું હતું કે, અંદાજિત સુપર અલ નીનો પણ ફુગાવા પર દબાણ લાવશે.

ક્રિસિલના મુખ્ય અર્થશાસ્ત્રી દિપ્તી દેશપાંડેએ જણાવ્યું હતું કે ફુગાવો એમપીસીના લક્ષ્યની નજીક રહેવાની બેઝ કેસ અપેક્ષા હેઠળ, નાણાકીય નીતિ આ પુરવઠાના આંચકાને ધ્યાનમાં લઈ શકે છે અને દરોને હોલ્ડ પર રાખશે. કેન્દ્રીય બેંકે ગયા ફેબ્રુઆરીથી અત્યાર સુધી રેપો રેટમાં ૧.૨૫ ટકા ઘટાડો કર્યો છે, કારણ કે ફુગાવામાં આવેલા ઘટાડાએ તેને વૃદ્ધિને વધુ વેગ આપવા માટે કામ કરવાની તક આપી હતી.

જો કે, કેન્દ્રીય બેંકે ઓગસ્ટ, ઓક્ટોબર અને ફેબ્રુઆરી ૨૦૨૬ની નાણાકીય નીતિઓમાં દરને યથાવત રાખ્યો હતો. છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ સોમવારે એપ્રિલની નીતિ સમીક્ષા બેઠક શરૂ કરશે અને બુધવારે સૌથી પડકારજનક નીતિ સમીક્ષાઓમાંથી એક પર અંતિમ મતદાન થશે.

અર્થશાસ્ત્રીઓએ નોંધ્યું છે કે છૂટક ફુગાવો આરબીઆઇના ચાર ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકની નજીક પહોંચી ગયો છે, પરંતુ વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તાજેતરના વધારાથી સ્થાનિક ભાવો, ખાસ કરીને ઇંધણ, પરિવહન અને મુખ્ય ફુગાવાના ઘટકો પર બીજા રાઉન્ડની સંભવિત અસરો અંગે ચિંતા વધી છે.

અંદાજ મુજબ, પ્રતિ બેરલ ક્રૂડ ઓઇલના ભાવમાં દર ૧૦ નો વધારો ફુગાવાને ૦.૬૦ ટકા સુધી વધારી દે છે. લાંબા સમયથી પ્રતિ બેરલ ૬૦ની આસપાસ રહેલા ક્રૂડ ઓઇલના ભાવ ફેબ્રુઆરીના અંતમાં સંઘર્ષની શરૂઆતથી ૧૦૦થી વધુ થઈ ગયા છે. વધુમાં, યુદ્ધ પછી રૂપિયામાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો છે, જેના કારણે આયાતી ફુગાવો વધ્યો છે.

# બેન્કિંગ ક્ષેત્રે ધિરાણની સરખામણીએ થાપણમાં વૃદ્ધિની ગતિ મંદ

મુંબઈ : વર્તમાન મહિનાના પ્રથમ પખવાડિયામાં બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ વૃદ્ધિની માત્રા વાર્ષિક ધોરણે ૧૩.૮૦ ટકા રહી હતી જે અગાઉના પખવાડિયામાં ૧૪.૫૦ ટકા રહી હતી એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડેટા જણાવે છે. થાપણથી ધિરાણની માત્રા જો કે ૮૩ ટકા પર પહોંચી ગઈ છે. ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહેવા પામી હતી. ૧૫મી માર્ચના પખવાડિયામાં થાપણમાં વાર્ષિક ધોરણે ૧૦.૮૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે, જે અગાઉના પખવાડિયામાં ૧૦.૨૦ ટકા રહી હતી. નાણાં વર્ષ સમાપ્ત થઈ રહ્યું છે ત્યારે માર્ચના અંતિમ પખવાડિયામાં ધિરાણમાં વધારો જોવા મળવાની ધારણાં રાખવામાં આવી રહી છે. પંદરમી માર્ચ સુધીમાં બેન્કિંગ ક્ષેત્રમાં એકંદર ધિરાણ આંક રૂપિયા ૨૦૭.૭૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણ આંક રૂપિયા ૨૫૦.૧૨ હતો. થાપણથી ધિરાણની માત્રા ૮૩ ટકા સુધી જોવા મળે છે. દેશમાં રોકાણ સાધનો અન્ય વિકલ્પો ઊભા થતા બચતકારો તેમના નાણાં પરંપરાગત બેન્ક થાપણોમાં રાખવા કરતા અન્ય ઊંચા વળતર પૂરા પાડતા સાધનોમાં નાખી રહ્યા છે જેને કારણે થાપણથી ધિરાણનું પ્રમાણ ઊંચુ રહ્યા કરે છે એમ એક બેન્કરે જણાવ્યું હતું.

# એનએફઓઃ માર્ચમાં ફક્ત નવ નવી ઇક્વિટી યોજનાઓ શરૂ થઇ

નવી દિલ્હી : યુએસ-ઈરાન સંઘર્ષની ગરમી મ્યુચ્યુઅલ ફંડ્સ સુધી પણ પહોંચી છે. બગડતી પરિસ્થિતિને કારણે મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓને નવી યોજનાઓના લોન્ચિંગને મુલતવી રાખવાની ફરજ પડી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ લગભગ બે ડઝન યોજનાઓને મંજૂરી આપી છે. જોકે, માર્ચમાં અત્યાર સુધીમાં ફક્ત નવ નવી ઇક્વિટી યોજનાઓ (એનએફઓ) શરૂ કરવામાં આવી છે.

છેલ્લા બે અઠવાડિયામાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધવા સાથે, નવી યોજનાઓના લોન્ચિંગની ગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી છે. તાજેતરના અઠવાડિયામાં સેબી વેબસાઇટ પર ફાઇલિંગમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ફંડ કંપનીઓએ ૧૫ માર્ચથી ફક્ત ત્રણ યોજનાઓ માટે દસ્તાવેજો સબમિટ કર્યા છે, જે અગાઉના બે અઠવાડિયામાં ૧૯ હતા.

નાણાકીય વર્ષના અંતને ચિહ્નિત કરતી વખતે, નવા ભંડોળ એકત્રીકરણ સામાન્ય રીતે માર્ચમાં ધીમા પડે છે. જોકે, વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતા અને શેરબજારમાં મંદી આને નવા ભંડોળ એકત્ર કરવા માટે ઓછો અનુકૂળ સમય બનાવી દીધો છે.

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે, માર્ચ સામાન્ય રીતે તંગ તરલતાનો મહિનો હોય છે. એનએફઓ સામાન્ય રીતે વારંવાર આવતા નથી.

આ વર્ષે, પશ્ચિમ એશિયામાં બગડતી પરિસ્થિતિએ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. નીચા એનએફઓ સૂચવે છે કે ફંડ હાઉસ પરિસ્થિતિ સામાન્ય થવાની રાહ જોઈ રહ્યા છે, કારણ કે ક્રૂડ ઓઇલના ભાવ, ફુગાવા અને વ્યાજ દરોમાં અસ્થિરતા અંગેની ચિંતાઓને કારણે રોકાણકારો સાવચેત છે.

યુએસ-ઈરાન સંઘર્ષ હવે ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયો છે, જે ભારતીય શેરબજારો પર વધુ દબાણ લાવી રહ્યો છે. વધતા ભૂરાજકીય તણાવ અને ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે રોકાણકારોનો વિશ્વાસ નબળો પડયો છે. માર્ચમાં નિફ્ટી-૫૦ અત્યાર સુધીમાં લગભગ ૯ ટકા ઘટયો છે. આ ઘટાડાની મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો પર પણ અસર પડી છે.

નવી રોકાણ યોજનાઓમાં ઘટાડો બજારમાં ચોખ્ખા રોકાણ પર સીધી અસર કરે છે, કારણ કે નવી યોજનાઓ એકમ રકમ રોકાણનો મુખ્ય સ્રોત છે. માર્ચમાં નવી યોજનાઓની સંખ્યામાં ઘટાડો થવાના અન્ય કારણો હોઈ શકે છે.

# ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર એસટીટીનો વધારો અને નિયમનકારી ફેરફારોની અસર વર્તાશે

મુંબઇઃ શેરબજારમાં સ્થાનિક અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે અફડાતફડી અને કડાકોનો દોર ચાલી રહ્યો હોવાથી તેના ટર્નઓવરમાં ઘટાડો થઇ રહ્યો છે. એ જ સાથે ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર એસટીટીનો વધારા અને નિયમનકારી ફેરફારો અસર વર્તાશે, એમ બજારના સાધનો માને છે.

સરકારે શેરબજારમાં સટ્ટાબાજી રોકવાના નવા પગલા હેઠળ ટ્રેડિંગ ચાર્જમાં વધારો જાહેર કર્યો છે જે પહેલી એપ્રિલથી લાગુ થઇ રહ્યો છે. નવા ફેરફાર હેઠળ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન (એફએન્ડઓ)માં ટ્રેડિંગ કરતા લોકોને વધુ ચાર્જ આપવો પડશે. આ સંદર્ભની જાહેરાત કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં જ કરી દેવામાં આવી હતી. આ ચાર્જ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) છે. નોંધવું રહ્યું કે, એસટીટીમાં વધારો પહેલી એપ્રિલથી લાગુ થયો છે જ્યારે બેન્ક ગેરન્ટીના નવા ધોરણનો અમલ લંબાવી એક જુલાઈ કરાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક શેરબજારમાં કેશ સેગમેન્ટનું ટર્નઓવર ઘટયું હતું જ્યારે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ધીમી પડી જવા પામી હતી. નિયમનકારી સખતાઈ તથા બજારની નબળી કામગીરીએ વેપાર પર પ્રતિકૂળ અસર પડી હતી. બીએસઈ અને એનએસઈ બંનેના ઇક્વિટી કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર વાર્ષિક ધોરણે છ ટકા ઘટીને રૂ. ૧.૧૩ લાખ કરોડ થયું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૧.૨૧ લાખ કરોડ હતું.

બીજી બાજુ એફએન્ડઓ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર વાર્ષિક ધોરણે ૪.૬૦ ટકા જેટલું સાધારણ વધી રૂપિયા ૪૪૭ ટ્રિલિયન રહ્યું હતું. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર વાર્ષિક ધોરણે ૩૬.૬૬ ટકા જ્યારે એફએન્ડઓમાં ૧૮.૮૬ ટકા વધ્યું હતું. પાછલા ૧૮ મહિનામાં અનેક નિયમનકારી ફેરફારોએ ડેરિવેટિવ્ઝમાં ટ્રેડિંગ પર અસર કરી છે.

આ નિયમનકારી ફેરફારોમાં એક-એક્સચેન્જ-એક-અઠવાડિયાની સમાપ્તિ ફ્રેમવર્ક, કડક અપફ્રન્ટ માર્જિન આવશ્યકતાઓ અને વધેલા લોટ કદનો સમાવેશ થાય છે. બજારના જાણકારો આ નાણાકીય વર્ષમાં ટ્રેડિંગ વોલ્યુમમાં વધુ ઘટાડાને નકારી રહ્યા નથી. આ સમય દરમિયાન બજારનું પ્રદર્શન પણ સુસ્ત રહ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૫.૧ ટકા ઘટયો હતો, જ્યારે સેન્સેક્સ ૭.૧ ટકા ઘટયો હતો.

આનાથી કેશ સેગમેન્ટમાં પ્રવૃત્તિ વધુ ધીમી પડી હતી. જ્યારે એકંદર વોલ્યુમ નરમ પડયું છે, ત્યારે તમામ એક્સચેન્જોમાં સરેરાશ વેપાર કદ વધ્યું છે, જે ઉચ્ચ-મૂલ્યના વ્યવહારો તરફના પરિવર્તનનો સંકેત આપે છે. એનએસઈ પર સરેરાશ વેપાર કદ એક વર્ષ પહેલા રૂ. ૨૯,૦૪૬થી વધીને રૂ. ૩૧,૫૪૫ થયું છે. બીએસઈ પર, તે રૂ. ૧૮,૭૨૦ થી વધીને રૂ. ૨૨,૮૨૨ થયું છે. નિયમનકારી ફેરફારો વચ્ચે બીએસઈને ફાયદો થયો છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં તેનો બજાર હિસ્સો ૩૮ ટકાથી વધીને માર્ચ ૨૦૨૬ માં ૪૪ ટકા થયો હતો. સાપ્તાહિક સમાપ્તિ ગુરુવારમાં સ્થાનાંતરિત થવા છતાં, ઓપ્શન્સ પ્રીમિયમનો તેનો હિસ્સો ૨૪.૪ ટકાથી વધીને ૨૬.૧ ટકા થયો હતો. એક એક્સચેન્જ, એક જ સાપ્તાહિક એક્સપાઈરી માળખા, માર્જિન આવશ્યકતામાં વધારો તથા લોટ સાઈઝમાં વધારો કરવા જેવા પગલાં વેપારમાં અવરોધરૂપ બન્યા છે. અમેરિકા દ્વારા ટેરિફ પગલાં અને ત્યારબાદ વર્ષના અંતિમ મહિના માર્ચમાં યુદ્ધની સ્થિતિએ બજારનું માનસ ખરડી નાખ્યું છે. સેબીના મોટાભાગના સુધારા હવે અમલી બન્યા છે. તેથી, ટ્રેડરો હવે રિઝર્વ બેંક તરફથી થનારા સંભવિત ફેરફારો પર ધ્યાન આપી રહ્યા છે.

# સેન્સેક્સ ૨૬૪ પોઇન્ટ ગબડ્યો, માર્કેટ કેપમાં બાવીસ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પાછલા સપ્તાહ દરમિયાન આઈટી ક્ષેત્રના શેર્સ સર્વાધિક વધ્યા, હેલ્થકેર સૌથી અધિક ઘટ્યા અને સ્થાનિક સંસ્થાઓની રૂ.૩૨,૮૪૧ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાઈ હતી. ગુરુવાર તા.બીજી એપ્રિલે, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૩,૫૮૩.૨૨ના બંધથી ૨૬૩.૬૭ પોઈન્ટ્સ (૦.૩૬ ટકા ) ઘટ્યો હતો. શુક્રવાર ૩ માર્ચે ગુડ ફ્રાઈડે નિમિત્તે ટ્રેડિંગ હોલિડે હોઈ માત્ર ચાર દિવસ કામકાજ થયું હતું.

સોમવાર, ૩૦ માર્ચના રોજ સેન્સેક્સ ૭૨,૫૬૫.૨૨ ખૂલી ૧ એપ્રિલ, બુધવારે ઊંચામાં ૭૩,૯૬૪.૫૮ સુધી, જ્યારે ગુરુવાર, ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નીચામાં ૭૧,૫૪૫.૮૧ સુધી જઈ ૭૩,૩૧૯.૫૫ બંધ રહ્યો હતો. એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૨૨.૩૭ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૨૨.૧૫ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૦.૨૨ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૩૬ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૪૩ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા ઘટ્યા હતા. એસએમઈ આઈપીઓ ૨.૮૦ ટકા અને બીએસઈ આઈપીઓ ૧.૯૩ ટકા ઘટ્યા હતા. ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૬ કંપનીઓમાંથી ૪૫૮ વધી, ૨૬૬ ઘટી હતી અને બે સ્થિર રહી હતી. જ્યારે બી ગ્રુપની ૧૫૮૮ કંપનીઓમાંથી ૧,૨૦૫ વધી, ૩૭૮ ઘટી અને પાંચ યથાવત રહી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૨ કંપનીઓને નીચલી તેમ જ ૯ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન વધેલાં ક્ષેત્રોના ઈન્ડેક્સ આ પ્રમાણે હતા. આઈટી ૨.૯૫ ટકા, એસએમઈ આઈપીઓ ૨.૮૦ ટકા, મેટલ ૨.૬૬ ટકા, કેપિટલ ગુડ્સ ૧ ટકા, ટેક્નોલોજી ૦.૯૯ ટકા, રિયલ્ટી ૦.૨૮ ટકા અને પીએસયુ ૦.૧૨ ટકા વધ્યા હતા. સેક્ટર ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન ઘટેલા ઈન્ડાયસીસમાં હેલ્થકેર ૨.૪૯ ટકા, આઈપીઓ ૧.૯૩ ટકા, પીએસયુ બેન્ક્સ ૧.૪૮ ટકા, બેન્કેક્સ ૧.૩૭ ટકા, ઓટો ૧.૧૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૩ ટકા, પાવર ૦.૬૫ ટકા અને એફએમસીજી ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૩૬ કંપનીઓ વધી અને ૬૨ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી. બીએસઈ ૨૦૦માં ૮૩ કંપનીઓ વધી અને ૧૧૫ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી. બીએસઈ ૩૦માં ૧૩ કંપનીઓ વધી અને ૧૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૮૮ કંપનીઓ વધી, ૨૧૦ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી સૌથી અધિક વધેલી સ્ક્રિપમાં ટ્રેન્ટ ૪.૩૨ ટકા, બીઈએલ ૩.૯૭ ટકા, ટેક મહિન્દ્ર ૩.૫૦ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૮૬ ટકા અને ટાઈટન ૨.૮૪ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં સન ફાર્મા ૫.૯૬ ટકા, એનટીપીસી ૪.૪૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૪ ટકા, બજાજ ફિનસર્વ ૩.૨૮ ટકા અને ભારતી એરટેલ ૨.૯૪ ટકા ગબડ્યો હતો.

બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે ઘરેલુ સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૧,૦૦,૮૯૫.૬૪ કરોડની ખરીદી અને રૂ. ૬૮,૦૫૪.૫૬ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ.૩૨,૮૪૧.૦૮ કરોડની નેટ ખરીદી નોંધાઈ હતી. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ.૭૧,૦૨૩.૯૩ કરોડની ખરીદી સામે રૂ.૧,૦૪,૮૧૬.૫૭ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ.૩૩,૭૯૨.૬૪ કરોડની નેટ વેચવાલી નોંધાઈ હતી.

પ્રાઇમરી માર્કેટમાં રેન્ટોમોજો લિમિટેડ, ઇન્ટેલિયસ રીકોડ લિમિટેડ, કોસ્મિક પીવી પાવર, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ્સ લિમિટેડે, કોરફોર એન્જિનિયર્સે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું છે. કર્ણાટક બેન્કે ચોથા ક્વાર્ટરમાં ડિપોઝિટમાં ચાર ટકા વધારો દર્શાવ્યો હોવા છતાં તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. કોચીન શિપયાર્ડ, બીડીએલ, જીઆરએસઇ સહિતના ડિફેન્સ શેરોમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો.

મારુત સુઝુકીએ નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં સર્વિસ ટચપોઇન્ટની સંખ્યા ૮૦૦૦ સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો છે. આરબીઆઇએ અમિરાત એનબીડી બેન્કને આરબીએલ બેન્કનો ૭૪ ટકા હિસ્સો હસ્તગત કરવા મંજૂરી આપી દીધી છે.

એપેલેટ ટ્રિબ્યુનલ નેશનલ કંપની લો એપેલેટ ટ્રીબ્યુનલ (એનસીએલએટી)એ કહ્યું છે કે ડીએમઆરસી તેના એક સ્ટેશન પર મલ્ટી-લેવલ પાર્કિંગ માટે પ્રતિભા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથેના કન્સેશન કરારને રિવાઇવ કરવા માટે બંધાયેલું નથી. એ જ સાથે એનસીએલએટીએ ગુરગામમાં રાહેજા શિલાસ પ્રોજેક્ટ સામે ઇન્સોલવન્સી પ્રોસેસ ચાલુ રાખવાની પણ જાહેરાત કરી છે.

# દેશની ટોચની છ કંપનીઓના માર્કેટ કેપમાં ₹ ૬૪,૭૩૪નું ધોવાણ

મુંબઇઃ શેરબજારને અખાતી યુદ્ધ ઘમરોળી રહ્યું છે ત્યારથી રોકાણકારોને ભારે નુકસાન થઇ રહ્યું છે. ગયા અઠવાડિયે નબળા બજાર સેન્ટિમેન્ટ વચ્ચે ભારતની ટોચની ૧૦ કંપનીઓમાંથી છ કંપનીઓના બજાર મૂલ્યમાં ૬૪,૭૩૪ કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો. ભારતી એરટેલમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, ટીસીએસ, ઇન્ફોસિસ અને રિલાયન્સે ફાયદો મેળવ્યો હતો.

ગ્લોબલ ટેન્શન, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને વિદેશી ફંડોના એકધારા આઉટફ્લોને કારણે બજારો અસ્થિર અને દબાણ હેઠળ રહ્યા હોવાથી ભારતની ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી છ કંપનીઓના સંયુક્ત બજાર મૂલ્યમાં ગયા અઠવાડિયે ૬૪,૭૩૪ કરોડ રૂપિયાનો તીવ્ર ઘટાડો થયો હતો.

આ ઘટાડો રજાઓને કારણે મત્ર ત્રણ સત્રના બનેલા ટૂંકા ગાળાના ટ્રેડિંગ સપ્તાહ દરમિયાન નોંધાવામાં આવ્યો હતો, જે શેરબજારમાં એકંદર નબળાઈને પ્રતિબિંબિત કરે છે. બેન્ચમાર્ક સૂચકાંકો પણ ઘટ્યા હતા. સેન્સેક્સ ૨૬૩.૬૭ પોઈન્ટ (૦.૩૫%) ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૦૬.૫ પોઈન્ટ (૦.૪૬ ટકા) ઘટ્યો હતો. નુકસાનકર્તાઓમાં, ભારતી એરટેલના બજાર મૂલ્યમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. તેનું માર્કેટ કેપ લગભગ ૨૯,૯૯૩ કરોડ રૂપિયા ઘટી ગયું હતું, જેનાથી તેનું કુલ મૂલ્ય લગભગ ૧૦.૨ લાખ કરોડ રૂપિયા થયું હતું. અન્ય મોટી કંપનીઓને પણ નુકસાન થયું હતું, જેમાં આઇસીઆઇસીઆઇ બેંકને લગભગ રૂપિયા ૧૨,૮૪૫ કરોડનું નુકસાન થયું હતું.

એ જ રીતે, બજાજ ફાઇનાન્સના માર્કેટ કેપમા માં રૂ. ૧૧,૧૬૯ કરોડનો ઘટાડો થયો, એચડીએફસી બેંકના શેરમાં રૂ. ૭,૮૨૨ કરોડનો ઘટાડો થયો, હિન્દુસ્તાન યુનિલિવરના શેરમાં રૂ. ૨,૩૪૯ કરોડનો ઘટાડો અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૫૫૩ કરોડનો નજીવો ઘટાડો થયો હતો. અફડાફડી અને અસ્થિરતા વચ્ચે પાછલા સપ્તાહમાં કેટલીક કંપનીઓના શેરમાં નફો પણ જોવા મળ્યો હતો. શેરબજારના એકંદર ઘટાડા છતાં, કેટલીક કંપનીઓના શેરમાં વધારો થયો, જેમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના શેરમાં રૂ. ૨૨,૩૫૯ કરોડનો ઉમેરો થયો, જ્યારે ઇન્ફોસિસના શેરમાં રૂ. ૧૨,૩૭૪ કરોડનો વધારો થયો. લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં પણ રૂ. ૬,૫૭૫ કરોડનો વધારો થયો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે તેના શેરમાં રૂ. ૩,૫૧૮ કરોડનો વધારો કર્યો અને ભારતની સૌથી મૂલ્યવાન કંપની રહી.

નિષ્ણાતો કહે છે કે બજાર અનેક કારણોસર દબાણ હેઠળ રહ્યું છે. વૈશ્વિક અને સ્થાનિક અનિશ્ચિતતાઓને કારણે સતત છઠ્ઠા અઠવાડિયામાં બજારોમાં ઘટાડો થયો છે.મુખ્ય કારણોમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધતો તણાવ, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો, વિદેશી રોકાણકારોની સતત વેચવાલી, ભારતીય રૂપિયામાં નબળાઈ અને ફુગાવા અંગે ચિંતાનો સમાવેશ છે. જોકે તણાવ ઓછો થવા અને ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈને કારણે સપ્તાહના મધ્યભાગમાં થોડી રિકવરી જોવા મળી હતી, પરંતુ અસ્થિરતા ઊંચી રહી હતી.

ટોચની કંપનીઓનું રેન્કિંગ જોઇએ તો, સપ્તાહના અંતે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે સૌથી મૂલ્યવાન કંપની તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું, ત્યારબાદ એચડીએફસી બેંક અને ભારતી એરટેલનો ક્રમ આવે છે.

# દહિસર-મીરા ભાયંદર મેટ્રો લાઇનના ઉદ્‌ઘાટન પર ફરી ગ્રહણ

## હવે આજે નહીં આવતીકાલે થશે ઉદ્‌ઘાટન

ભાયંદર : દહિસર-મીરા ભાયંદર મેટ્રો લાઇનનું ઉદઘાટન સતત બીજી વખત મુલતવી રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમ હવે છ એપ્રિલના બદલે સાતમી એપ્રિલે સવારે ૧૧ વાગ્યે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દહિસરથી કાશીગાંવ સુધીની દહિસર-મીરા ભાયંદર મેટ્રો લાઇન-૯નો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. તેથી, એમએમઆરડીએએ શરૂઆતમાં રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા આ મેટ્રોનું ઉદઘાટન ત્રણ એપ્રિલના રોજ કરવાનું નક્કી કર્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને સુનેત્રા પવાર પણ હાજર રહેવાના હતા. તે મુજબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને શહેરમાં બિલબોર્ડ પણ લગાવવામાં આવ્યા હતા. એટલું જ નહીં પરંતુ ભાજપ-શિવસેના પક્ષો વચ્ચે, જે એકસાથે સત્તામાં છે, મેટ્રોના ઉદઘાટનનો શ્રેય લેવાને લઈને વિવાદ પણ થયો હતો.

દરમિયાન બધી તૈયારીઓ અંતિમ તબક્કામાં હતી, ત્યારે ઉદઘાટનની તારીખ ત્રણ એપ્રિલથી બદલીને છઠ્ઠી એપ્રિલ કરવામાં આવી હતી. જોકે હવે,

(જુઓ પાનું ૪) ▸▸



**નયનરમ્ય...:**
મુંબઈના બાન્દ્રા ખાતેના બીચ પરથી સામે બાન્દ્રા-વરલી લિંકની પાછળ થતા સૂર્યાસ્તની ક્ષણે નયનરમ્ય દૃશ્ય સર્જ્યું હતું. (પીટીઆઈ)

## ઑનલાઈન કટ્ટરવાદી મોડ્યુલ પકડાયું

# ટૉય કારથી દિલ્હીમાં બ્લાસ્ટનું કાવતરું?

થાણેઃ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી મુંબઈ-થાણેમાંથી બે શકમંદની ધરપકડ કરી હતી. યુવાનોને ઑનલાઈન કટ્ટરવાદી બનાવતા મોડ્યુલનો પર્દાફાશ કર્યાનો દાવો પોલીસે કર્યો હતો. આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આરોપીઓનું ટૉય કારની મદદથી દિલ્હીમાં બ્લાસ્ટ કરવાનું કાવતરું હતું, એવા અહેવાલ વહેતા થયા હતા.

મળેલી માહિતીને આધારે દિલ્હી પોલીસ મુંબઈ આવી હતી. એટીએસની મદદથી થાણેના ખડવલી અને મધ્ય મુંબઈના કુર્લા પરિસરમાં રેઇડ કરી બે શકમંદને તાબામાં લીધા હતા. તાબામાં લેવાયેલા શકમંદોમાં કામરાન ઉર્ફે સોનુ અને બડા ઈમરાનનો સમાવેશ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એક અધિકારીના જણાવ્યા મુજબ બે દિવસ અગાઉ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તાબામાં લેવાયેલા બન્નેને દિલ્હી લઈ જવાયા હતા. બન્ને શકમંદ ઓડિસાથી ઑપરેટ કરાતા મોડ્યુલનો ભાગ હતો.

દિલ્હી પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરાનો ગુનો નોંધ્યો હતો. હેન્ડલર્સ પણ તપાસ એજન્સીના રડાર પર હોવાથી એ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. યુવાનોને ઑનલાઈન

(જુઓ પાનું ૪) ▸▸

# ઉનાળામાં પાણીની અછતને પહોંચી વળવા પાલિકાનો એક્શન પ્લાન

## મુંબઈના તમામ કૂવા અને બોરવેલની માહિતી ભેગી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભવિષ્યમાં પાણીની અછત સર્જાય નહીં તે માટે અત્યારથી તકેદારીના પગલારૂપે મુંબઈના તમામ સાર્વજનિક, સરકારી તેમ જ ખાનગી કૂવા અને બોરવેલની માહિતી ભેગી કરીને તેની હાલની સ્થિતિ જાણવાની કવાયત મુંબઈ મહાનગરપાલિકા હાથ ધરવાની છે.

મુંબઈમાં ૨૦૦૯માં ઓછા વરસાદને કારણે પાણીની કારમી અછત સર્જાઈ હતી. એટલે સુધી કે પાણીની માગને પહોંચી વળવા માટે પાલિકા દ્વારા સાર્વજનિક સ્તરે ઉપયોગમાં લેવામાં આવતા કૂવાનું સમારકામ કરીને નાગરિકોને પાણી ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા હતા. તે પ્રમાણે જ હાલની પરિસ્થિતિમાં તમામ કૂવાની કાર્યક્ષમતા તપાસીને જે કૂવાને તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય છે તેને પ્રાધાન્ય આપીને શરૂ કરવા માટે આવશ્યક ઉપાયયોજના અમલમાં મૂકવાનો નિર્દેશ મુંબઈના મેયર રીતુ તાવડેએ આપ્યો છે.

મુંબઈની વધતી વસતી સામે પ્રતિદિન ૩૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. ભવિષ્યમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે લાંબા ગાળાની

(જુઓ પાનું ૪) ▸▸

### રેન વોટર હાર્વેસ્ટિંગ પર ધ્યાન આપવાની સૂચના

મુંબઈની વધતી લોકસંખ્યાને કારણે પાણીની માગણી સતત વધી રહી છે. હવામાનમાં થઈ રહેલા ફેરફારને પગલે ચોમાસાની ઋતુને પણ અસર થઈ હોઈ અનિશ્ચિત વરસાદની પરિસ્થતિમાં પાણીના પરંપરાંગત સ્રોત પર ધ્યાન આપવાની સૂચના મેયરે આપી હતી, જેમાં હાઉસિંગ સોસાયટીઓએ તેમના પરિસરમાં રહેલા કૂવા તથા બોરવેલની નિયમિત જાળવણી અને સફાઈ અને સમારકામ પર ધ્યાન આપીને તેના વોટર ફિલ્ટરેશન મશીન બેસાડીને તેના પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. એ સાથે જ ભવિષ્યમાં પાણીની અછતને ધ્યાનમાં રાખીને મુંબઈની દરેક હાઉસિંગ સોસાયટીને રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમને અમલમાં મૂકીને અપીલ પણ મેયરે કરી હતી.

# મુંબઈ-પુણે મુસાફરી હવે સડસડાટઃ એક્સપ્રેસ-વે ૧૦ લેનનો બનશે

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) દ્વારા મુંબઈ અને પુણે વચ્ચેની મુસાફરીને ઝડપી અને વધુ આરામદાયક બનાવવા માટે અનેક યોજનાઓ ચાલી રહી છે. આ શૃંખલામાં હવે એક્સપ્રેસ-વે પર વાહનોની વધતી સંખ્યા અને ચાલુ ટ્રાફિક જામને પહોંચી વળવા માટે, લેનની પહોળાઈ ૧૦ લેન સુધી વધારવાનો મહત્ત્વાકાંક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પર વાસ્તવિક કામ આગામી ચોમાસા પછી શરૂ થશે, એમ એમએસઆરડીસીના મેનેજિંગ ડિરેક્ટર અનિલ ગાયકવાડે માહિતી આપી.

આ પ્રોજેક્ટ ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. ૧૦ લેનનો આ રસ્તો મુંબઈ અને પુણે વચ્ચેના મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે. તે વારંવાર થતા ટ્રાફિક જામને ઘટાડવામાં પણ મદદ કરશે. નોંધનીય છે કે, રસ્તાનું કામ ચાલી રહ્યું હોય ત્યારે ટ્રાફિકમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે તબક્કાવાર કામનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશાળ પ્રોજેક્ટ માટે જરૂરી ભંડોળ નાણાકીય

(જુઓ પાનું ૪) ▸▸

## બારામતી પેટાચૂંટણી

# કૉંગ્રેસે આપી આકાશ મોરેને ટિકિટઃ ઓબીસી નેતા પણ મેદાનમાં

પુણેઃ રાજ્યનું ધ્યાન કેન્દ્રિત કરતા બારામતી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણીમાં હવે એક મોટી ઘટના બની છે. નાયબ મુખ્ય પ્રધાન સ્વ. અજિત પવારના અવસાન પછી યોજાઈ રહેલી આ ચૂંટણીને બિનહરીફ બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. એનસીપી (એસપી) જૂથે એવી જાહેરાત કરી છે કે તેઓ ઉમેદવાર આપશે નહીં. કૉંગ્રેસે સુનેત્રા પવાર સામે એડ. આકાશ મોરેને ઉમેદવારી આપી છે.

બીજી તરફ હવે ઓબીસી આંદોલનકારી લક્ષ્મણ હાકેએ આ ચૂંટણી માટે મેદાનમાં ઉતરવાની સત્તાવાર જાહેરાત કરી છે. 'હું બારામતી ચૂંટણી લડીશ અને સોમવારે મારી ઉમેદવારી નોંધાવીશ,' એમ હાકેએ પવારના ગઢને સીધો પડકાર ફેંકતા કહ્યું છે.

લક્ષ્મણ હાકેએ પોતાની ઉમેદવારીની જાહેરાત કરતી વખતે ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું છે. 'હું હાલમાં કોઈ રાજકીય પક્ષનો સભ્ય નથી અને કોઈપણ પક્ષના પ્રતીક પર ચૂંટણી લડીશ નહીં. હું આ ચૂંટણી ફક્ત મારા ઓબીસી ભાઈઓ

(જુઓ પાનું ૪) ▸▸

### ઠાકરે પછી સપકાળ-જાનકરને ફોન કર્યો

બારામતીઃ રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સ્વર્ગસ્થ અજિત પવારના અવસાનને કારણે ખાલી પડેલા બારામતી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી બિનવિરોધ કરાવવા માટે સુનેત્રા પવારે પહેલ કરી છે. શનિવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેનો સંપર્ક કર્યા બાદ, સુનેત્રા પવારે રવિવારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ અને રાષ્ટ્રીય સમાજ પાર્ટીના નેતા મહાદેવ જાનકર સાથે ફોન પર વિગતવાર ચર્ચા કરી હતી. જોકે, કોંગ્રેસ દ્વારા લેવામાં આવેલા આક્રમક વલણને કારણે, બારામતીની ચૂંટણી બિનહરીફ થવાના માર્ગમાં મોટા અવરોધો ઉભા થયા છે. હાઈકમાન્ડના આદેશ પછી, કોંગ્રેસે થોડા દિવસો પહેલા બારામતીની પેટાચૂંટણી માટે

(જુઓ પાનું ૪) ▸▸

# નરેન્દ્ર મોદીના બોગસ હસ્તાક્ષર સાથેનો શુભેચ્છા પત્ર બનાવી મહિલા પાસે ચાર લાખ રૂપિયા માગ્યા

## ક્રાઈમ બ્રાન્ચે છટકું ગોઠવીને બે જણને રૂપિયા સ્વીકારતાં પકડી પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બોગસ હસ્તાક્ષર સાથેનો શુભેચ્છા પત્ર તૈયાર કરીને મહિલાને મોકલવા અને તેની પાસેથી ચાર લાખ રૂપિયાની માગણી કરવા પ્રકરણે ક્રાઇમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ બે જણની ધરપકડ કરી હતી. પોલીસ ટીમે વરલી વિસ્તારમાં છટકું ગોઠવી બંનેને રૂપિયા સ્વીકારતાં પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી બે મોબાઇલ જપ્ત કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ખંડણી વિરોધી શાખાએ શનિવારે ધરપકડ કરેલા બંને જણની ઓળખ ગોરેગામમાં રહેતા તૌસિફ હુસૈન ઇસ્માઇલ પટેલ (૪૪) અને સિદ્ધિનાથ દિનાનાથ પાંડે (૪૩) તરીકે થઇ હતી. બંનેને કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસની ફરિયાદી મહિલા એનજીઓ ચલાવી છે, જે ગરીબ બાળકોને શૈક્ષણિક તથા વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમને મદદ કરે છે. ૨૦૨૨માં તેમની મુલાકાત તૌસિફ સહિત બે જણ સાથે થઇ હતી, જેમણે પોતે પત્રકાર હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ તેઓ વ્હૉટ્સઍપ પર ફરિયાદી સાથે સંપર્કમાં રહ્યા હતા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ તૌસિફે ફરિયાદીને પૂછ્યું હતું કે તેમને વડા પ્રધાનનો શુભેચ્છા પત્ર જોઇએ છે? આ માટે ચાર લાખ રૂપિયા ચાર્જ આપવો પડશે, એવો મેસેજ પણ તેણ ફરિયાદીને વ્હૉટ્સઍપ પર પાઠવ્યો હતો.

૨૮ માર્ચે ફરિયાદીને વડા પ્રધાનનો પત્ર

(જુઓ પાનું ૪) ▸▸

# આખરે એલ્ફિન્સ્ટન પુલ સંપૂર્ણ રીતે તોડી પડાયો, પણ પ્રવાસીઓના હાલહવાલ

મુંબઈ : મુંબઈના રેલ્વે ઇતિહાસનો મહત્વનો અને જૂનો સાક્ષી પ્રભાદેવી સ્ટેશન નજીકનો ૧૧૩ વર્ષ જૂનો એલ્ફિન્સ્ટન બ્રિજ આખરે કાયમ માટે ઇતિહાસ બની ગયો છે. ચોથી એપ્રિલની મધ્યરાત્રિએ મધ્ય રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ મેગા બ્લોક દરમિયાન આ બ્રિજના ભારે લોખંડના ગર્ડર્સ દૂર કરવામાં આવ્યા હતા. જોકે કાર્ય ટેકિનકલી સફળ રહ્યું હતું, પરંતુ મુંબઈગરાઓ રવિવારે સવારે મુસાફરીમાં મોટી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. એલ્ફિન્સ્ટન બ્રિજ તોડી પાડવાને કારણે રેલ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. આના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મધ્ય રેલવેએ શનિવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી દાદર અને સીએસએમટી વચ્ચે ખાસ ટ્રાફિક અને પાવર બ્લોક જાહેર કર્યો હતો. આ મુશ્કેલ કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ થતાં જ હાજર રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ ફટાકડા ફોડી ઉજવણી કરી.

રેલવેએ કામ સમયસર પૂર્ણ થયું હોવાનો દાવો કર્યો હોવા છતાં વાસ્તવમાં

(જુઓ પાનું ૪) ▸▸

# અશોક ખરાત કેસમાં થયેલા વ્યવહારોની તપાસ ઈડી કરશેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાશિકમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર અશોક ખરાત કેસ રાજ્યભરમાં જાણીતો બન્યો છે. પોલીસે આ છેતરપિંડી કરનાર અશોક ખરાતની બળાત્કારના આરોપસર ધરપકડ કરી છે. હાલમાં, છેતરપિંડી કરનાર ખરાત કસ્ટડીમાં છે અને એસઆઈટી દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે. આ કેસમાં દરરોજ ચોંકાવનારા ખુલાસા બહાર આવી રહ્યા છે. રવિવારે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ જ અશોક ખરાત કેસ અંગે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▸▸

# ૭૧ લાખ લાડકી બહિણના લાભાર્થીઓ ગેરલાયકઃ સેના (યુબીટી)

પુણેઃ શિવસેના (યુબીટી)ના નેતા સુષ્મા અંધારેએ રવિવારે એવો દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર સરકારની મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજનામાંથી ૭૧ લાખ મહિલાઓને ગેરલાયક ઠેરવવામાં આવી છે, જેના હેઠળ લાભાર્થીઓને માસિક ૧,૫૦૦ રૂપિયા સહાય મળે છે.

શનિવારે એક પત્રકાર પરિષદને સંબોધતા, અંધારેએ કહ્યું કે મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ પહેલા સમજાવવું જોઈએ કે ૭૧ લાખ મહિલાઓને શા માટે ગેરલાયક ઠેરવવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે ૨૦૨૪ના અંતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આ યોજના શરૂ થઈ ત્યારથી આ ૭૧ લાખ મહિલાઓને ૨૫૫.૬૦ કરોડ રૂપિયાની કુલ રકમ ચૂકવવામાં આવી હતી અને પૂછ્યું કે રાજ્યના તિજોરીને થયેલા નુકસાનની ભરપાઈ કોણ કરશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અદિતિ તટકરેએ

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



જીવનમાં શુભભાવનાથી સફળતા મળ્યા વિના રહેશે નહીં. - ધીરગુરુદેવ

ઍમ્બીવેલી સિટીમાં પૂ. શ્રી ધીરગુરુદેવનો નગર પ્રવેશ




૧. માલિનીબેન કિશોરભાઈ સંઘવી પરિવારનું અભિવાદન અમીશા વોરાના હસ્તે



૨. માઉન્ટ બ્લિસ બંગલામાં અંજુમભાઈ બિલખીયાનું અભિવાદન અમીશા વોરા, ઉમેશ સંઘવી



૩. મીના ભરત સંઘવીનું ઝોંસા ૪. પરલી, વિનસ, વેરોની, બૃનેલ, અમીશા, ભાવના, સોનલ વ.




ઈન્દોરમાં ૧૦ કરોડ, રાજકોટમાં ૫ કરોડ, યવતમાલમાં ૬ કરોડના ખર્ચે ઉપાશ્રય નિર્માણ

ચાતુર્માસ પ્રવેશ : 21 JUNE, 2026, SUNDAY, AAMBY VALLEY


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**